Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૪૧ ફાગણુ–ચૈત્ર

## શ્રી મહાવીર જન્મકલ્યાણક વિશેષાંક



### વીર વાણી

દુઃખમાત્રનું મૂળ કારણુ હિંસા છે, વૈર વિરોધને જન્મ આપનારી હિંસા છે અને બધી જાતના પાપોમાં પણુ હિંસા મુખ્ય છે માટે મન, વચન અને કાયાથી હિંસા પાપનો ત્યાગ કરવો એ જ માનવતા છે, દૈવી સંપત્તિ છે, અનાસક્ત યોગ છે અને સમ્યક્ત્વની આરાધના છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૨ ] માર્ચ-એપ્રિલ : ૧૯૭૫ [ અંક : ૫–૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ...નુ...ક્ર...મ...ણિ...કા


| ક્રમ | લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧. | ભૂલી જવું | .... | અનંતરાય જાદવજી | ૬૫ |
| ૨. | નવકાર મહિમા–અષ્ટક | .... | મુનિ પ્રદ્યુમ્નવિજય | ૬૬ |
| ૩. | શ્રી વીર જન્મ કલ્યાણક | .... | દેસાઈ જગજીવનદાસ જે. જૈન | ૬૭ |
| ૪. | ધન્ય ધન્ના અણગાર | .... | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૬૯ |
| ૫. | ભગવાન મહાવીરનો માંગલિક વારસો | .... | હિન્દીમાં પંડિત સુખલાલજી<br>ગુજરાતી કા. જ. દોશી | ૭૧ |
| ૬. | વીર વિભુની જીવન ઝરમર | .... | પૂ. ૐકારશ્રીજી | ૭૬ |
| ૭. | ભગવાન મહાવીરની જીવનયાત્રા | .... | અમરચંદ માવજી શાહ | ૮૦ |
| ૮. | બ્રાહ્મણ અને શ્રમણ | .... | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૮૧ |
| ૯. | ઝેર કે અમૃત | .... | ઝવેરભાઈ બી શેઠ | ૮૫ |
| ૧૦. | નિર્વાણ મહોત્સવ | .... | ભાનુમતિ દલાલ | ૮૭ |
| ૧૧. | ભગવાન મહાવીર અને નારી પ્રતિષ્ઠા | .... | ખીમચંદભાઈ ચાંપશી શાહ | ૮૯ |
| ૧૨. | માનવ મનની ભીતરમાં | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૯૩ |
| ૧૩. | ભગવાન મહાવીરની અપૂર્વ સાધના | .... | દલસુખભાઈ માલવણિયા | ૯૭ |
| ૧૪. | ભક્તવત્સલ ભગવાન | .... | હેમચન્દ્રવિજયજી ગણિ | ૯૯ |
| ૧૫. | ભગવતીસૂત્રસાર સંગ્રહ | .... | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૦૩ |
| ૧૬. | ભગવાન મહાવીરનો સંદેશ | .... | ભોગીલાલ જ. સાંડેસરા | ૧૦૭ |
| ૧૭. | શ્રીયુત ખીમચંદભાઈ ચાંપશી શાહનો<br>નિવૃત્તિ સન્માન સમારંભ | .... | — | ૧૧૦ |
| ૧૮. | ચિંતન કણિકા | .... | કિશોરલાલ ઘ. મશરૂવાળા | ૧૧૨ |


## આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી ગુલાબચંદભાઈ ફુલચંદ–મુંબઈ

## પરમ પૂજ્ય આત્મારામજી મ. ની જન્મ જયંતિ

પરમ પૂજ્ય ગુરુદેવ આત્મારામજી (આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજનો ૧૩૯ મો જન્મદિન આ સભા તરફથી સંવત ૨૦૩૧ના ચૈત્ર શુદી ૧ શનિવાર તા. ૧૨–૪–૭૫ના રોજ રાંધનપુર નિવાસી શેઠશ્રી સક્કરચંદભાઈ મોતીલાલભાઈના સહકારથી સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી શત્રુંજય ઉપર આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજની પ્રતિમા બિરાજમાન છે ત્યાં નવાણું પ્રકારી પૂજા ભણાવી અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવનગરથી સારી સંખ્યામાં સભાસદો આવ્યા હતા. આ સભાસદોનું બપોરના સ્વામીવાત્સલ્ય યોજવામાં આવ્યું હતું અને સાધુ–સાધ્વીજી મહારાજની ભક્તિનો પણ સારામાં સારો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# અ. સૌ. શ્રી અજવાળીબેન બેચરદાસ પંડિત

### જીવનની ટૂંકી રૂપરેખા



જીવનમાં આવી પડેલી અનેક મુશ્કેલીઓ અને કસોટીના પ્રસંગોએ, જરાપણ નિરાશ કે હતાશ થયા સિવાય એક વીરાંગનાની માફક શ્રી અજવાળીબેન જીવન સંગ્રામ સામે કેવા ઝઝૂમ્યા, એ વાત તેમના જીવનમાંથી ખાસ શીખવા જેવી છે. બહાદૂરી, નીડરતા, સચ્ચાઈ અને સ્વસ્થતાના ગુણોનો વારસો તો શ્રી અજવાળીબેનને તેની માતા પાસેથી ગળથૂથીમાં જ મળ્યો હતો.

એમના સ્વ. માતાનું નામ શિવાજી છત્રપતિના માતાની માફક જીજીબાઈ હતું અને આ બંને જીજીબાઈઓ વચ્ચે અસાધારણ સમાનપણું હતું. કાઠિયાવાડમાં ગાયકવાડ સરકારની હકુમત નીચેના પ્રદેશના સુબા સ્વ. હંસરાજ માવજી મહેતાના લઘુ બંધુ શ્રી વચ્છરાજ માવજીના તેઓ પુત્રી થાય. તેમના લગ્ન વરલનિવાસી દોશી ઝવેરચંદ ખીમચંદની સાથે થયા હતા. પાછળથી શ્રી ઝવેરચંદ દોશીનું કુટુંબ અમરેલી આવીને વસ્યુ અને ત્યાં જ વ્યવસાય શરૂ કર્યો. જીજીબેન તેના માતાપિતાની સૌથી મોટી પુત્રી. તેમને ત્રણ ભાઈઓ અને બે બહેનો હતા. જીજીબેનને ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ હતા. યુવાન ઉંમરે તેઓ વિધવા થયા અને સંતાનોની માતા તેમજ પિતા પણ બન્યા. જીજીબેનની હૈયાતિમાં જ તેમના ત્રણ પુત્રો અને એક પુત્રીનું અવસાન થયું. આ રીતે આજે જીજીબેનની બે પુત્રીઓ હૈયાત છે, તે પૈકી નાની પુત્રી તે અજવાળીબેન.

શ્રી અજવાળીબેનનો જન્મ વિ. સં. ૧૯૬૦ના ચૈત્ર શુ. ૧૧ના દિવસે અમરેલીમાં થયો હતો. માત્ર છ વર્ષની વયે જ તેમના પિતાશ્રીનું અવસાન થયું અને તેના ઉછેરનો તમામ બોજો તેમની માતાએ ઉપાડી લીધો. જીજીબેન સ્વાવલંબી અને ભારે સહિષ્ણુ હતા. **પુણ્યવન્તો હિ દુઃખભાજો મવન્તિ** આવી ઉચ્ચ તેમની સમજણ હતી. દુઃખમાં ગભરાઈ જવાને બદલે દુઃખમાંથી માર્ગ કાઢતાં તેમને સરસ રીતે આવડતું. બે દિયેર અને ત્રણ ભાઈઓ હોવા છતાં કોઈના પર ભારરૂપ બન્યા સિવાય તેઓ સ્વાવલંબી જીવન જીવ્યા. તેમના મોટા પુત્ર શ્રી જેચંદભાઈ જેના લગ્નની તૈયારી થઈ રહી હતી, તે અકાળે ઈ. સ, ૧૯૧૯માં યુવાન વયે મૃત્યુ પામ્યા. બીજા પુત્ર ભા. પ્રેમચંદનું પણ યુવાન વયે જ દુઃખદ મૃત્યુ થયું, જર્મન કવિ ગેટેએ કહ્યું છે કે "સુખ એ પ્રભુએ અજ્ઞાનીઓને આપેલી બક્ષીસ છે, જ્યારે દુઃખ એ જ્ઞાનીઓનો વારસો છે." જીજીબેન આ સૂત્ર અનુસાર દુઃખમાં પણ ઉત્તમ રીતે જીવી ગયા. લોખંડની છાતી કરી અસહ્ય દુઃખો સમતાભાવે સહી લીધા. અજવાળીબેને એ યુગમાં પણ છ ગુજરાતી ધોરણ અને ત્રણ અંગ્રેજી ધોરણનો અભ્યાસ કર્યો હતો. તેમના પૂ. હરિમામીએ (જેઓ આજ પણ હયાત છે) સૌથી પ્રથમ બહેનોનાં ધાર્મિક અભ્યાસ અર્થે અમરેલીમાં પાઠશાળા શરૂ કરી. અજવાળીબેન તેના માનીતી શિષ્યા બની પંચ પ્રતિક્રમણ, જીવવિચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિ.નો અભ્યાસ કર્યો. શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની પરીક્ષા ઉચ્ચ કક્ષાએ પાસ કરી. ભરત, ગૂંથણ, શીવણ, કટીંગ વિ. કામ પણ શીખી લીધું, જે પંડિતજીના જેલનિવાસ વખતે આર્થિકદષ્ટિએ પણ બહુ ઉપયોગી થઈ પડ્યું.

શ્રી બેચરદાસ પંડિતે એ અરસામાં સ્વ. મોતીચંદભાઇ કાપડિઆના પ્રમુખપદે ‘જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ’ એ વિષય પર ભાષણ આપ્યું અને જૈન સમાજમાં ભારે કોલાહલ મચી ગયો. જ્ઞાતિ અને સંઘના મોવડીઓની તે વખતે સમાજમાં પોપશાહી ચાલતી. પંડિતજીને સંઘ બહાર મૂકવા માટે નોબતો વાગવા માંડી. અજવાળીબેનના કાકા અને મામા ભડકયા. જીજીબેન પાસે જઈ અજવાળીબેનનું વેશવાળ ફોક કરવા ભલામણ કરી આવ્યા. અજવાળીબેને છૂપી રીતે આ વાત સાંભળી લીધી, અને પછી જીજીબાને કહ્યું: ‘હું તો જેની સાથે મારૂં વેવિશાળ થયું છે તેનેજ પરણવાની છું, નહિંતો અમરેલીમાં કૂવા તો ઘણા છે.’ જીજીબેનને ધર્મસંકટ થયું. વર્તમાનકાળે પુરુષ સમોવડી થવા પ્રયત્નો કરતી સ્ત્રીઓ કરતાં, એ યુગની સ્ત્રીઓમાં પુરુષની સરખામણીમાં વધુ સમજણ હતી. તેણે અજવાળીબેન પાસે લગ્નનું કામ ઝડપથી આટોપી લેવા પંડિતજી પર પત્ર લખાવ્યો અને લગ્ન થઈ પણ ગયા. લગ્ન વખતે વરઘોડામાં ઘોડે ન બેસતાં પંડિતજીએ પાદવિહારજ કર્યો. બીજે દિવસેજ લગ્ન કરી, જવાની તૈયારી કરી, કારણકે અજવાળીબેનના મોટા ભાઈ અને મોટા બેન એજ અરસામાં ગુજરી ગયા હતા. જ્ઞાતિ બંધુઓ અને શહેરીજનોની સમજાવટ પછીજ લગ્ન નિમિત્તે તેઓ ત્રણ દિવસ રહ્યા.

પૂ ગાંધીજીની અસહકારની લડત વખતે પંડિતજી ‘નવજીવન’ના તંત્રી બન્યા અને સરકારનો ઉગ્ર કોપ જાગી ઊઠ્યો. જેલમાં જવા માટે અજવાળીબેનની સંમતિ તો મળી ચૂકીજ હતી. દેશની સેવા અર્થે નાના નાના ચાર બાળકોની તમામ જવાબદારી માથા પર લઈ, હસ્તે મુખડે પતિને જેલમાં જવાની રજા આપનાર અજવાળીબેન જેવી બહુ થોડી બહેનો હશે. પંડિતજીને જેલમાં લઇ ગયા અને ઘરમાં જપ્તી આવતાં રસોઇના ઠામ વાસણ સુદ્ધાં સરકારે જપ્ત કર્યા. અજવાળીબેન માટે તો ઉપર આભ અને નીચે ધરતી જેવું થઈ ગયું. પણ મક્કમ મનોબળ કરી તમામ પરિસ્થિતિનો બહાદુરીપૂર્વક સામનો કર્યો અને દુ:ખના દિવસો પસાર થઈ જઈ આજે તો બધા સારા વાના થઈ ગયા.

પોતાની માતાની માફક અજવાળીબેને પોતાના ચારેય સંતાનોને ઉચ્ચશિક્ષણ આપ્યું. મોટા પુત્ર શ્રી. પ્રબોધ પંડિત એમ. એ. દિલ્હી યુનિવર્સિટીમાં ભાષા વિભાગના મુખ્ય અધ્યાપક અને ડીપાર્ટમેન્ટના મુખ્ય અધિકારી છે. નાના પુત્ર શિરીષભાઈ મિકેનીકલ એન્જીનિયર છે. મોટી પુત્રી લલિતાબેન એમ. એ. સિદ્ધપુર કન્યાશાળામાં આચાર્ય છે. નાની પુત્રી લાવણ્યબેનના પતિ શ્રી. ચીમનલાલ નાનાલાલ શાહ બી. એ. એલ. એલ. બી. મુંબઈની એલફિન્સ્ટન મીલના મેનેજર છે. પંડિતજીના જેલ નિવાસ દરમિયાન અજવાળીબેન તથા તેમના સ્વ. સાસુને ભારતના દેશનેતાઓ પૂ. ગાંધીજી, પૂ. કસ્તૂરબા, શ્રી કિશોરીલાલભાઈ અને ગોમતીબેન, શ્રી. નરહરિ પરીખ અને અન્ય નેતાઓનો પરિચય થયો અને દુ:ખના દિવસોમાં સારો સધિયારો પણ મળ્યો.

પંડિત શ્રી. બેચરદાસભાઇએ પોતાનું સમગ્ર જીવન શાસ્ત્રોના અભ્યાસ અને સંશોધન પાછળ ગાળ્યું છે. ઘર અને કુટુંબ વ્યવહારનો તમામ બોજો અજવાળીબેને પોતાના શિરે લઇ લીધો, એટલેજ પંડિતજી માટે આ બધું શકય બન્યું. તેથી પંડિતજીને મળેલી સિદ્ધિનો અર્ધો અર્ધ હિસ્સો તો અજવાળીબેનના જ ફાળે જાય છે. અંતમાં અમે પૂ. અજવાળીબેન અને પૂ. પંડિતજીને દીર્ઘ અને તન્દુરસ્ત આયુષ્ય ઇચ્છી વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ ફાગણ-ચૈત્ર .·. ઈ. સ. ૧૯૭૫ માર્ચ-એપ્રિલ [ અંક : ૫-૬

# —: ભૂલી જવું :—

— 卐 —

દુનિયા મહીં વાતો ઘણી, ભૂલી જવી મુશ્કેલ છે.
લાગ્યો હૃદયમાં ડંખ તે, વીસરી જવો મુશ્કેલ છે.
ભૂલી જવો મુશ્કેલ છે અન્યના અપકારને.
ભૂલી જવું મુશ્કેલ છે આપણા અપમાનને.
ભૂલી જવા મુશ્કેલ છે વચન કડવા ઝેરને.
ભૂલી જવા મુશ્કેલ છે વિરોધીઓના વેરને.
ચાહો પરંતુ જો તમે, દુનિયા મહીં શાન્તિ અને.
ચાહો તમારા જીવનમાં, શાન્તિ અને આનંદને,
દુનિયા મહીં તો આ બધું, ભૂલી જવામાં માલ છે.
ભૂલી જતાં, તે, શીખવું એ એક આશીર્વાદ છે.

—અનંતરાય જાદવજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નવકાર મહિમા–અષ્ટક

( વસંતતિલકા છંદ )

જેનો મહાન મહિમા સઘળે ગવાય
પુણ્યોદયે જનભજે સહુ કષ્ટ જાય
શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત પુણ્ય કામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૧

શ્રી શ્વેતવર્ણ અરિહંત સુરક્ત સિદ્ધ
આચાર્ય પીત શુભ વાચક નીલ બદ્ધ
શ્યામાંગ દિવ્ય મુનિજી અતિપુણ્ય નામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૨

સમ્યકત્વ ભાવમય દર્શન જ્ઞાન આપે
ચારિત્ર જ્ઞાન બળથી ભવદુ:ખ કાપે
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિ ધામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૩

ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય
પુણ્યે કૃપામય સુદ્રષ્ટિ કદી પમાય
સર્વોચ્ચ પંચપરમેષ્ઠી તણુજ કામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૪

સંગ્રામ–સાગર–જલે વિપિને મૂંઝાય
આપત્તિ-સિંહ-અહી વ્યાઘ્ર તણી જણાય
ત્યાં દિવ્ય મંત્ર નવકાર અખૂટ કામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૫

દારિદ્રય–રોગ–જનનાં સહુ કષ્ટ ટાળે
સંપત્તિ-પુત્ર--વનિતા–સુખ–માર્ગ–વાળે
એવો મહાન નવકાર સુહર્ષ ધામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૬

શ્રીપાળ રાણી મયણા ધરણેન્દ્ર આદિ
પલ્લીપતિ, અમર, કંબલ શંબલાદિ
પામ્યા બધા રટણથી શુચિ સિદ્ધિ કામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૭

એવો મહાન શુચિ મંત્ર મનુષ્ય પામે
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે
'દેવેન્દ્ર કિંકર' રટે સુખ અષ્ટ યામ
મંત્રાધિરાજ પરમેષ્ઠી પદે પ્રણામ. ૮

પ્રેષક :—મુનિ પ્રદ્યુમ્નવિજય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીર જન્મકલ્યાણક

આનંદ હો, આનંદ હો, આનંદ હો, આજે ક્ષત્રીય કુંડ નગરીની ધરતી સુંગધથી મ્હેકી ઉઠી છે. રાજા સિદ્ધાર્થના રાજમહેલની અટારી પાસે જાણે માનવસાગર ઉછળતો હોય તેવી રીતે લોકવૃંદ આજે ઉછળી રહ્યું છે સંભળાઈ રહ્યા છે. શરણાઇના સુર નોબતના ઘણઘણાટ, મૃંદગના મીઠા સરોદ અને દદુંભીના મધુર રણકાર. દિશાઓ ગાજી ઉઠી છે! અવનિ ડોલી ઉઠી છે!

રાજમહેલની અટારીમાં એક માનવી મરક મરક હસી રહેલ છે એના હાસ્યમાં જાણે દિવ્ય સંગીત ભર્યું છે. એના હાસ્યમાં જાણે સંસારને કોરી ખાતી આધિ, વ્યાધિ અને ઉપાધીના અંતની આગાહી ભરી છે. પુષ્પ વૃષ્ટિથી ધરતી વિધ વિધ રંગે રંગાઈ રહી છે. મંદ મંદ વહેતા સમીરથી પુષ્પો નાચી ઉઠયાં છે. ત્યાં આકાશમાં એક વાદળી હરખભેર દોડતી ધરતી ઉપર પોતાના હર્ષાશ્રુ વરસાવતી ચાલી ગઈ.

રાજ મહેલની અટારીમાં હસી રહેલ કોણ હશે આ માનવી ? કોણ હશે આ માનવી જેના હાસ્યે માનવીના અંતરને ડોલાવ્યા ? આ છે. પુત્ર વર્ધમાનના પીતા સિદ્ધાર્થ ! રાજ મહેલનાં અંદર ભાગમાં સ્ફાટિક જડેલા ચોકની મધ્યમાં રત્ન જડીત સ્વસ્તિકના બરાબર મધ્ય ભાગમાં ધુપ દાનમાંથી સુંગધની સેરો છુટી રહી છે.

નુપૂર ઝંકાર અને તાલીઓના તાલ વચ્ચે છપ્પન કુમારીકાના કંઠમાંથી કોઇ અપૂર્વ અદ્ભુત સંગીત ગુંજી ઉઠયું છે.

ચોસઠ ઈન્દ્રના રત્ન જડીત મુગટની તેજ ધારાથી રાજમહેલ ઝળહળી રહ્યો છે, ત્યાં રાજ મહેલના એક ખંડમાંથી મધુર ગુંજન સંભળાઇ રહ્યાં છે હીરની દોરીથી ઝુલાને કોઈ ઝુલાવી રહ્યું છે.

આ ઝુલતા પારણીયામાં તેજ પીંડ સમુ એક બાળક ઝૂલી રહ્યું છે.

આ પારણીયામાં ઝુલી રહ્યો છે ત્રિલોકનો નાથ !
આ પારણીયામાં ઝુલી રહી છે સંસારની શાંતિ !
આ પારણીયામાં ઝુલી રહ્યો છે વીરોનો વીર !
આ પારણીયામાં ઝુલી રહ્યો છે માનવીનો મંગલ ધર્મ !
કોણ આ ઝુલાને ઝુલાવી રહેલ હશે !
કોણ આ ઝુલાને ઝુલાવનાર માતા હશે !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ છે માતા ત્રિશલા દેવી.

માતા પોતાના નંદને આજે ઝુલાવી રહ્યાં છે !

માતાની દૃષ્ટિમાં દેખાય છે હીરની દોરી

ઝુલતુ પારણીયું અને પારણામાં પોઢેલ તેજ અંબાર સમુ બાળક !

માતાના હર્ષ ઘેલા હૃદયમાંથી મધુર લલકાર શરૂ થાય છે. પારણે ઝુલતા બાળક પાસે હાલરડાં ગાતી માતાને તમે સાંભળી છે કદી ! આ છે માતૃ પ્રેમનું દિવ્ય સંગીત. હાલરડાં ગાતી માતાને સાંભળવા દેવોને પણ આ પૃથ્વી ઉપર આવવું પડે ! આ પારણીયામાં ઝુલનાર બાળક પછી કોટી કોટી માનવ દિલમાં ઝુલશે ! આ પારણીયામાં ઝુલનાર બાળકને કોટી કોટી માનવ પૂજશે ! આ પારણીયામાં ઝુલનાર બાળક અવનિને અહિંસા સત્ય અને પ્રેમના દોરથી ઝુલાવશે !

આવો ! આવો ! આજે જન્મ મહોત્સવ છે માતા ત્રિશલા દેવીનો સપુત, પીતા સિદ્ધાર્થનો કુલ દિપક, ભગવાન મહાવીરનો. ખદબદતી ધરતી ઉપર આજે અમૃતધારા વરસી રહી છે.

## કાવ્ય

વરસો વરસો અમૃત ધારા, વરસો વરસો અમૃત ધારા.

સુત ત્રિશલા પારણીયાં ઝુલે
સિદ્ધાર્થનાં દિલ ફુલે ફુલે —વરસો.

મેરૂ આજે ગગને હસતો
પ્રભુ પધાર્યા ગૌરવ ધરતો —વરસો.

દેવ ઇન્દ્ર મંગલ ગીત ગાવે
પુષ્પ વૃષ્ટિથી ધરતી છવાયે —વરસો.

અવનિનાં અંધાર હરાયા
પ્રેમ શાંતિ જગમાં પ્રસરાયા —વરસો.

માનવ સુતો ઘોર નિરાશા
જન્મી જગની મંગળ આશા —વરસો.

કોટી કોટી વંદન અમ હોજો
માનવ જગનું મંગળ કરજો. —વરસો.

દેસાઈ જગજીવનદાસ જે. "જૈન"
બગસરા.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાન મહાવીરે કહ્યું—

# ધન્ય ધન્ના અણગાર !

[ ભગવાન મહાવીરસ્વામીના ૨૫૦૦ મા 'નિર્વાણકલ્યાણક' મહોત્સવના આ વર્ષે પ્રભુના પરમ શિષ્ય ધન્ના અણગારનો આ રૂપક–સંવાદ રસપ્રદ–બોધપ્રદ બની રહેશે ! તપની મહત્તા ગાતો પ્રેરણા પાશે ! ! ]

—ડૉ. ભાઈલાલભાઈ બાવીશી એમ. બી. બી. એસ.–પાલીતાણા

મગધ–સમ્રાટ શ્રેણિક મહારાજા એકવાર ભગવાન મહાવીરસ્વામીને વંદન કરવા ગયા ત્યારે ત્રિવિધે વંદન કરી, પ્રભુના મ્હોટા મુનિ સમુદાયમાં ખાસ વાંદવા યોગ્ય ઉચ્ચ આત્માની પૃચ્છા કરતા પ્રભુ મહાવીરને પૂછ્યું—" હે, પ્રભો ! આપના આ વિશાળ મુનિ સમુદાયમાં ઉત્કૃષ્ટ તપસ્વી કોણ છે ? "

પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો—" રાજન્ , બધા મુનિઓ ઉચ્ચ કક્ષાના છે પરન્તુ અતિ ઉત્કૃષ્ટ તપસ્વી તો છે ધન્ના અણગાર જે જીવનભર ચોવિહારા છઠ્ઠ અને પારણે આયંબિલ કરી રહ્યા છે !"

જિજ્ઞાસુ શ્રેણિકે મનોમન ધન્ના અણગારને નમન કરી, એમને વિષે વિશેષ હકીકત જાણવા પ્રભુને પ્રશ્ન કર્યો–" ભગવાન, એ ઉત્કૃષ્ટ તપસ્વી ક્યાંના છે ને કેવી રીતે આ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યા ? " ત્યારે પ્રભુ મહાવીરે કહ્યું—" જિજ્ઞાસુ શ્રેણિક, ધન્ના અણગાર મૂળ તો કાકંદી નગરીની ભદ્રા નામે એક ભાગ્યશાળી માતાના ધન્યકુમાર નામે પુત્ર હતા. પોતાના સુંદર સુપુત્રને માતાએ સ્વર્ગની અપ્સરાઓ જેવી સ્વરૂપવાન બત્રીશ કન્યાઓ પરણાવી એટલે ધન્યકુમાર વૈભવ–વિલાસ મ્હાણતોને ભોગોપભોગમાં રાચતો જીવન ગુજારી રહ્યો, સુખ–સમૃદ્ધિની એને મણા નહોતી. સૌ કોઈ એનો પડયો બોલ ઝીલતા અને એ સુખ–સાહ્યબીમાં રચ્યો–પચ્યો રહેતો !" પ્રભુએ પ્રાથમિક ભૂમિકા આપી.

" ભગવાન, તો પછી આવા ભોગોપભોગમાં પડેલા માનવીને પ્રવ્રજ્યાની લગની ક્યાંથી લાગી ? " શ્રેણિકે સમૃદ્ધિની મહત્તા દર્શાવતા પ્રશ્ન કર્યો. પ્રભુએ ત્યારે સહજભાવે કહ્યું–" રાજા શ્રેણિક, કાકંદીનગરીમાં સમવસરણના પર્ષદામાં ઉપદેશવાણી સાંભળવા આવતા એ હળુકર્મી આત્માને સંસારની અસારતા સમજાઈ, કર્મોથી મુક્ત થવાની તાલાવેલી લાગી, અને સંસારના બંધનોમાંથી મુક્ત થવા નિર્ણય કર્યો. આ રીતે પ્રતિબોધ પામતાં, ધન્યકુમારે માતા પાસે આવી, પોતાનું મન ઠાલવી વાત કરી અને દીક્ષા અંગિકાર કરવા ઇચ્છા વ્યક્ત કરી. " પ્રભુએ ધન્યકુમારને ઉપદેશની સચોટ અસર વર્ણવી આગળ કહ્યું–" શ્રેણિક, પછી તો માતાએ દ્રવતા દિલે, પુત્રને સંયમ ધર્મની કઠિનતા સમજાવી, સાધુ જીવનના વિકટ ને વસમા પથનું દિગ્દર્શન કરાવ્યું, પોતે ભોગવી રહેલ સુખ–સમૃદ્ધિનું આકર્ષક ચિત્ર રજુ કર્યું અને આવો વિલાસ–વૈભવ છોડી ત્યાગ–વૈરાગ્ય પાળવો કષ્ટરૂપ નિવડશે એમ જણાવી એને દીક્ષા ન લેવા આજીજી કરી. પરન્તુ, શ્રેણિક, પ્રતિબોધ પામેલ ધન્યકુમારે તો ઉપદેશથી પોતાને સંસારની અસારતાની થયેલ પ્રતીતિ જણાવી, આવા બંધન સમા જીવનને ત્યાગી, મુક્તિના શાશ્વત સુખના ભોક્તા બનવા તિવ્ર ઉત્કંઠા વ્યક્ત કરી. અને તત્કાલ દીક્ષા માટે માતાની સંમતિ માગી. " પ્રભુ મહાવીરે ધન્યકુમારનું ચારિત્ર પ્રતિ દૃઢ વલણ વર્ણવ્યું.

" પછી શું માતાએ સંમતિ આપી ? પ્રભો ! "

" હા, શ્રેણિક, માતાને સંપૂર્ણ ખાત્રી થઈ કે–પુત્ર વૈરાગ્ય–રંગે પૂરેપૂરો રંગાઈ ગયો છે અને હવે માનશે નહિ. વળી એ સમજુ માતા પણ પોતે જાણતી હતી કે ખરેખર શાશ્વત સુખનો સાચો રસ્તો તો એજ છે, એટલે માતાએ પોતાના લાડીલા પુત્રનો દીક્ષા–પ્રસંગ ખૂબ ઠાઠમાઠથી ઉજવાય એ માટે રાજા જિતશત્રુને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિનંતિ કરી. આવો અનન્ય લ્હાવો ક્યાંથી મળે એમ માની રાજાએ ધન્યકુમારનો નિષ્ક્રમણ-દીક્ષા મહોત્સવ ખૂબ શાનદારરીતે ઉજવ્યો. અને શ્રેણિક, ધન્યકુમાર ધન્ના અણગાર બની ગયા" પ્રભુએ ધન્યકુમારની દીક્ષા સુધીની હકીકત જણાવી.

ત્યારે રાજા શ્રેણિકે જિજ્ઞાસાભાવે પ્રશ્ન કર્યો-"ભગવાન, ત્હોયે તે આવા ઉગ્ર તપસ્વી બની આટલી ઉત્કૃષ્ટ ભૂમિકાએ કેવી રીતે પહોંચ્યા ?" એટલે પ્રભુએ સમજાવતા કહ્યું-"રાજન્, માનવીને-હળુકર્મી આત્માને અનુકુળ સંજોગોને પુષ્ટિકારક વાતાવરણ મળતાં, અંતરની ભાવના જાગૃત થાય છે, વૃદ્ધિ પામે છે અને આત્મા વિકાસને પંથે દોરાય છે. એ રીતે દીક્ષિત ધન્ના મુનિને સંયમ સ્વીકારતા, મુક્તિની લત એવી લાગી કે જલ્દી એ કક્ષાએ પહોંચવા એણે ચોવિહારા છઠ્ઠને પારણે આયંબિલ કરવા નિર્ણય કર્યો અને અનુમતિ માગી. મ્હેં એનું સંયમી સાધુ જીવન અને મુક્તિની દૃઢ ભાવના જોઈ અનુમતિ આપી. પછી તો એ ભવ્યાત્મા છઠ્ઠ-આયંબિલ કરતો અતિ ઉત્કૃષ્ટ તપસ્વી બની ગયો છે, અને..." "ધન્ય ધન્યકુમાર, ધન્ય ધન્ના અણગાર" શ્રેણિકના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા અને પ્રભુ પાસેથી સરકી ધન્ના અણગાર પાસે પહોંચ્યો.

રાજા શ્રેણિકે ધન્ના અણગારને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કર્યાં અને ધન્યતા અનુભવી અંતર એવું નાચી ઉઠયું-'વાહ મુનિ ! વાહ તપસ્વી !'

વળી અંતરની જિજ્ઞાસા સળવળતા, મહારાજા શ્રેણિક પરમાત્મા મહાવીર પાસે આવ્યો અને પૂછી રહ્યો-"પરમાત્મન્, આવા ઉગ્ર ને ઉત્કૃષ્ટ તપનુ ધન્ના અણગારને શું ફળ મળશે ?" પ્રભુએ કહ્યું-"જિજ્ઞાસુ રાજન્, ધન્ના અણગાર ક્રમેક્રમે તપ કરતા, સમાધિ-પૂર્વક કાળધર્મ પામી, દેવલોકમાં જશે અને પછી એક મનુષ્યભવને અંતે કેવળજ્ઞાન પામી મુક્તિને વરશે" રાજા શ્રેણિક તપના પ્રભાવથી પ્રભાવિત થઈ કહી રહ્યો-"વાહ, પ્રભો, વાહ, શો છે તપનો પ્રભાવ ! માત્ર નવ મહિનાનાજ સંયમ ધર્મ અને તપશ્ચર્યાના પ્રભાવથી ધન્ના મુનિને કેવળજ્ઞાન લાધશે અને મુક્તિને વરશે ! કેવી એની ઉચ્ચ ભાવના ! કેવું ઉત્કૃષ્ટ તપ ! કેવી મુક્તિની તાલાવેલી ! ધન્ય મુનિ ! ધન્ય તપ ! ધન્ય કેવળજ્ઞાન !" એ ઉદ્‌ગારો સાથે મહારાજા શ્રેણિક પ્રભુ મહાવીરને વંદના કરી નગરમાં આવ્યો.

પ્રસ્તુત પ્રસંગથી શ્રેણિકના દિલમાં તપનો એટલો બધો પ્રભાવ પડ્યો કે એ વિચારે ચડતા પ્રભુ મહાવીરના સાડાબાર વર્ષના ઘોર ને કઠીન તપનું ચિત્ર એની દ્રષ્ટિ સમક્ષ રમી રહ્યું. અને આપોઆપ પ્રભુને નમી પડયો-"ધન્ય મહાવીર, ધન્ય પ્રભુ, અનેક સંકટોને પારાવાર પરિષહો સહન કરી આપે કર્મના અનેકાનેક બંધનો તોડયા અને તીર્થંકર પદને પામ્યા અને અંતે મોક્ષે સિધાવશો."

આવી વિચારધારા અંતરમાં વહેતા, રાજા શ્રેણિકે તપની અત્યંત અનુમોદના કરી અને હૃદયની ભેરી બજી રહી 'ધન્ય ધન્ના અણગાર !' આપણે પણ પ્રભુ મહાવીરના ચાલી રહેલા ૨૫૦૦માં 'નિર્વાણ-કલ્યાણક' મહોત્સવના આ વર્ષ દરમ્યાન પ્રભુ મહાવીરને વંદના કરી અને ધન્ના અણગારને નમન કરી, તપની મહત્તા સમજીએ અને એ દિશામાં પ્રવૃત્ત બનીએ તોજ આપણું દિલ પણ ગુંજી ઉઠશે 'ધન્ય ધન્ના અણગાર'

**તા. ક.**—ટુંક સમયમાંજ વીર સંવત ૨૫૦૧ના ચૈત્ર શુદ ૧૩ના દિવસે આવી રહેલ ભગવાન મહાવીરનો 'જન્મ-કલ્યાણક' મહોત્સવ આપણને પ્રેરણાદાયી બનો અને ઉપર્યુક્ત સંદર્ભમાં શક્ય કરી છૂટવાનું બળ આપો એવી પ્રભુ મહાવીરને પ્રાર્થના કરીએ અને મહોત્સવ ભવ્ય રીતે ઉજવીએ !



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો માંગલિક વારસો

હિન્દીમાં મૂળ લેખક : પં. સુખલાલજી અનુવાદક : કા. જ. દોશી

સામાન્યરીતે આપણને ત્રણ પ્રકારનો વારસો મળે છે. ૧. માતા–પિતા તરફથી શરીરસંબંધી રૂપ આકૃતિ વગેરે ગુણધર્મનો વારસો. ૨. માતા–પિતા વગેરે તરફથી જન્મ પહેલા કે પછી મળનાર સંપત્તિપ્રધાન વારસો પહેલા અને બીજા પ્રકારના વારસામાં મોટો તફાવત છે, કારણ કે શારીરિક વારસો સંતાનોને માટે અવશ્યંભાવી છે, જ્યારે સંપત્તિની બાબતમાં એવું નથી. ઘણુંખરું એમ બને છે કે માતાપિતાએ સંતાનને કંઈપણ સંપત્તિ વારસામાં આપી ન હોય, પણ સંતાન પોતે નવું ઉપાર્જન કરે છે, અને એમ પણ બને છે કે વડીલો પાસેથી મળેલી સંપત્તિને સંતાન પૂરેપૂરી ખતમ કરી દે છે. ૩. ત્રીજો વારસો છે સાંસ્કારિક. સંસ્કાર માતાપિતા તરફથી, શિક્ષક અથવા મિત્રો તરફથી તથા સમાજ તરફથી પણ મળે છે.

સંસ્કારનો આ ત્રીજા પ્રકારનો વારસો એક જ પ્રકારનો નથી હોતો. ભાષાસંબંધી તથા બીજા અનેક સંસ્કાર મળે છે. જીવનને માટે તેને વિકસિત અથવા સમૃદ્ધ કરવા માટે તે ત્રણે વારસા જરૂરી છે, પરંતુ એક ચોથા પ્રકારનો વારસો પણ છે કે જે પહેલા ત્રણ પ્રકારના વારસામાં જીવનને પ્રેરણા આપે છે, એમાં સંજીવનીને પ્રવેશ આપે છે. આ અનોખો વારસો છે. એટલા માટે એ વારસો મંગળસ્વરૂપ છે. જો આ મંગળ વારસો ન મળે તો તે ત્રણે વારસાના આધાર પર આપણે સાધારણ જીવન વીતાવી શકીએ પણ તેને સહારે આપણું જીવન ઉચ્ચ અને ધન્ય બની શકતું નથી. આ એ ચોથા પ્રકારના વારસાની વિશેષતા છે. જે માંગલિક વારસો આપણને ભગવાન મહાવીર તરફથી મળ્યો છે એવો વારસો માતાપિતા, વડીલો કે સામાન્ય સમાજ તરફથી મળે જ એવો નિયમ નથી. પરંતુ તે બીજી અનોખી રીતે મળે છે.

શારીરિક, સાંપત્તિક અને સાંસ્કારિક આ ત્રણ પ્રકારનો વારસો સ્થૂળ તેમજ ઇન્દ્રિયગમ્ય છે, જ્યારે ચોથા પ્રકારનો વારસો એવો નથી. જેને પ્રજ્ઞેન્દ્રિય મળી છે, જેનું સંવેદન સૂક્ષ્મ કે સૂક્ષ્મતર છે એ જ માણસ આ વારસાને ગ્રહણ કરી શકે અથવા સમજી શકે. બીજા વારસા જીવનમાં કે મૃત્યુને સમયે નાશ પામે છે જ્યારે માંગલિક વારસો કદિ નાશ પામતો નથી. એક વાર જો આ વારસો ચૈતન્યમાં પ્રવેશ કરે, તો તે જન્મ જન્માન્તર સુધી ચાલે છે, તેનો ઉત્તરોત્તર વિકાસ થાય છે અને તે અનેક વ્યક્તિઓને તરબોળ કરે છે.

આપણો જન્મ એવી આર્યપરંપરામાં થયો છે કે જન્મથી જ એવા માંગલિક વારસાના આંદોલનનો જાણે અજાણે આપણને સ્પર્શ થાય છે. એમ બની શકે કે આપણે તે ગ્રહણ ન કરી શકીએ, યથાર્થ સ્વરૂપે જાણી પણ ન શકીએ પરંતુ આ માંગલિક વારસાના આંદોલન આર્યભૂમિમાં બહુ સ્વાભાવિક છે. ભારત-ભૂમિ આ જ અર્થમાં અધ્યાત્મભૂમિ છે.

ભગવાન મહાવીરે જે માંગલિક વારસો આપણને સોંપ્યો છે તે શું તે આપણે માટે વિચારવા લાયક છે. સિદ્ધાર્થનન્દન કે ત્રિશલાપુત્ર દેહધારી મહાવીરના વિષયમાં આપણે અહીં વિચાર કરવાનો નથી. તેમના ઐતિહાસિક કે ગ્રન્થબદ્ધ સ્થૂલ જીવન આપણે હંમેશા વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. જે મહાવીરનો નિર્દેશ હું કરું છું તે શુદ્ધ–બુદ્ધ વાસનામુક્ત ચેતન સ્વરૂપ મહાવીરનો નિર્દેશ છે. એવા મહાવીરમાં સિદ્ધાર્થ નન્દનનો તો સમાવેશ થાયજ છે. આ મહાવીરમાં કોઈ જાતિ–જાતિનો કે દેશકાળનો ભેદ નથી. તે વીતરાગ અદ્વૈતરૂપ એકજ છે. આ વાતોનેજ ધ્યાનમાં રાખીને અનેક સ્તુતિકારોએ સ્તુતિ કરી છે. જ્યારે આચાર્ય માનતુંગ સ્તુત્ય તત્ત્વને બુદ્ધ, શંકર, વિધાતા અને પુરુષોત્તમ કહે છે ત્યારે તેઓ સદ્ગુણાદ્વૈતની ભૂમિકાનું જ સમર્થન કરે છે. આનન્દઘનજી રામ રહિમાન કાન વગેરે સંપ્રદાયોમાં પ્રચલિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શબ્દોમાં એવાજ કોઈ પરમ તત્ત્વનું સ્તવન કરે છે.

ભગવાન મહાવીરે જે વારસો આપણને આપ્યો છે, તેને તેઓએ પોતાના વિચારમાંજ સંગ્રહી રાખ્યો નથી, પણ પોતાના જીવનમાં ઉતારીને પરિપકવરૂપમાં આપણી સમક્ષ પેશ કર્યો છે. તેથીજ આ વારસો ઉપદેશમાંજ સમાતો નથી, તેનું આચરણ પણ અપેક્ષિત છે.

ભગવાન મહાવીરના વારસાને ચાર ભાગમાં વહેંચી શકાય. ૧ જીવનદૃષ્ટિ. ૨ જીવનશુદ્ધિ. ૩ જીવન વ્યવહારનું પરિવર્તન અને ૪ પુરુષાર્થ.

પહેલા આપણે ભગવાનની જીવન વિષયક દૃષ્ટિને સમજવા પ્રયત્ન કરશું. જીવનદૃષ્ટિ એટલે જીવનનુ મૂલ્ય પારખવાની દૃષ્ટિ, આપણે બધા પોતપોતાના જીવનનું મૂલ્ય આંકીએ છીએ. જે કુટુમ્બ, જે ગામ, જે સમાજ કે જે રાષ્ટ્રની સાથે આપણો સંબંધ હોય છે તેના જીવનનું મૂલ્ય કરીએ છીએ. તેનાથી આગળ વધીને સંપૂર્ણ માનવ સમાજ અને તેનાથી પણ આગળ વધીને આપણી સાથે સંબંધ પશુ પક્ષીઓના જીવનનું મૂલ્ય આંકીએ છીએ. પરંતુ મહાવીરની સ્વસંવેદન દૃષ્ટિ તેનાથી પણ આગળ વધેલી હતી. કાકા કાલેલકરે ભ. મહાવીરની જીવન દૃષ્ટિના વિષયમાં કહ્યું છે કે 'એઓ એક એવા ધૈર્યસંપન્ન અને સૂક્ષ્મપ્રજ્ઞ હતા કે એમણે કીડી–મંકોડી તો શું પણ વનસ્પતિ જેવી જીવશૂન્ય મનાતી ભૌતિક વસ્તુઓમાં પણ જીવનતત્ત્વ જોયું છે. મહાવીરે જ્યારે પોતાની જીવનદૃષ્ટિ લોકો સમક્ષ રાખી ત્યારે તેને કોણ ગ્રહણ કરી શકશે એનોજ વિચાર એમણે નહોતો કર્યો પણ એટલું પણ વિચાર્યું હતું કે કાલ નિરવધિ (અનંત)છે અને પૃથ્વી વિશાળ છે. કોઇક દિવસ તો કોઈક સમજશેજ. જેને ગહનતમ સ્પષ્ટ પ્રતીતિ થઈ હોય છે, તે અધીર બનીને એવું નથી વિચારતો કે મારી પ્રતીતિને તત્કાળજ લોકો કેમ સમજતા નથી.

મહાવીરે 'આચારાંગ' નામના પોતાના પ્રાચીન ઉપદેશ ગ્રન્થમાં ઘણીજ સરળ રીતે પોતાની વાત ઉપસ્થિત કરી છે અને કહ્યું છે કે "દરેકને જીવન પ્રિય છે, જેમ આપણને આપણું જીવન પ્રિય છે. ભગવાનની સરળ સર્વગ્રાહ્ય દલીલ એટલી જ છે કે હુ આનંદ અને સુખ ઇચ્છું છું તેથી હું સ્વયં છું. તો એ જ ન્યાયથી આનન્દ અને સુખ ઇચ્છનારા બીજા પણ પ્રાણી છે. એવી સ્થિતિમાં એમ કઈ રીતે કહી શકાય કે મનુષ્યમાં જ આત્મા છે, પશુપક્ષીમાં જ આત્મા છે, અને બીજા કોઈમાં નથી ? કીડા અને પતંગ પોતાની રીતે સુખની શોધ કરતા જોવામાં આવે છે. પરંતુ સૂક્ષ્મતમ વનસ્પતિ સૃષ્ટિમાં પણ સતતિજનન અને પોષણની પ્રક્રિયા અગમ્ય રૂપે ચાલી રહી છે. તેઓએ સમસ્ત વિશ્વમાં પોતાની જેવા ચેતન તત્ત્વને ઉલ્લસિત જોયા. તેને ધારણ કરનાર, પુષ્ટ કરનાર શરીર અને ઈન્દ્રિયોના આકાર–પ્રકારમાં ગમે તેટલું અંતર ભલે હોય, કાયા શક્તિમાં પણ તફાવત હોય, તો પણ તાત્ત્વિક રૂપમાં સર્વવ્યાપી ચેતન તત્ત્વ એક જ પ્રકારનું વિકાસિત છે. ભગવાનની આ જીવનદૃષ્ટિ આપણે "આત્મૌપમ્ય–દૃષ્ટિ" કહીએ છીએ. આપણે બધા જેવા તાત્ત્વિકરૂપમાં છીએ એવા જ નાના મોટા બધા પ્રાણી છે. જે બીજા પ્રાણીરૂપમાં છે તે પણ કોઈ દિવસ વિકાસક્રમમાં માનવભૂમિકાનો સ્પર્શ કરે છે અને માનવભૂમિકાનો જીવ કદિક અવક્રાન્તિ ક્રમમાં અન્ય પ્રાણીનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ઉત્ક્રાન્તિ અને અવક્રાન્તિનું ચક્ર ચાલતું જ રહે છે. પરંતુ તેનાથી મૂલ ચૈતન્યના સ્વરૂપમાં કોઈ તફાવત પડતો નથી. જે તફાવત છે તે વ્યાવહારિક છે.

ભગવાનની ' આત્મૌપમ્ય દૃષ્ટિ 'માં જીવન શુદ્ધિની વાત આવી જ જાય છે. અજ્ઞાત કાળથી ચેતનનો પ્રકાશ ગમે તેટલો છાયેલો હોય, તેનો આવિર્ભાવ ન્યૂનાધિક હોય, તો પણ તેની શક્તિ પૂર્ણ વિકાસ–પૂર્ણશુદ્ધિ જ છે. જો જીવન તત્ત્વમાં પૂર્ણશુદ્ધિની શકયતા ન હોય તો આધ્યાત્મિક સાધનનું કંઇ જ પ્રયોજન ન રહે. જે દેશમાં સાચા આધ્યાત્મિક અનુભવી થયા છે, તે બધાની પ્રતીતિ એક જ પ્રકારની છે કે ચેતન તત્ત્વ શુદ્ધ છે, વાસના કે આસક્તિથી અલગ છે. શુદ્ધ ચૈતન્યની ઉપર જે વાસના કે કર્મની છાયા પડે છે તે તેનું મૂળ સ્વરૂપ નથી. મૂળ સ્વરૂપ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો તેનાથી જુદુ જ છે. આ જીવનશુદ્ધિનો સિદ્ધાન્ત છે. જેને આપણે આત્મૌપમ્યની દૃષ્ટિ કહી અને જેને જીવન શુદ્ધિની દૃષ્ટિ કહી તેમાં વેદાન્તીઓનો બ્રહ્મદ્વૈત વાદ કે બૌદ્ધોનો વિજ્ઞાનાદ્વૈતવાતવાદ કે એવા જ બીજા કેવલાદ્વૈત શુદ્ધાદ્વૈત જેવા વાદ સમાવિષ્ટ થઈ જાય છે. ભલે પછી સાંપ્રદાયિક પરિભાષા અનુસાર તેનો ભિન્ન ભિન્ન અર્થ થતો હોય.

જો જીવનું સ્વરૂપ તત્ત્વતઃ શુદ્ધ જ છે તો પણ આપણે એ સ્વરૂપને પુષ્ટ કરવા પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ એવો સાધના વિષયક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ભગવાન મહાવીરે તે પ્રશ્નનો ઉત્તર આપતા કહ્યું છે કે "જ્યાં સુધી જીવન વ્યવહારમાં આત્મૌપમ્યની દૃષ્ટિ અને આત્મશુદ્ધિની સિદ્ધિ મૂલક પરિવર્તન થતું નથી ત્યાં સુધી તે બન્ને વાતનો અનુભવ થઈ શકતો નથી." તેને જૈન પરિભાષામાં ચરણ-કરણ કહે છે વ્યવહારમાં તેનો અર્થ બિલકુલ સરળ, સાદુ અને નિષ્કપટ જીવન જીવવું તે છે. વ્યાવહારિક જીવન આત્મૌપમ્યની દૃષ્ટિ વિકસિત કરવાનું અને આત્મશુદ્ધિ સિદ્ધ કરવાનું એક સાધન છે. એમ નહિ કે ઉક્ત દૃષ્ટિ અને શુદ્ધિ ઉપર આવરણ-માયા જાળ વધારવી. જીવન વ્યવહારના પરિવર્તનની બાબતમાં એક જ મુખ્ય વાત સમજવાની છે અને તે એ કે પ્રાપ્ત સ્થૂળ સાધનોનો એવો ઉપયોગ ન કરવો કે આપણે આપણા આત્માને ખોઇ બેસીએ.

પરંતુ એ બધી વાત સાચી હોવા છતા એ વિચારવાનું છે કે એ બધું કઈ રીતે બને ? જે સમાજ, જે લોકપ્રવાહમાં આપણે રહીએ છીએ તેમાં એવું કંઈ બનતું જોવામાં આવતું નથી. શું ઇશ્વર કે એવી કોઇ દૈવી શકિત નથી જે આપણો હાથ પકડીને આપણને લોક પ્રવાહથી વિપરીત દિશામાં લઈ જાય, ઉર્ધ્વગતિ આપે ? તેનો જવાબ મહાવીરે સ્વાનુભવથી આપ્યો છે, કે તેને માટે પુરુષાર્થ જ આવશ્યક છે, જ્યાં સુધી કોઇ પણ સાધક સ્વયં પુરુષાર્થ ન કરે, વાસનાઓથી પ્રતિકૂળ આચરણ ન કરે, તેના આઘાત-પ્રત્યાઘાતથી ક્ષોભનો અનુભવ કર્યા વિના અડગ રીતે તેની સામે યુદ્ધ કરવાનું પરાક્રમ ન બતાવે ત્યાં સુધી ઉપર્યુકત એક પણ વાત સિદ્ધ નથી થઈ શકતી. આ રીતે એમણે કહ્યું છે કે '**સંજમમ્મિ ય વીરિયં**' અર્થાત્ સંયમ, ચારિત્ર, સરળ જીવન વ્યવહાર આ બધા માટે પરાક્રમ કરવું જોઈએ. વસ્તુતઃ 'મહાવીર' નામ નથી, વિશેષણ છે જે એવું વીર્ય-પરાક્રમ બતાવે છે, તે બધા મહાવીર છે. આમાં સિદ્ધાર્થનન્દન તો આવી જ જાય છે, પણ તેમની જેવા અન્ય સર્વ અધ્યાત્મ પરાક્રમી પણ આવી જાય છે.

જે વાત મહાવીરે પ્રાકૃત ભાષામાં કહી છે, એ જ વાત બીજી પરિભાષામાં જરાક બીજી રીતે ઉપનિષદોમાં પણ છે. ઈશાવાસ્ય મંત્રના પ્રણેતા ઋષિ એ જ વાત બીજી રીતે કહે છે કે સમસ્ત વિશ્વમાં જે કાંઇ દેખાય છે તે બધું ઇશથી વ્યાપ્ત છે. લોકો 'ઈશ' શબ્દથી જો ઇશ્વર સમજતા હોય તો તેમાં કંઈ જુદુ નથી. કારણ કે જે ચેતન તત્ત્વ સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે તે શુદ્ધ હોવાથી 'ઇશ' જ છે, સમર્થ છે. જ્યાં ઈશ્વર-અનીશ્વરવાદ અને દ્વૈતાદ્વૈતવાદની તાર્કિક મીમાંસા અપેક્ષિત નથી. આ તો ચેતન તત્ત્વની વ્યાપ્તિની વાત છે. ઋષિ કહે છે કે જો સમસ્ત વિશ્વમાં ચેતન તત્ત્વ હોય તો સાધકનો ધર્મ એ છે કે તે 'ત્યાગ કરીને ભોગવે'. હું તો એમ કહું છું કે એવા સાધક ત્યાગ કર્યા પછી જ ભોગના સુખનો આનંદ પ્રાપ્ત કરે છે. એટલું જ નહિ પરંતુ તેને તો ત્યાગમાં જ ભોગનુ સુખ મળે છે. એવા સાધકને માટે ત્યાગથી જુદો કોઈ ભોગ નથી. વ્યવહારમાં માતા જ્યારે સંતાનને માટે ત્યાગ કરે છે, ત્યારે તે તેમાં જ ઉપભોગનું પરમ સુખ પ્રાપ્ત કરે છે. જ્યારે અહીં તો અધ્યાત્મ સાધકની વાત થઇ રહી છે. તે ઋષિ અન્તમાં બધા સાધકોને એક વાતની ચેતવણી આપે છે કે તેણે કોઈ પણ વસ્તુમાં ગૃદ્ધિ એટલે કે લોભ કે મમતાનું સેવન ન કરવું જોઈએ. પરંતુ તેણે માત્ર જીવન વ્યવહારનો વિચાર કરવો જોઇએ. આપણે નિઃશંક રીતે જોઈ શકીએ છીએ કે જે માંગલિક વારસો આપણને ભગવાન મહાવીરના ઉપદેશમાંથી મળે છે એ જ ઉપનિષદ્માંથી મળે છે. બુદ્ધ તેમજ અન્ય વીર પુરુષોએ આના સિવાય બીજું શું કહ્યું છે ?

આ જ અર્થમાં હું ઉપનિષદ્ના કર્તાએ પ્રયોગ કરેલ 'ભૂમા' શબ્દનો પ્રયોગ કરીને જો કહું કે મહાવીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અર્થાત્ ભૂમા એ જ બ્રહ્મ છે તો એમાં જરા પણ અસંગતિ નથી. મહાવીર ભૂમા હતા, મહાન હતા એટલે જ તેઓ સુખરૂપ હતા, એટલે જ તેઓ અમૃત હતા. તેમને કદિ દુઃખનો સ્પર્શ નથી થઇ શકતો અને કદિ તેમનું મૃત્યુ સંભવિત નથી દુઃખ કે મૃત્યુ તો અલ્પનું હોય છે, સંકુચિત દૃષ્ટિનું હોય છે, પામરનું હોય છે, વાસના બદ્ધનું હોય છે, જેનો સંબંધ કેવળ સ્થૂળ અને સૂક્ષ્મ શરીરની સાથે હોય છે. મહાવીર તો તે બન્ને શરીરથી પર હોવાથી 'ભૂમા' છે, અલ્પ નહિ.

ઈતિહાસકાર જે રીતે વિચાર કરે છે, તે રીતે વિચાર કરતા આ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે મહાવીરે જે મંગલ વારસો બીજાઓને આપ્યો છે, તે તેઓને ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત થયો છે ? શાસ્ત્ર અને વ્યવહારમાં કહેવાય છે કે બિન્દુમાં સિન્ધુ સમાઈ જાય છે. આમ તો આ વચન વિપરીત દેખાય છે, પરંતુ એ વાત સાચી છે. મહાવીરનું સ્થૂલ જીવનનો પરિમિત કાળના ભૂતકાળના મહાન્ સમુદ્રનું એક બિન્દુ માત્ર છે. તે તીવ્ર ગતિથી આવે છે અને ચાલ્યું જાય છે. પરંતુ તેમાં સંચિત થનાર સંસ્કાર નવા નવા વર્તમાનના બિન્દુમાં સમાવિષ્ટ થઈ જાય છે. ભ. મહાવીરે પોતાના જીવનમાં જે આધ્યાત્મિક વારસો પ્રાપ્ત કર્યો અને સિદ્ધ કર્યો, તે તેમના પુરુષાર્થનું પરિણામ છે એ સાચું છે, પરંતુ તેની પાછળ અજ્ઞાત ભૂતકાલીન એવા વારસાની સતત પરંપરા વિદ્યમાન છે. કોઇ એને ઋષભદેવ કે નેમિનાથ કે પાર્શ્વનાથ વગેરે તરફથી પ્રાપ્ત થયાનું બતાવી શકે છે, પરંતુ હું તેને અર્ધસત્યના રૂપમાં સ્વીકાર કરૂં છું. ભગવાન મહાવીરની પહેલા માનવ-જાતિએ એવા જે મહાપુરુષોને ઉત્પન્ન કર્યા હતા, તેઓ ભલે ગમે તે નામથી પ્રસિદ્ધ થયા હોય અથવા અજ્ઞાન રહ્યા હોય, તે બધા આધ્યાત્મિક પુરુષોની સાધનાની સંપત્તિ માનવજાતિમાં આ પ્રકારે ઉત્તરોત્તર સંક્રાન્ત થતી જાતી હતી કે તેને માટે "આ બધી સંપત્તિ કોઈ એક પુરુષે સિદ્ધ કરી" એમ કહેવું એ ભક્તિમાત્ર છે. ભ. મહાવીરે એવા આધ્યાત્મિક સ્રોતમાંથી ઉપરોક્ત માંગલિક વારસો પ્રાપ્ત કર્યો છે અને પુરુષાર્થથી તેને જીવન્ત કે સજીવ બનાવીને વિશેષરૂપે વિકસાવીને દેશ અને કાલાનુસાર સમૃદ્ધ રૂપે આપણી સમક્ષ ઉપસ્થિત કર્યો છે. આપણે નથી જાણતા કે તેમની પછી થનાર ઉત્તરકાલીન કેટલા સંતોએ તે માંગલિક વારસામાંથી કેટલું પ્રાપ્ત કર્યું અને વિકસિત કર્યું પરંતુ એટલુ તો કહી શકાય કે જેવી રીતે તે બિન્દુમાં ભૂતકાલીન મહાન્ સમુદ્ર સમાવિષ્ટ છે, એવી જ રીતે ભવિષ્યનો અનન્ત સમુદ્ર પણ તે જ બિન્દુમાં સમાવિષ્ટ છે. એથી જ ભવિષ્યની ધારા તે બિન્દુની દ્વારા જરૂર આગળ વધશે.

ઉપનિષદોમાં **'तत्त्वमसि'** કહેવામાં આવેલ છે. તેનો અર્થ બીજી રીતે આ છે કે તું અર્થાત્ જીવદશા પ્રાપ્ત સ્વયં તે શુદ્ધ પરમાત્મ સ્વરૂપ છો. તે પણ શક્તિ અને યોગ્યતાની દૃષ્ટિએ બિન્દુમાં સિન્ધુના સમાવેશનું એક દૃષ્ટાન્ત છે.

ઉપર કહેલ ચતુર્થ માંગલિક વારસાને ધ્યાનમાં રાખીને જ બૌદ્ધ મંગલસૂત્રમાં કહેવામાં આવ્યું છે કે **'एतं मंगलमुत्तमं'** આ એક ઉત્તમ મંગલ છે, આને આદિ મધ્ય અને અન્તિમ મંગલ કહેવામાં આવ્યુ છે જૈન સૂત્રના **'चत्तारि मंगलं'** પાઠમાં જે ચોથું મંગલ (ધર્મ) કહેવામાં આવ્યું છે તે આ છે.

ગાંધીજીએ આ વારસામાંથી કેટલું પ્રાપ્ત કર્યું અને તેને કેવી રીતે વિકસિત કર્યું, તે આપણે જાણીએ છીએ. આજની પવિત્ર ક્ષણમાં એવી કોઇ માંગલિક ભાવના ભાવીએ કે આપણે પણ એ માંગલિક વારસાને પાત્ર બનીએ.

[**'શ્રમણ'** નવે-ડીસે. ૧૯૭૪માંથી સાભાર ઉધ્ધૃત]



For Private And Personal Use Only

# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે..................

શીપ

બીલ્ડર્સ

અને

એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફયુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે..................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું.

## પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસલેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઇ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु वीतरागाः ॥

# વીર વિભુની જીવન ઝરમર

લે. પૂ. ૐકારશ્રીજી.

જગતની ફૂલવાડીમાં અનેક રંગબેરંગી ફૂલો ખીલે છે, વિકસે છે, વિનાશ પામે છે. સર્વસહા પૃથ્વી સજ્જન યા દુર્જન, સુખી યા દુખી, ગરીબ યા તવંગર દરેકને પોતાનામાં સમાવી દે છે. દરેકનો ભાર પોતે વહન કરે છે.

આવી રંગરંગીલી પૃથ્વી ઉપર વસંતઋતુનું આગમન થયું. કામી, દામી અને ધામી જીવો પોતાના જીવનનું સાફલ્ય કરવા લાગ્યા. આ વસંતઋતુમાં સંતો સૂર્યના ઉગ્ર તેજમાં પોતાના ઉગ્રકર્મોને ખપાવવા જ્ઞાન, ધ્યાનમાં મગ્ન બને છે ત્યારે કામી પુરુષો વસંતઋતુમાં પોતાની મનોકામનાઓ પૂર્ણ કરે છે.

જ્યારે ભગવાન મૃત્યુલોકમાં જન્મ લે છે ત્યારે તેઓ મતિ, શ્રુત તથા અવધિજ્ઞાનના સ્વામી હોય છે. પ્રભુ જ્યારે સ્વર્ગીય સુખનો ત્યાગ કરી, આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુલોકમાં શાશ્વતસુખને લબ્ધ કરવા, દુઃખદ સંસારનો અંત કરવા ક્ષત્રિયકુંડમાં સિદ્ધાર્થરાજાને ત્યાં ત્રિશલારાણીની કુક્ષીમાં આવે છે ત્યારે માતાની કુક્ષીમાં રહેલા ભગવંત વિચારે છે કે મારા હલનચલનથી માતાને દુઃખ થાય, તે કારણથી હું સ્થિર થઇને રહું. જેથી માતાને દુઃખ ન થાય. આવા ઉદ્દામ વિચારથી માતાની કુક્ષીમાં ભગવાન સ્થિર થઈ રહ્યા.

ખરેખર, જગતમાં જીવોની ક્રિયાઓ ઉપરથી તેના ગુણોની પરીક્ષા થાય છે. જે ભગવાન આજે માતાની કુક્ષીમાં છે, તે પ્રભુ ભાવિમાં ત્રણ જગતના સ્વામી થવાના છે પરંતુ આજે તેમના મનમાં માતા પ્રત્યે કેટલી અસીમ ભક્તિ હતી, તેનો પ્રત્યક્ષ પૂરાવો છે. 'બહુરત્ના વસુંધરા' છે. પરંતુ આજના કલિયુગમાં પ્રાયે કરીને સંતાનો સંતાપ કરનારા હોય છે. પહેલાના સમયમાં માતપિતા તે જંગમ તીર્થ સદૃશ ગણાતા હતા. સ્થાવર તીર્થની સેવા તો જ્યારે ઇચ્છીયે છીયે ત્યારે ઉપલબ્ધ થાય છે પરંતુ જંગમ તીર્થની સેવા અમુક સમયની મર્યાદા પૂરતી જ મળે છે. માટે આ પ્રસંગ ઉપરથી માતપિતા વડીલોની સેવાનો જે અમૂલ્ય અવસર પ્રાપ્ત થાય તેને ચૂકવો નહિ. ત્રણ જગતના નાથે માતાની કુક્ષીમાં રહી આવા પ્રકારની સેવા કરી હતી.

છએ ઋતુમાં શ્રેષ્ઠ મનાતી વસંતઋતુમાં ચૈત્ર શુકલ ત્રયોદશીની મધ્ય રાત્રિમાં ચંદ્રની નિર્મલતા ઉજ્જવળતા અને સૌમ્ય કિરણોથી જગતની અંદર શાંતિ પ્રસરી રહેલી છે. વસંતઋતુના યોગે અનેક પ્રકારના પુષ્પો ઉગવાથી દશે દિશાઓ સુગંધમય થઇ રહેલી છે. આવી રાત્રિના સમયે ત્રિશલારાણીએ ત્રણ જ્ઞાને કરીને સહિત સિંહ લાંચ્છને સૂચિત અને સુવર્ણ કાંતિવાળા પુત્રરત્નને જન્મ આપ્યો.

ભગવાનનો જન્મોત્સવ કરવા ચોસઠ ઇન્દ્રો, છપ્પન દિક્કુમારીઓ અને બીજા અસંખ્ય દેવો માનવલોકમાં સુરગિરિ ઉપર આવે છે. ભગવાનનો અપૂર્વ જન્મોત્સવ કરે છે. જ્યારે ભગવાન માતાની કુક્ષીમાં આવ્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાને ત્યાં ધન, ધન્ય, વાહન, પુજા, સત્કારાદિમાં વૃદ્ધિ થવા લાગી. તેણે અનુસારે જ્યારે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવાનનો જન્મ થયો, ત્યારે માતપિતાએ લાડીલા પુત્રનું નામ 'વર્ધમાન' એ પ્રમાણે રાખ્યું.

વર્ધમાનકુમાર જ્યારે સાત વર્ષ પુરા કરી આઠમા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે માતપિતા નિશાળે ભણવા મૂકે છે જ્ઞાનત્રીવેણી વર્ધમાનકુમારને તો કાંઈ ભણવાનું હતું જ નહિ. જગતમાં તેમને કોઈ વિદ્યાગુરુની જરૂર હતી નહિ. તેઓ સ્વયં બુદ્ધિશાળી હતા. પરંતુ આ તો એક આચારમાત્ર હતો. વર્ધમાનકુમાર જ્યારે નિશાળે ભણવા જાય છે ત્યારે ઈન્દ્ર મહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી પાઠશાલામાં આવે છે ત્યાં કેટલાક શાસ્ત્રના પ્રશ્નો ઉપાધ્યાયને વૃદ્ધ બ્રાહ્મણે પુછ્યા. પરંતુ તેનો પ્રત્યુત્તર ઉપાધ્યાય આપી શકયા નહિ, ત્યારે તે બ્રાહ્મણે તે જ પ્રશ્નો ભગવંતને પુછ્યા. તેના તુર્ત ઉત્તર ભગવંતે આપ્યા. લોકો આશ્ચર્ય ચકિત થઈ ગયા. તે સમયે જૈનેન્દ્ર વ્યાકરણ પ્રગટ થયું.

અનુક્રમે વર્ધમાનકુમાર યૌવન પ્રાપ્ત કરે છતે પંચેન્દ્રિયના વિષયોથી વિરકત મનવાળા હોવા છતાં પણ ભોગકર્મ ભોગવ્યા વિના ક્ષય થવાનું નથી. એમ વિચારી લોલુપતા અને તીવ્ર જીજ્ઞાસા સીવાય તેમાં ઉદાસીન બની, માતપિતાના અતિ આગ્રહથી યશોદા નામની કન્યા સાથે લગ્ન કર્યા. ભગવાનને એક પ્રિયદર્શના નામની પુત્રી હતી. ભગવાનના માતપિતા અઠ્ઠાવીસ વર્ષે સ્વર્ગમાં ગયા ત્યારે ભગવાને પોતાના વડીલબંધુ નંદીવર્ધનની પાસે દીક્ષાની અનુમતિ માગી. નંદીવર્ધને કહ્યું કે ભાઇ! માતાપિતાનો વિયોગ તો અસહ્ય છે અને તેમાં તું દીક્ષા લેવા માટે જાય તો પછી મારું શું થાય? માટે હમણાં હું તને દીક્ષા માટે અનુજ્ઞા ન આપું ભાઇ ભાઈનો પરસ્પરનો સ્નેહ અનન્ય હતો. જગતની અંદર જીવવું હોય તો પ્રેમથી જીવી જાણવું. પરંતુ દ્વેષ, કલહ, કજિયાથી ન જીવવું. માનવ અને તિર્યંચમાં ખરેખરી વિશિષ્ટતા આ જ છે. જેનામાં સાચી માનવતા છે, તે પ્રેમથી જીવે છે. જે પ્રેમથી જીવી નથી જાણતો તે માનવ હોતે છતે પણ જીવનમાં માનવતાને બદલે દાનવતાનો પોષક બને છે.

વડીલ બંધુ નંદીવર્ધનના કહેવાથી વર્ધમાનકુમાર સંસારમાં કમલની જેમ નિર્લેપ રહ્યા. બે વર્ષ પછી ભાઈની પાસે પુનઃ ચારિત્ર માટે અનુજ્ઞા માગી. વડીલ બંધુએ લઘુ બંધુને અનિચ્છાએ ચારિત્રની અનુજ્ઞા આપી. ભગવાને એક વર્ષ પર્યંત વરસીદાન આપ્યું. ત્યાર પછી ભગવાને દીક્ષા લીધી.

વર્ધમાનકુમારનો દીક્ષા મહોત્સવ ઉજવવા ચોસઠ ઇન્દ્રો તથા બીજા ઘણા દેવો આવ્યા. ભગવાને પંચ મુષ્ટિ લોચ કરી પાંચ મહાવ્રતનો સ્વીકાર કર્યો તે સમયે ભગવાનને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. ઈન્દ્ર મહારાજે અવધિજ્ઞાન દ્વારા ભગવાનને ઘણા ઉપસર્ગો થવાના છે તે જાણી ઈન્દ્ર મહારાજે કહ્યું કે ભગવાન! આપને ઘણા ઉપસર્ગો થવાના છે, તો આપની સેવા, શુશ્રુતા માટે આપની સાનિધ્યતામાં રહેવાની મારી ભાવના છે, તો તે વિનંતી આપ સ્વીકારો.

ભગવાને કહ્યું કે હે ઈન્દ્ર! તીર્થંકરો કયારે પણ કોઈની સહાયથી કર્મોને ખપાવતા નથી. આત્મવીર્યના આલંબનથી કર્મોની જંજીરને તોડે છે. પારકાના આલંબનથી ઉન્નતિ ઈચ્છવી એ તો એક જાતની નિર્બળતા છે. ચારિત્રનો સ્વીકાર કર્યા પછી તુર્ત શાશ્વત સુખની ખોજ માટે ભગવાન વિહાર કરે છે. ભગવાનને ત્યારે અનુકૂળ અને પ્રતિકૂળ ઘણાં ઉપસર્ગો થાય છે. જ્ઞાન દ્વારા પોતાના હજી ઘણાં કર્મો બાકી છે. એમ વિચારી અનાર્ય દેશમાં ગમન કરે છે. તીર્થંકરો જ્યાંસુધી કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાંસુધી મૌનપણે વિચરે છે.

મૌન એટલે વચનયોગનું મૌન નહિ, પણ મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવા રૂપ મૌન હતું. આપણે તો મૌન કરીયે તો કેવલ વાણીનો ઉચ્ચાર ન કરીએ, પરંતુ મનમાં અનેક પ્રકારના અશુભ સંકલ્પ વિકલ્પો કરીએ, તે સાચું મૌન કહેવાય નહિ. મનની અશુભ પ્રવૃત્તિને તિલાંજલી આપવી તે મનનું મૌન કહેવાય. કાયાની અંદર પાંચ ઈન્દ્રિયોના વિષયોથી નિવૃત્ત થવું તે કાયાનું મૌન કહેવાય. કાયાનું મૌન કરવું હોય તો આંખોના ભવા ચડાવી બીજાની ઉપર કટાક્ષો કરવા નહિ. તેમ બીજી અનેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રકારની કાયાની ચેષ્ટાઓનો ત્યાગ કરવો. તે કાયાનુ મૌન કહેવાય. ભગવાન તો આથી પણ ઉચ્ચ કક્ષાના મૌનને ધારણ કરતા હતા. લોકોત્તર પુરુષોની પ્રવૃત્તિ અલૌકિક હોય છે.

અનાર્ય દેશમાં વિચરતા વિચરતા ભગવાન અસ્થિક ગામમાં 'શૂલપાણી' નામના યક્ષના મંદિરમાં આવ્યા. 'શૂલપાણી' ખરેખર શૂલ જેવા ક્રૂર સ્વભાવનો હતો. તે યક્ષના મંદિરમાં કોઇ પણ રાત્રિવાસો કરતા તો પ્રાતઃકાળે સૂર્યના ઉદયે તેનું અસ્તિત્વ આ જગતમાંથી નષ્ટ થઈ જતું. નગરના લોકોએ પ્રભુને વિનંતી કરી કે સ્વામી! તમે આ મંદિરમાં રાતવાસો ન રહેશો. આ મંદિરમાં રાતવાસો રહેનારા યમરાજાના શરણે પહોંચે છે.

ભગવાન તો સાહસિક, ધીર, વીર, ગંભીર અને અપરિમિત વીર્યવાળા હતા. પુરુષાર્થને ફોરવે તે પુરુષ કહેવાય. ભગવાન તો સમભાવ ધારણ કરી, ધ્યાનમાં લીન બની, શૂલપાણીને ફૂલપાણી બનાવવા મંદિરમાં રહ્યા. રાત્રિનો પ્રારંભ થયો. સર્વત્ર અંધકારનું સામ્રાજ્ય ફેલાય ગયું. આકાશમાં તારાઓ ટમટમી રહ્યા હતા. સમગ્ર જગત નિદ્રિત થયું હતું. આ સમયે ભગવાન જાગ્રત બની આત્મ ધ્યાનમાં લીન હતા. જ્યારે જગત ઊંઘે છે, ત્યારે સંતો મહાત્માઓ અને ત્યાગીઓ જાગ્રત હોય છે.

મધ્યરાત્રિએ જ્યારે વિકરાળ સ્વરૂપને ધારણ કર્યું ત્યારે અભિમાનથી ધમધમતો શૂલપાણી આવ્યો સત્તાનો સ્વામી શૂલપાણી જ્યારે પોતાના મંદિરમાં રહેલા માનવને જુવે છે ત્યારે યક્ષના મન મંદિરમાં સુષુપ્ત દાનવતા જાગ્રત થઈ. એકદમ ક્રોધાવેશમાં આવી જઇ બોલવા લાગ્યો. આજે કોઈ માનવ માર્ગ ભૂલ્યો લાગે છે. ઠીક, ઠીક, આજે ઘણાં દિવસથી ક્ષુધિત થયેલા મારી ક્ષુધા શાંત થશે. એમ વિચારી નાચતો, કુદતો, હર્ષાવેશથી તાળીઓ પાડતો ભગવાનને કદર્થના કરવા લાગ્યો. ઘણી ઘણી કદર્થના કરવા છતાં પણ મેરૂ પર્વતની જેમ નિષ્કંપ ભગવંત ધ્યાનમાંથી લેશ માત્ર પણ ચલ્યા નહિ. ત્યારે શૂલપાણી ભગવંતની સામે દષ્ટિપાત કરી વિચારે છે, કે આ તો અચેતન પત્થર છે કે સચેતન માનવ છે? આટલી આટલી કદર્થના કરવા છતાં હાલતા ચાલતા નથી પુનઃ પુનઃ પ્રભુની સામે દષ્ટિપાત કરી દષ્ટિ સાથે દષ્ટિનું મિલન કરે છે. ખરેખર, જગતની કોઈ પણ પ્રકારની સૃષ્ટિનું સર્જન દષ્ટિથી થાય છે. ભગવાનની અમીદષ્ટિ સાથે મિલન થવાથી તેનામાં વાસિત થયેલા ક્રોધની જવાળાઓ નષ્ટ થતાં પ્રેમની સૃષ્ટિનું સર્જન થયું. શૂલપાણીને થયું કે ખરેખર આ વિભૂતિ કોઈ અલૌકીક અને અદ્‌ભૂત છે. 'સંગ તેવો રંગ' જાગ્યો આજ પર્યંત તેનામાં રહેલી દાનવતા નષ્ટ થઈ માનવતા સર્જાઈ. યક્ષને સત્ય વસ્તુનું ભાન થયું.

હવે તે શૂલપાણી ભગવાનના ચરણ કમલમાં ફૂલ પાણી બનવા નતમસ્તક બની ગયો. આર્દ્ર હૃદયવાળો થયો. ભૂલોનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો. હવે તે શૂલના જેવો કાંટાળુ સ્વભાવનો ન રહ્યો. કિન્તુ ફૂલના જેવો કોમળ, મૃદુ અને સ્નિગ્ધ સ્વભાવવાળો બની ગયો. આ બધો પ્રતાપ કોનો? સંસર્ગ, સંયોગ અને સહવાસનો.

જીવનને પરિવર્તન કરવામાં સંસ્કાર, સંયોગ અને સંપર્ક એ મુખ્ય ભાગ ભજવે છે. હવે પ્રાતઃકાળ થયો. લોકોએ માન્યું કે યક્ષે સંતને યમરાજાના શરણે પહોંચાડી દીધા હશે મંદિરમાં આવીને લોકો જુવે છે તો યક્ષ સંતની સામે અંજલિ જોડી નત મસ્તકે બેઠેલો છે. લોકો આશ્ચર્યચકિત બની જાય છે. હવે લોકો પણ નિર્ભય બની ગયા. તે અસ્થિક ગ્રામ મટી ધર્મના અસ્તિત્વને ધરાવતુ ગામ બની ગયું. આ છે સંતના પૂનિત પગલાનો પ્રભાવ.

ભગવાન છદ્મસ્થાવસ્થામાં હોવાથી મૌની હતા. કાંઈ પણ બોલતા ન હતા. છતાં પણ શૂલપાણીએ ભગવંતને વિનંતી કરી કે આપ મારા મંદિરમાં ચાતુર્માસ કરો. મારા મનમંદિરમાં તો હવે તો આપના વાસ જીવનપર્યંત જ નહિ કિન્તુ જન્માતરમાં પણ રહેશે. અહીં આપ ચાતુર્માસ કરો અને અધમ એવા મારો ઉદ્ધાર કરો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રભુએ ફૂલપાણી અપરનામ શૂલપાણીના મંદિરમાં ચાતુર્માસ કર્યું. તેણે રાત દિવસ પ્રભુની સેવા, શુશ્રુષા ઉપાસના કરી યક્ષ મનમાં વિચારે છે કે ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થશે ત્યારે દેવો આવી સમવસરણની રચના કરશે ત્યારે અસંખ્ય દેવો તેમની સેવામાં હાજર હશે ત્યારે મારા જેવા તુચ્છ, પામરને તો ઊભા રહેવાની પણ જગ્યા નહિ મળે. તો પછી પ્રભુની સેવા શુશ્રુષાની વાત જ શી કરવી ! અત્યારે તો સ્વામી, પ્રભુ મને એકલાને મળ્યા છે, આ સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે તેને હું સેવા શુશ્રુષા કરી સફળ કરું. આમ વિચારી પ્રભુથી એક ક્ષણ માત્ર દૂર જતો નથી. ક્યારેક પ્રભુના પગ દબાવે છે, ક્યારેક હાથ દબાવે છે, ક્યારેક કચરો સાફ કરે છે, ક્યારેક પ્રભુનું મુખારવિંદ જુવે છે. અને પોતાના જીવનને કૃતકૃત્ય માનતો રહે છે.

ભગવાન મહાવીરે મૂકપણે સંદેશ આપ્યો કે જીવનને અધ્યાત્મમાર્ગે દોરવા માટે અહિંસા, સંયમ, કરુણાની ત્રીવેણીની ખાસ આવશ્યકતા છે.

અહિંસા એટલે કોઈ પણ જીવોને મન, વચન અને કાયાથી અપૂર્વ શાંતિ અને સંતોષનું દાન કરવું. સંયમ એટલે પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન તેની વિષયોમાં થતી પ્રવૃત્તિથી વિરામ પામી નિર્વિકારભાવે વિચરવું કરુણા એટલે જગતના દરેક જીવો ઉપર કરુણા, દયા લાવવી અને તે જીવોની ભાવદયા ચિંતવવી.

ભગવાને સાડા બાર વર્ષ સુધી આવા ઉપસર્ગો સહી ધાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ગામ, નગર અનેક દેશોમાં વિચરી ભવ્યજીવોને પ્રતિબોધ કરવા લાગ્યા. ત્રીસ વર્ષ કેવળીપણે વિચરી અનેક જીવોને સંસારની વિચિત્રતા સમજાવી, દીક્ષાની શિક્ષા આપી મુક્તિ રમણી સાથે મિલન કરાવ્યું.

આજે આપણે પ્રભુ વીરના શાસનમાં છીયે. ભગવંત આપણી સાથે પણ શૂલપાણીની જેમ મૌનપણે રહેલા છે. સિદ્ધાવસ્થામાં છે છતાં પણ જેમ યક્ષે પોતાનું આત્મકલ્યાણ કર્યું તેમ આપણે પણ ભગવાનના ચરણનુ શરણું સ્વીકારી આત્મ કલ્યાણ કરીયે તોજ ખરેખર વીર શાસનની વીરતા આપણે પ્રાપ્ત કરી કહેવાય.

ઉપવનમાં એકાકી નિરાધારપણે ખડા રહેલા વૃક્ષો પણ અત્યંત થાકથી લોથપોથ થયેલા પથિકોને સ્વયં ભડભડતા તાપમાં તપીને વિશ્રામ આપે છે. દીવો પોતે બળીને અન્યને પ્રકાશ અર્પે છે. અરૂણોદય સાથે વિકસિત થતા કુસુમો, સંધ્યા સમયે મ્લાન થતાં પહેલાં ચોમેર સુવાસ ફેલાવે છે. ઉપવનની વનરાજી પણ પોતે પ્રજ્વળીને જનતાને અનેક પ્રકારની અનુકૂળતાઓ પૂરી પાડે છે. તેવી રીતે ત્યાગી અને વૈરાગીઓના જીવન પણ સ્વપરના કલ્યાણાર્થે બલીદાનની વેદી પર આત્મ સમર્પણનો સિદ્ધાંત રજૂ કરે છે.

જીવનનો ઇન્દ્રિયનો પાયો જગતમાં કોઈપણ હોય તો મનજ છે. પ્રભુત્વ શક્તિઓને વિકસાવનાર પણ મન રાજાજ છે. ઘણી વખત આપણને થાય કે આપણે માનવ છીયે, પ્રભુ વીર પણ માનવ હતા, તો આપણામાં અને પ્રભુ વીરના સમર્થપણામાં આટલો બધો તફાવત કેમ ? કિન્તુ જ્યારે હૃદયના ઊંડાણમાંથી વિચારીયે તો માનવ માનસિક વૃત્તિઓના પરિબળથી જીવે તો સાચેજ પ્રભુ શક્તિને વિકસાવી શકે છે. મનને જો દીવાદાંડીની ઉપમા આપીયે તો પણ યોગ્યજ છે. કારણકે મનરાજાના પાંચ ઈન્દ્રિય સેવકો છે. તેને મનરાજા જેમ આજ્ઞા કરે તેમ પાંચ ઈન્દ્રિયરૂપ સેવકોને કરવુંજ પડે છે. મનની સબળતા તે શક્તિઓનો વિકાસ કરનાર છે જ્યારે મનની દુર્બલતા તે શક્તિઓનો વિનાશ કરનાર છે. જે આત્મા ચેતના શક્તિને જાગ્રત કરે છે તે અવશ્ય વીર પ્રભુની જેમ વીરત્વને પ્રાપ્ત કરે છે.

મહાન પુરુષોના જીવનના દરેક પ્રસંગોમાંથી અવનવી પ્રેરણાઓ મળતી રહે છે. તે પ્રેરણાઓ જીવનમાં પ્રાણ પૂરનારી, ચેતના પ્રગટાવનારી હોય છે પ્રેરણા મળ્યા પછી પુરુષાર્થ કરીએ તો જીવનની સાર્થકતા થાય.

—પૂ. ૐકારશ્રીજીના શિષ્યા જયંતપ્રભાશ્રીજી

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની જીવન યાત્રા

( આશાવરી )

મહાવીર તેં તો જનમી જગમાં, માનવતાને જગાડી;
હિંસા દાવાનળ બુઝાવ્યો, અહિંસા ધર્મ પમાડી. ૧
મહાવીર તારી માતૃ ભક્તિએ, અનુપમ પાઠ ભણાવ્યા;
ત્રિશલા કુક્ષીએ માતૃ સ્નેહના, મુલ્યાંકન પિછાણ્યા. ૨
મહાવીર તારી બાળ લીલાએ, વીરત્વતા દેખાડી;
રમત કરતા દેવ હરાવ્યો, મુષ્ટિ પ્રહાર ચખાડી. ૩
મહાવીર તેં તો ભ્રાતૃ સ્નેહની, સૌરભ દિલ પ્રસરાવી;
યશોદા પતિ થઈ ગૃહસ્થ જીવનની, ઝાંખી જગને કરાવી. ૪
મહાવીર તેં તો ત્રીશમાં વરસે, વિરક્ત ભાવ જગાવી;
દાનધર્મની ભવ્ય પ્રણાલી, વરસીદાન વરસાવી. ૫
મહાવીર તેં તો સાધના પંથે, રાજ્ય સુખને ત્યાગ્યા;
વસ્ત્રાભૂષણ સ્ત્રિયાદિકના, સ્નેહ પાશને તોડ્યા. ૬
મહાવીર તારી આત્મસાધના, સંયમ તપથી શોભે;
વર્ષ સાડાબાર તપસ્યા, મૌનથી તત્વને શોધે. ૭
મહાવીર તારા ભિનિષ્કમણમાં, કંટક કષ્ટ છવાયા;
સમતાભાવે કર્મ નિર્જરા, આતમ જ્યોત જગાયા. ૮
મહાવીર તારા કર્ણ પટકમાં, ખીજાઈ ખીલા ખોસ્યા;
ગોવાળોએ અજ્ઞાનતાથી, કારમા કષ્ટો આપ્યા. ૯
મહાવીર તારા પાદ કમળમા, અગ્નિથી ક્ષીર રંધાણી;
સહનશીલતા ધીર વીરતા, સમભાવે સંધાણી. ૧૦
મહાવીર તારી નિષ્કામ કરુણા, ચંડકૌશિક બુઝાવ્યા;
અનાર્ય ભૂમિમાં વીચરીને, કર્મ કિલિષ્ટ ખપાવ્યા. ૧૧
મહાવીર તારા કર્મ બંધનો, શિથીલ થઈને છૂટ્યા;
કેવળજ્ઞાનની જ્યોતિ પ્રગટી, દેવદુદુંભી વાગ્યા. ૧૨
મહાવીર મુખથી વાણી પ્રગટી, ભવ્ય જીવોને બોધ્યા;
સંઘ ચતુર્થની સ્થાપના કરીને, શાસન કીલ્લા બાંધ્યા. ૧૩
મહાવીર તારી આગમ વાણી, શાસ્ત્ર વિષે સચવાણી;
પરંપરાગત જ્ઞાન સરિતા, વીર પાટે વંચાણી. ૧૪
મહાવીર તારી મૂક્તિનો દિપ, આશ્વિન વદિ અમાસે;
બોંતેર વર્ષની જીવન યાત્રા, 'અમર' રચી ઉલ્લાસે. ૧૫

રચયિતા
અમરચંદ માવજી શાહ

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રાહ્મણ અને શ્રમણ

—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

જયઘોષ નામના એક મહાયશસ્વી બ્રાહ્મણ મુનિ હતા. તે યમ–નિયમરૂપી ભાવયજ્ઞ કરનારા અને સંયમી હતા. ગામેગામ વિચરણ કરતાં કરતાં તેઓ એક વખત વારાણસીમાં પધાર્યા અને એક વિજયઘોષ નામના બ્રાહ્મણના યજ્ઞમાં માસખમણના પારણાની ભિક્ષા લેવા માટે ગયા. પણ વિજયઘોષે મુનિનો અનાદર કરીને એમને ભિક્ષા માટે બીજે જવા કહી દીધું. કારણ કે સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનારું યજ્ઞનું આ ભોજન તો વેદવેત્તા અને ધર્મના પારગામી બ્રાહ્મણો માટે હતું.

સમદર્શી જયઘોષ મુનિ, અપમાન થયા છતાં રોષે ન ભરાયા પણ એમણે વિજયઘોષને સાચો 'બ્રાહ્મણ' કેવો હોય તે અને બ્રાહ્મણનાં લક્ષણ સમજાવ્યાં.

**जो लोए बंभणो वुत्तो, अग्गी व महिओ जहा।**
**सया कुसलसंदिट्ठं, तं वयं बूम माहणं ॥**
ઉ० સૂ. ૨૫–૧૯

"જે જગતમાં અગ્નિની જેમ પૂજાય છે, કુશલ પુરુષોએ જેનો બ્રાહ્મણ તરીકે નિર્દેશ કર્યો છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ, જે આસક્ત થતો નથી, પ્રવ્રજિત થઈને શોક કરતો નથી, આર્યવચનોમાં આનંદ પામે છે; અગ્નિમાં તપાવીને શુદ્ધ કરેલા અને મનશીલાદિથી ચકચકિત કરેલા સુવર્ણની જેમ જેના રાગ, દ્વેષ, ભય વગેરે દૂર થઈ ગયા છે; જે તપસ્વી, કૃશ, દાન્ત અને જેનાં માંસ તથા શોણિત સુકાઈ ગયા છે, જે સુવ્રત અને નિર્વાણ પ્રાપ્ત કરનાર છે; જે સ્થાવર–જંગમ પ્રાણીઓને બરાબર જાણીને ત્રણ પ્રકારે (મન, વચન અને કાયાથી. ૨. મૃદુ, મધ્યમ, તીવ્રપણે) એમની હિંસા કરતો નથી; ક્રોધથી, હાસ્યથી, લોભથી અથવા ભયથી જૂઠું બોલતો નથી; જે અદત્ત (કોઈના આપ્યા વિના) થોડું કે ઘણું કંઈ પણ લેતો નથી; મન, કાયા કે વચનથી જે દિવ્ય, માનવ કે તિર્યંચ સંબંધી મૈથુન સેવતો નથી; જળમાં ઉત્પન્ન થયેલુ કમલ જેમ જળથી લેપાતું નથી. એમ વિષયમાંથી ઉત્પન્ન થયેલ છતા કામભોગોથી અલિપ્ત રહે છે; અલોલુપ, મુધાજીવી (કોઈ પણ જાતના બદલાની આશા રાખ્યા વિના કર્મ કરનાર, નિષ્કામ કર્મયોગી), અનગાર–ઘર વિનાનો, અકિંચન અને ગૃહસ્થોમાં અનાસક્ત; પૂર્વ સંયોગ સંબંધીઓ અને બાંધવોનો ત્યાગ કરીને ભોગોમાં આસક્તિ વિનાનો; મુંડનથી શ્રમણ થતો નથી, ૐકારથી બ્રાહ્મણ થતો નથી, અરણ્યવાસથી મુનિ થતો નથી અને કુશનો વસ્ત્ર પહેરવાથી તાપસ થતો નથી. પરંતુ સમતાથી શ્રમણ થાય છે, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થાય છે. **समयाए समणो होइ, बंभचेरेण बंभणो** । જ્ઞાનથી મુનિ થાય છે અને તપથી તાપસ થાય છે; કર્મથી બ્રાહ્મણ થાય છે, કર્મથી ક્ષત્રિય થાય છે, કર્મથી વૈશ્ય થાય છે અને કર્મથી શૂદ્ર થાય છે અને જે સર્વ કર્મથી (કર્મોમાં રહેલી ઊંડી આશક્તિથી) વિમુક્ત થયેલા હોય છે એવા દ્વિજોત્તમો પોતાનો અને બીજાનો ઉદ્ધાર કરવા સમર્થ હોય છે.

જયઘોષ મુનિએ આ રીતે વિજયઘોષના સંશયો દૂર કર્યા એટલે વિજયઘોષે મહામુનિને સાચા સ્વરૂપમાં ઓળખ્યા એણે આદરથી કહ્યું "તમે વેદજ્ઞ અને ધર્મના પારગામી છો. હે ઉત્તમ ભિક્ષુ ! તમે સ્વપરના આત્માનો ઉદ્ધાર કરવા સમર્થ છો તેથી અમારા ઉપર કૃપા કરીને ભિક્ષા ગ્રહણ કરો.

અને એ પછી જયઘોષ મુનિ પાસેથી ધર્મશ્રવણ કરીને વિજયઘોષ દીક્ષા લઇને સર્વોત્તમ ગતિ પામ્યો. (ઉ. સૂ. અધ્યયન ૨૫)

'ઉત્તરાધ્યયન સૂત્ર'ની જેમ ભારતની તમામ વિચાર ધારાઓને પોતાના બૃહદ વિસ્તારમાં નિષ્પક્ષપણે સમાવતા 'ગ્રન્થાર્ણવ' મહાભારત અને બૌદ્ધ અનુગમમાં વિશિષ્ટ સન્માનનીય સ્થાન ધરાવતા 'ધમ્મપદ'માં પણ 'સાચા બ્રાહ્મણ'નાં લક્ષણ વિસ્તારથી વર્ણવવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યાં છે. તેથી હવે અનુક્રમે મહાભારત અને ધમ્મપદમાં વર્ણવેલ બ્રાહ્મણનાં લક્ષણ આપ્યાં છે.

**निराशिषमनारम्भं निर्नमस्कारमस्तुतिम् ।**
**अक्षीणं क्षीणकर्माणं तं देवा ब्राह्मणं विदुः ॥**
(મ. ભા. શાન્તિપર્વ, ૨૫૫-૩૩)

આશા, આરંભ, નમસ્કાર અને સ્વપ્રશંસાનો ત્યાગ કરનાર, વિષયોનું સેવન નથી કરતો તેથી બ્રહ્મચર્યના બળ વડે બધી ઇન્દ્રિયોનું તેજ સચવાયેલું હોવાથી અક્ષીણ અને જેનાં કર્મો ક્ષીણ છે જેને દેવો બ્રાહ્મણ જાણે છે. લાજ ઢાંકવા પૂરતું જ વસ્ત્ર પહેરનાર, ભોંય ઉપર સૂઈ રહેનાર, શમસંપન્ન; સુખદુઃખરૂપી દ્વંદ્વવાળા જગતરૂપી ઉપવનમાં એકલો રમણ કરનાર, બીજાઓ શું કરે છે તેનો વિચાર નહિ કરનાર પણ પોતે ધર્મપાલન કરનાર; સર્વ પ્રાણીઓને અભય આપનાર, સર્વ ભૂતોના આત્મારૂપ અને કોઈનાથી પણ નહિ ડરનાર; જે મનુષ્યના ચારે દ્વાર ઉપસ્થ, ઉદર, હાથ-પગ અને વાણી સુગુપ્ત હોય. (જૈન પરિભાષા પ્રમાણે 'ગુપ્તિ'નો અર્થ દોષથી સંરક્ષણ કરનાર એમ થાય છે. એટલે આવો મનુષ્ય 'સુગુપ્ત' કહેવાય); જે એકથી શૂન્યસ્થાન ભર્યું ભર્યું લાગે અને મનુષ્યોથી ભર્યું સ્થાન શૂન્ય લાગે; જે મળ્યું તે પહેરનાર, જે આવી મળે તે જમનાર, જ્યાં જગા મળે ત્યાં સૂનાર; માન મળે તો હર્ષ ન કરે, અપમાનથી ક્રોધ ન કરે, સર્વ ભૂતોને અભયદાન આપે; મરણ કે જીવન કશાયને અભિનંદન ન આપે પણ સ્વામીની આજ્ઞાની જેમ સેવક રાહ જોયા કરે એમ કાળની રાહ જોનાર; અહિંસક, સમ, સત્યાચરણી, ધૃતિમાન, સંયમી, સર્વ પ્રાણીઓના શરણરૂપ, પ્રજ્ઞાનથી તૃપ્ત, મૃત્યુને વશ ન થનાર પણ મૃત્યુને વશ કરનાર; સર્વ સંગોથી વિમુક્ત, આકાશની જેમ નિર્લેપ, મમત્વ વિનાનો, એકલો ફરનાર અને શાન્ત; જીવન કેવળ ધર્મ માટે, ધર્મ પ્રાણીઓને મદદરૂપ થવા માટે, અહોરાત્ર પુણ્ય માટે અને આખું જીવન પવિત્ર કાર્યો માટે જ હોય; શરીરમાં રહેલા કામ, ક્રોધ અને મોહરૂપી મહાશત્રુઓનો ત્યાગ કરીને તેમને જીતી લેનાર, સત્ય બોલનાર, ગુરુને સંતોષ આપનાર, પોતાની હિંસા કરવામાં આવે તો પણ સામી હિંસા ન કરનાર; સ્વાધ્યાય, દમ, સરળતા અને ઇન્દ્રયનિગ્રહ એ બ્રાહ્મણોનું શાશ્વત ધન છે, આવા ધનને મેળવનાર; જે અક્કડ ન હોય, અભિમાની ન હોય, પ્રમાદી ન હોય, જે સમૃદ્ધિ અને ચમત્કારોથી વિસ્મિત ન થાય, અને જે સર્વ પ્રત્યે મૈત્રીભાવ રાખે છે; વૃદ્ધિ પામતા વાણીના વેગને, મનના વેગને, ક્રોધના વેગને, તીવ્ર મહત્ત્વાકાંક્ષાના વેગને, વધુ પડતું જાણવાની ઈચ્છાના વેગને, ઉદર અને ઉપસ્થના વેગને સહન કરે છે-આ વેગોનું નિયમન કરે છે; સંબંધીઓની વચ્ચે રહેવા છતાં યોગગતિવાળો, અપરિગ્રહી, અયાચક, શિષ્ટ છતાં શિષ્ટતાનો ડોળ ન દેખાડનાર, કવિ અર્થાત્ ક્રાન્તદર્શી બ્રહ્મનિષ્ઠ પુરુષ બ્રહ્મવેત્તા થાય છે; જે માનુષી ધનથી નહીં પણ સાનધનથી આઢ્ય છે એવા દુર્ધર્ષ પુરુષને શરીરધારી બ્રહ્મ જેવો જાણવો. સત્યમાં સ્થિતિ કરનારો બ્રાહ્મણ બ્રહ્મદર્શી અર્થાત્ સર્વજ્ઞ થાય છે.

(મહાભારતના વિવિધ સંદર્ભો)

હવે 'ધમ્મપદ'ના બ્રાહ્મણ વિશેના કેટલાક ઉલ્લેખ જોઇએ.

**यस्य पारं अपारं वा पारापारं न विज्जति ।**
**वीतद्दरं विसं युक्तं तमहं ब्रूमि माहणं ॥३८५॥**

જેને પાર (ઊર્ધ્વભાગી નામની ઓળખાતાં બંધન) નથી અપાર (અવરભાગી નામથી ઓળખાતાં બંધન) નથી અથવા પારાપાર નથી એવા નિડર અનાસક્ત પુરૂષને હું બ્રાહ્મણ કહું છું. તૃષ્ણાને કાપનાર, કાળને હાંકી કાઢનાર, નિર્વાણનો જાણકાર, ધ્યાન અને પ્રજ્ઞા એ બન્ને ધર્મોનો પારગામી, દયાળુ, નિષ્પાપ, સ્થિર, કૃતકૃત્ય, તૃષ્ણા વિનાનો, પરમાર્થને પ્રાપ્ત કરનાર, પાપને બાહ્ય કરનાર, સમચર્યાવાળો, વાસનારૂપી મેલને પ્રવ્રજિત કરનાર ત્યાગનાર, અક્રોધી, અહિંસક, મન, વચન, કાયાથી દુષ્કૃત્ય નહિ કરનાર અને એ ત્રણેય સ્થાનનું સંરક્ષણ કરનાર અકિંચન લેવાની ઈચ્છા વિનાનો, કૃશ અને ધ્યાની, મૈત્રીભાવ રાખીને ગાળો, વધ, બંધ વગેરેને ખમી લેનાર ક્ષમારૂપી સેનાવાળો, વ્રતવાન, શીલવાન, તૃષ્ણાના અભાવથી નમ્ર દાની, અંતિમ શરીરવાળો કમળ ઉપરના પાણીની પેઠે અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આરની અણી ઉપરના સરસવની પેઠે કામથી અલિપ્ત અહીંઆ જ પોતાના દુઃખ ક્ષયને જાણનાર, તૃષ્ણા-ભાર વિનાનો ગંભીર પ્રજ્ઞાવાળો, મેધાવી, માર્ગને-અમાર્ગને જાણનાર, દંડનિધાન કરી વાત કરે નહિ અને કરાવે નહિ, વિરૂદ્ધ મનુષ્યોનો પણ વિરોધ નહિ કરનાર, દંડ ધારણ કરી મારવા આવનારાઓની વચ્ચે પણ દંડ છોડી દેનાર અર્થાત્ અહિંસક, સંગ્રહ કરનારાઓની વચ્ચે પણ અપરિગ્રહી, રાગ, દ્વેષ, માન, તિરસ્કાર વિનાનો અકર્કશ સ્પષ્ટ વચન બોલનાર આપ્યા વિના કંઈ પણ ન લેનાર શંકા વિનાનો અને અમૃતમાં પ્રવેશેલો જીવન મુક્ત પુણ્ય અને પાપથી પર અશોક, વિરજ, વિશુદ્ધ, ચંદ્ર જેવો વિમલ, પ્રસન્ન, નિર્મળ, મોહ વિનાનો, કામ અને સંસાર પ્રપંચ વિનાનો, સર્વ દિવ્ય અને મનુષ્ય બંધનોથી મુક્ત, જેની ગતિ દેવ, ગન્ધર્વ કે મનુષ્યો જાણતાં નથી એવો ક્ષીણાસવ અરહન્ત, વૃષભ, પ્રવર, વીર, મહર્ષિ, વિજયી, નિષ્કંપ સ્નાતક, બુદ્ધ, પૂર્વ જન્મનો જ્ઞાતા, સ્વર્ગ અને નરકને જોનાર પુનર્જન્મ ક્ષીણ કરનાર, પ્રજ્ઞા પ્રાપ્ત કરનાર અને પ્રાપ્ત કરવા ગોગ્ય સઘળું પ્રાપ્ત કરનાર (ભગવાન બુદ્ધ કહે છે કે આવા પુરૂષને) હુ બ્રાહ્મણ કહું છું.

'બ્રાહ્મણ' શબ્દનું નિર્વચન આ પ્રમાણે થાય છે. (૧) બ્રહ્મ અર્થાત્ પરમાત્મ તત્વને જાણનાર, તેમાં નિષ્ઠા રાખનાર તે બ્રાહ્મણ. (૨) બ્રહ્મ અર્થાત્ યજ્ઞ અને અથવા વેદો અને ક્રિયાકાંડોમાં નિષ્ઠા રાખનાર તે બ્રાહ્મણ.

'શ્રમણ' શબ્દનું નિર્વચન—જે પરંપરાના પ્રતિનિધિ તરીકે મુખ્યત્વે જૈનો અને બૌદ્ધો મનાયા છે તે—આ પ્રમાણ થાય છે : (૧) સંસારના શ્રમથી ઉપશંમ પામવા પ્રયત્ન કરનાર. (૨) શ્રમ અર્થાત્ તપ કરનાર. ઉપરના નિર્વચનો ઉપરાંત જેમ જેમ શ્રમણ પરંપરા વિકસિત થતી ગઈ, શોધાતી ગઈ તેમ તેમ તેનાં જુદાં જુદાં નિર્વચનો પણ થવા માંડયાં. એમાંના થોડાંક નીચે પ્રમાણે છે : (૧) ભગવાન વિષ્ણુનું એક નામ 'શ્રમણ' છે. તેનું નિર્વચન સર્વ અવિવેકીઓને જે સંતાપે છે અર્થાત્ શ્રમ આપે છે તે 'શ્રમણ' એમ કરવામાં આવ્યું છે. (૨) મૂળ સંસ્કૃત ધાતુ 'શ્રમ્' નહિ લેતાં 'સમ' અર્થાત્ સંમત્વ લઈને પ્રાકૃતમાં 'સમતાથી સમણ થાય છે—સમયાએ સમણો હોઈ' ) ઉ. સૂત્ર. ૨૫-૩૨ ) કે પાલિમાં 'સમચર્યાથી સમણ અર્થાત્ શ્રમણ કહેવાય -સમચરિયા સમણો તે મુચ્યતિ' ('ધમ્મપદ' ૩૮૮) એવું નિર્વચન કરવામાં આવ્યું. 'બ્રાહ્મણ' શબ્દનુ પણ એ શ્રમણ પરંપરાઓએ જાણવા-જોગ નિર્વચન કર્યું છે. 'બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થાય છે' (ઉ. સૂત્ર ૨૫-૩૨), અને 'પાપને બાહ્ય કરવાથી બ્રાહ્મણ થાય છે.' ('ધમ્મપદ' ૩૮૮). (૩) સંસ્કૃત 'શમન' ઉપરથી 'સમન' એટલે કે સર્વ પાપોનું શમન કરવા માટે પ્રયત્ન કરનાર ('ધમ્મપદ' ૩૮૮). (૪) પ્રાકૃત 'સમિતિ' અર્થાત્ શત્રુમિત્ર પ્રત્યે સમતાથી અને 'અણુતિ એટલે પ્રવર્તન કરનાર એ સમણ. મૂળ પ્રાકૃત હોવાથી બધે 'સમણ'ત્તિ એમ પ્રયોગ થાય છે. (અભિધાન-રાજેન્દ્ર' ગ્રંથ ૭, પૃ. ૪૦૪). (૫) મૂળ 'સમનસ્' ઉપરથી નિદાન, પરિણામ અને લક્ષણના સંતાપ વિના વર્તે તે સમનસ્ અર્થાત્ સ્વજન અને પરજન પ્રત્યે જેનું મન તુલ્ય છે તે સમન એટલે કે સર્વત્ર સમભાવવાળો. ('અભિધાન રાજેન્દ્ર'. ગ્રંથ ૭, પૃ. ૪૦૪).

'બ્રાહ્મણ' અને 'શ્રમણ' શબ્દનાં આવાં નિર્વચનો જે તે પરંપરાના પરમ સિદ્ધિ પ્રત્યે ગતિ કરતા મહાત્માઓનાં ઉત્તમ ચારિત્ર્યમાંથી જન્મેલાં છે. તેથી 'બ્રાહ્મણ' અને શ્રમણ' ઉભયનો સનાતન આનંદમય સમત્વદર્શી વિચારોના ભવ્ય સંગમમાંથી સદા વિકસતી સર્વોત્તમ એવી હિન્દુસ્તાનની સંસ્કૃતિ સર્જાઈ એ સંસ્કૃતિ ભારતની હોવા સાથે સમગ્ર માનવજાતિની છે. સંપૂર્ણ પ્રાણી જગત પ્રત્યે કરૂણા અને મૈત્રી દ્વારા તેની અભિવ્યક્તિ થાય છે અને તેના વારસદારો, તેનું અનુશીલન કરનારા વધે એમ તે પણ વધતી જવાની છે.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપયોગી પ્રકાશનો

## શ્રી મોતીચંદ કાપડીઆ ગ્રંથમાળા

(૧) અધ્યાત્મકલ્પદ્રુમ : ભાષાંતર તથા વિવેચન કર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ (કિંમત રૂા. ૮)

(૨) જૈન દૃષ્ટિએ યોગ : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ (કિંમત રૂા. ૪)

(૩) આનંદઘનજીનાપદો ભાગ–૨ જો : વિવેચનકર્તા : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (કિંમત રૂા. ૧૦)

(૪) આનંદઘન ચોવીશી : વિવેચક : શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ
સંપાદક : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ (કિંમત રૂા. ૮)

## જૈન આગમ ગ્રંથમાળા

(૧) નંદીસુત્તં : સંપાદક : પૂ. આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ
પં. શ્રી દલસુખભાઈ માલવણીઆ
પં. શ્રી અમૃતલાલ મોહનલાલ (કિંમત રૂા. ૪૦)

(૨) પણ્ણવણાસુત્તં ભાગ–૧ ,, (કિંમત રૂા. ૩૦)

(૩) પણ્ણવણાસુત્તં ભાગ–૨ ,, (કિંમત રૂા. ૪૦)

(૪) વિયાહપણ્ણત્તિસુત્તં ભાગ–૧ સંપાદક : પં. શ્રી બેચરદાસ દોશી (કિંમત રૂા. ૪૦)

## અન્ય ઉપયોગી પ્રકાશનો

(૧) કાવ્યાનુશાસન : કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ (કિંમત રૂા. ૧૫)

(૨) યોગશાસ્ત્ર : કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ (કિંમત રૂા. ૧–૨૫)

(૩) અષ્ટપ્રકરણ : આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ (કિંમત રૂા. ૦–૨૫)

(૪) Systems of Indian Philosophy : Late Shri V. R. Gandhi (કિંમત રૂા. ૫–૦૦)

(૫) સુવર્ણ–મહોત્સવ ગ્રન્થ ભાગ–૧–૨ : (કિંમત રૂા. ૫૦–૦૦)
સભ્યો અને સંસ્થાઓ માટે (કિંમત રૂા. ૨૫–૦૦)

(૬) New Documents of Jaina Paintings :
Dr. Motichandra & Dr. U. P. Shah (મુદ્રણમાં છે.)

—: પ્રાપ્તીસ્થાન :—

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય,** ઓગષ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ–૩૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઝેર કે અમૃત ?

: લેખક :

ઝવેરભાઇ બી. શેઠ

બી. એ.

ભગવાન મહાવીર સદેહે ભારતભૂમિને પુનિત કરતા હતા. એ અરસામાં એક મહારાજા સ્વર્ગસમ મહેલમાં મ્હાલતા હતા. સમૃદ્ધિના એ સ્વામી હતા. પોતાના યૌવન, રૂપ અને કસબનું તેને અભિમાન હતું. ગાડી ઘોડા, નોકર–ચાકરની સુવિધાનો તેને ગર્વ હતો. ઝનાનામાં મલકતી એકથી એક ચઢીયાતી સ્વરૂપવાન અપ્સરાશી રાણીઓનો તેને મદ હતો. સંસારના સર્વ પ્રકારના સુખોની સુવિધા પ્રાપ્ત કરનાર આ મહારાજાને કયાં ખબર હતી કે કુદરતની કૃપા સિવાય આ સઘળું મળવું મુશ્કેલ બને છે.

તેણે કદી યાતના ભોગવી ન હોતી. દુઃખની ઝાંખી કરી નહોતી. અગવડ કોને કહેવાય તેનો તેને ખ્યાલ નહોતો જીવન એકધારૂં, એજ ધરેડમાં સુખચેનથી પસાર થયાં જ કરશે એવા ભ્રમમાં એ હતો.

પરંતુ કાળચક્ર ફરે ત્યારે તો કોણ રાજા અને કોણ રંક ? કોણ માનવ કે કોણ દાનવ ?

એક રાતે તેને પેટનો સખત દુઃખાવો ઉપડયો. અસહ્ય વેદના. જીવનમાં પ્રથમવાર જ અણધારી આવી પડેલી આ આફતથી મહારાજા ત્રાહીમામ પોકારી ગયો. વૈદો, હકીમો, ડોકટરોને બોલાવ્યા. સૌ ખડે પગે રહીને ઇલાજ કરતા હતા. એક એકથી ચઢીયાતા ઈલાજ પરંતુ સઘળા જ નાકામિયાબ.

જંત્ર, તંત્ર, મંત્ર, દોરા, ધાગા જાણનાર કરનારને બોલાવ્યા કોઈની કંઈ કારી ફાવી નહિ. આ કયા પ્રકારનો રોગ છે એ જ કોઈ પારખી શકતું નહોતું. સાચુ નિદાન ન થાય પછી તેનો સાચો ઇલાજ કયાંથી થાય ? એ બન્ને ન થાય ત્યાં સુધી રોગ મટે કઈ રીતે ?

રાજા ગભરાવા લાગ્યો તેને થયું કે હવે તો મોત હાથવેંતમાં છે. તેનું અભિમાન, તેનો ગર્વ, તેનો મદ ગળવા લાગ્યા. તેને આભાસ થયો કે પોતાની તાકાત કરતાં કોઇ એવી તાકાતવાન શક્તિ છે જે માનવીને ઘડીના છઠ્ઠા ભાગમાં હતો–નહોતો કરી નાખી શકે છે. હતાશ થએલા મહારાજાને સદ્‌ભાગ્યે યાદ આવ્યું કે ભગવાન મહાવીર નજીકના પ્રદેશમાં વિચરે છે. અંતિમ સમયે તેમના દર્શન કરી લેવાની–તેમના આશિર્વાદ મેળવવાની તેને જીજ્ઞાસા જાગી. આપ્જનોને તેણે તદનુસાર હુકમ કર્યો. એક સુંદર પાલખીમાં સુવડાવીને મહારાજાને ભગવાન મહાવીર પાસે લાવવામાં આવ્યા. ભગવાન મહાવીરના દર્શન પામતાજ તેનું અર્ધું દર્દ જાણે ઓછું થઈ ગયું.

તેણે ભગવાનને વંદન કર્યું. ભગવાન તો તેની સ્થિતિ, મનના વિચારો અને ઘેરી લાગણી જાણતા હતા. ભગવાન જ ઉચ્ચર્યાં,

'હે મહાનુભાવ ! તને તારા સર્વ ઉચ્ચ પ્રકારના સુખ–સાહ્યબીના સાધનોનું અભિમાન થયુ હતું ને ? આ જગતમાં તારા જેવો કોઈ, સુખી, સમૃદ્ધ, સ્વરૂપવાન, યુવાન મહારાજા નથી, અને આ સઘળું જાણે અમર હોય તેમ માનીને તું જીવતો હતો, તારી એ માન્યતા ગલત છે–ખોટી છે–ભ્રમવાળી છે એની પ્રતિતિ હવે તને થવા લાગી છે ને ?

સંસારના સઘળાં સુખના સાધનો પ્રાપ્ય બને છે પૂર્વના પુન્યબળે. છતાં તે નાશવંત છે. અનિશ્ચિત છે–અસનાતન છે. માનવી જ્યારે તેને અમર માની લઇને તેમાં ચકચૂર થઈ જાય છે, તેનું તેને અભિમાન આવી જાય છે ત્યારે તે વિપથગામી બને છે. ખોટી વિચારસરણીને સાચી માનીને તે ચાલે છે. તેથી પ્રયાણ મોક્ષભણી કર્યું છે એમ માનીને ચાલવા છતાં તે તે મઝલ કરે છે નર્કપ્રતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તારો પેટનો દુઃખાવો માત્ર નવકારમંત્રના સતત ઉચ્ચારથી મટી જવાનો છે. નવપદજીની આરાધનાથી જેમ શ્રીપાળરાજાનો કોઢ સદંતર લોપ થઇ ગયો અને તેની કંચનવર્ણી કાયા બની ગઈ તેમ. એટલે સંસારની આ માયાજાળ એક પ્રકારનું ઝેર છે. જેને તે અમૃત માનેલું.

અમૃત છે આત્માનો સચ્ચિદાનંદ. નિર્મમત્તા, જીવનના સદ્‌ગુણો પાયાના સિદ્ધાંતો, અહિંસા, સત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય અચૌર્ય ઈત્યાદિ.

ભગવાનની મધુરવાણી સૂણીને રાજાને પ્રતિતિ થઈ કે પોતે ખોટે માર્ગે જઈ રહ્યો હતો. તેણે નવકાર મંત્રના જાપ શરૂ કર્યા. ત્રણ ઉપવાસ (અઠ્ઠમ) કર્યા. પેટનો દુઃખાવો તો ક્યાંય અલોપ થઈ ગયો. પરંતુ મનના મેલ ધોવાઈ ગયા. ભગવાનના ચરણોમાં તે ઝુકી પડયો.

નવી વિચાર સરણી અને ભગવાનના આશિર્વાદ મેળવીને તે સ્વભૂમિમાં પાછો ફર્યો ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ ત્યારે તેને એ રોશની નાચ, ગાન, આનંદ પ્રમોદના ઉત્સવો ફીક્કા-ફચ્ચ લાગ્યા. તેણે મનોમન નક્કી કર્યું હતું કે સંસારમાં ભલે રહેવું પડે પરંતુ નિર્લેપ થઇને જલકમલવત્.

તેણે ઝેરના કટોરાનો ત્યાગ કર્યો. અમૃતનું પાન શરૂ કર્યું. એટલું જ નહીં પરંતુ પોતાના પરિચયમાં આવનાર પ્રત્યેક માનવીને તે પોતાના વર્તનથી તેની શીખ આપતો હતો. સંસારી છતાં અસંસારી બનવાની.


**લોખંડ**

ના

**ગોળ અને ચોરસ સળીયા**

**પટ્ટી તેમજ પાટા**

વિગેરે મળશે.

**ધી ભારત આર્યન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ**

રૂવાપરી રોડ, **ભાવનગર.**

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન : ઓફીસ : ૫૬૫૦, ૩૨૧૯

રેસીડેન્ટ : ૪૫૫૭, ૫૫૨૫




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિર્વાણ મહોત્સવ

* ભાનુમતી દલાલ *

વિશ્વ કલ્યાણના માર્ગમાં કંઈક ગણનાપાત્ર પ્રદાન કરી શકાય એવો એક સુઅવસર જૈન સમાજને પ્રાપ્ત થયો છે. એ સુઅવસર એ છે કે ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ કે જે રાષ્ટ્રીયસ્તરે ઉજવવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે આયોજન કર્યું છે. આ નિર્વાણ મહોત્સવ ૧૩ નવેમ્બર ૧૯૭૪ થી ૩ નવેમ્બર ૧૯૭૫ પૂરા એક વર્ષ સુધી ચાલશે. અને તે વર્ષ ભગવાન શ્રી મહાવીર નિર્વાણ મહોત્સવ તરીકે મનાવવામાં આવી રહ્યું છે.

આ મહોત્સવ નિમિત્તે ભગવાન શ્રી મહાવીરના સ્મારકો વિધ વિધ રીતે અને સારા એવા પ્રમાણમાં સ્થપાઈ રહ્યાં છે.

ભગવાન શ્રી મહાવીર વિશે સાહિત્ય પ્રકાશનો તેમજ વિશેષાંક, સામયિકો પ્રકાશિત કરવામાં આવ્યા છે. સારાએ વિશ્વમાં ભગવાન શ્રી મહાવીરને પ્રત્યક્ષ કરવા માટે ચાંદીના સિક્કાઓ પ્રગટ થઇ રહ્યા છે કેલેન્ડર જેમાં જૈન શાસ્ત્રીય પંચરંગી ધ્વજ, નવકાર મંત્ર વચ્ચે નવપદજીનું આકર્ષક ચિત્ર, એકબાજુ ૐ કાર બીજયંત્ર, એક બાજુ હ્રીંકાર બીજયંત્ર યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યાં છે. સરકાર તરફથી પાવાપૂરી (નિર્વાણભૂમિ)ની ૨૫) પૈસાવાળી ટીકીટો બહાર પડી ચૂકી છે. ભ. મહાવીરના જુદા જુદા પ્રસંગોના રંગબેરંગી ચિત્રોવાળા ગ્રીટીંગ્સ કાર્ડ, જૈન તીર્થોના આલ્બમ, એલ્યુમિનમના પતરા ઉપર ભગવાન શ્રી મહાવીરનું ચિત્ર તથા નવકાર મંત્ર વગેરે જુદી જુદી રીતે પ્રસિદ્ધ કરી ભગવાન મહાવીરના જીવનને પ્રકાશિત કરવા સૌ પ્રયત્ન કરી રહ્યા છે આવા કેલેન્ડરો, આવી ટીકીટો સાથે સાથે એમના મૂર્ત સ્વરૂપને આપીને એમના જીવન પ્રસંગો તથા ફીલસુફી આલેખીને તૈયાર થયેલા વિધવિધ વસ્તુઓ જોવામાં આવે છે.

તાજેતરમાં પૂ. યશોવિજયજી મ. સંપાદિત ભ. મહાવીરનો ચિત્ર સંપૂટ બહાર પડ્યો છે. એમાં ભગવાન મહાવીરના જીવન પ્રસંગોના ૩૪ ચિત્રો અને છેલ્લે ગૌતમસ્વામીનું ભાવવાહી ચિત્ર આલેખવામાં આવ્યા છે. સાથે ત્રણ ભાષામાં (ગુજરાતી, હીન્દિ, અને અંગ્રેજી) ભ. મહાવીરનું જીવન ચરિત્ર, ૧૦૫, પ્રતીક ચિત્રો, તેમજ ૩૫ બોર્ડરોવાળો સુશોભિત સ્મારક ગ્રન્થ પ્રકાશિત થઈ ચૂકયો છે.

દેશમાં પ્રત્યેક સ્થળે ભ. મહાવીરના વરઘોડાઓ નીકળે છે. કોઇ સભાઓ ગોઠવે છે. જેમાં ભગવાન મહાવીર વિશે. જુદા જુદા વક્તાઓ પ્રવચનો કરે છે. જુદા જુદા જિન મંદિરોમાં પૂજાઓ પૂજનો ભણાવાય છે. જૈન સંસ્થાઓ પણ ભ. મહાવીર વિશે જુદા જુદા કાર્યક્રમો યોજે છે.

આ પ્રમાણે અનેકવિધ રીતે એમાં સર્વદેશીય પ્રયાસો થઇ રહ્યા છે. સાહિત્ય અને લલિત કલાના આશ્રય નીચે ભગવાન શ્રી મહાવીરના જીવન–કવન અને સિદ્ધિઓની અનંત હારમાળાઓ પ્રજા સમક્ષ પથરાવા માંડી છે.

આમ ભ. મહાવીરની નિર્વાણ શતાબ્દી પ્રસંગે જેમને ભગવાન મહાવીરને અંજલી અર્પવી હોય તે રીતે સૌ પોત પોતાની રીતે કાર્યક્રમ યોજે છે.

ભગવાનના જીવનકાળને આજે ૨૫૦૦ વર્ષ થયા. અને તોયે એમનો સંદેશ, એમણે પ્રગટાવેલી નવચેતના એટલાજ શક્તિમાન રહ્યા છે. એમના ઉપદેશમાં અજબની તાકાત અને પ્રચંડ શક્તિ રહેલી છે. સારાએ વિશ્વમાં એ તાકાત અને પ્રચંડ શક્તિ નવી દીશા નવી ચેતના અને નવી જાગૃતિ લાવશે.

એમણે આચારમાં અહિંસા, વિચારોમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અનેકાંતવાદ અને જીવન જીવવામાં કર્મવાદ આ ત્રણ મૂળભૂત સિદ્ધાંતો નિરૂપ્યા છે. આ ત્રણ પાયાના સિદ્ધાંતો જીવનમાં ચરિતાર્થ થાય તો વિશ્વ સમાજના અનેક ઘર્ષણો, વિગ્રહો, વિતંડાવાદો અને સત્તા વૈભવની લાલસામાંથી પ્રગટતા વિષમ દુર્લક્ષણો સહજ ભાવે નિવારી શકાય. માનવ કલ્યાણની કામના જ એમાં સર્વોપરી બની રહે. માનવી માનવી વચ્ચેના પ્રેમની સરવાણીઓ તથા કરૂણાભાવ અને મુદિત મન કોઇ દુર્ગમ પ્રશ્ન વણઉકલ્યો નહિ રહેવા દે. અને સારાએ વિશ્વને માટે કલ્યાણકારી બની રહેશે.

ભગવાન શ્રી મહાવીર કોઇ એક જાતિ કે સંપ્રદાયના ન્હોતા પરંતુ તેઓ આખા વિશ્વના હતા. એમને જે કંઇ પણ આપ્યું છે. તે સૌ જીવોના કલ્યાણ અને શાંતિ માટે આપ્યું છે એને આપણે સૌ જીવનના આચરણમાં ઉતારી એમના આદર્શો અને સિદ્ધાંતોને વ્યાપક બનાવવા પુરુષાર્થ કરીએ. અને ભગવાન શ્રી મહાવીરે પ્રગટાવેલી જ્યોતના પ્રકાશને ઠેર ઠેર પહોંચાડવા પ્રયત્નશીલ બનીએ, અને એમની અહિંસાની અમૃતધારાનું, હિંસા અને યુદ્ધમાં સળગતા વિશ્વ ઉપર પ્રક્ષાલન કરી તેને શાંતિ અને શીતળતા બક્ષીએ.

આજે આપણે સૌ એકબીજા ઉપર દોષારોપણ કરી રહ્યા છીએ. પરંતુ આપણે પોતે આપણા પોતાના દોષો જોવા તરફ લક્ષ નથી આપતા. માટે આપણે સૌ આપણા દોષોનો વિચાર કરીએ! આપણા સમાજમાં આપણે બીજાની સગવડો અને તકલીફનો વિચાર કરીએ વ્યક્તિ વ્યક્તિ પ્રત્યે આદરમાન કરીએ. આપણી પાસે જે કંઈપણ હોય તે આપણી યથાશક્તિ પ્રમાણે વહેંચીને ખાઈએ. કોઇની મહેનતનું ફળ આપણે ઝુંટવી ન લઇએ. આપણા પરસ્પર સદ્‌વર્તન માટે વફાદાર રહીએ તો આપણી ઘણી સમશ્યાનો નિવેડો આવી જશે. અને સમાજનું નૈતિક જીવન આ રીતે ઘણું ઉંચુ આવી જશે. અને સૌના જીવનમાં શાંતિ સ્થપાશે.

આજના આ અંધકારપૂર્ણ વાતાવરણમાં ભગવાન શ્રી મહાવીરના સિદ્ધાંતોની ખૂબ જરૂરિઆત છે. એમના આદર્શોનો પ્રકાશ આપણને અંધકારના વાતાવરણમાંથી બહાર કાઢી પ્રકાશની મંઝિલ પર પહોંચાડશે.

આ પવિત્ર નિર્વાણ વર્ષમાં ભગવાન મહાવીરના ચૈત્ર સુદિ તેરશના જન્મકલ્યાણકના દિવસે એમના આદર્શો જીવનમાં અપનાવીએ અને તેમને આપણા સૌની સાચી શ્રદ્ધાંજલી અર્પીએ.


## શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થાને મદદ કરો

અહિંસાના અવતાર મહાનુભાવ દાનવીરોને નમ્રભાવે અપીલ કરીએ છીએ કે:-ઘણા વર્ષોની આ સંસ્થા માંદા, અપંગ, વૃદ્ધ, નિરાશ્રીત પશુઓને બચાવી તેમના સુખરૂપ જીવન નિર્વાહનો પ્રબંધ કરે છે સંસ્થાની સુવ્યવસ્થા અને ખ્યાતિના કારણે દરરોજની ઢોરોની આવક ચાલુજ છે. દુષ્કાળ પરિસ્થીતિને લીધે જીવોના રોજીંદા ખર્ચને પહોંચી વળવું બહુ મુશ્કેલ છે. સંસ્થા પાસે નિભાવ માટે કંઈ ફંડ નથી. દાનવીરોની છુટી છવાઈ મદદ ઉપરજ સંસ્થાનો નિભાવ થાય છે. આવા કપરા સમયમાં જીવોના નિભાવ માટે મુશ્કેલી ઉભી થઈ છે તો મુંગા જીવો માટે યોગ્ય દાન મોકલી–મોકલાવી પુણ્ય ઉપાર્જીત કરશો એવી અભ્યર્થના.

મદદ મોકલવાનું સ્થળ :
ઇડર પાંજરાપોળ સંસ્થા
જુના બજાર-ઈડર

બાબુલાલ ડી. સુખડીયા
માનદ્ વહીવટદાર
ઈડર પાંજરાપોળ સંસ્થા


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ. મહાવીર અને નારી પ્રતિષ્ઠા

—: લેખક :—
ખીમચંદભાઇ ચાંપશી શાહ

ચાલુ વર્ષ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (સં. રા. સં.)ના[1] આદેશ અનુસાર જગતનાં બધાં રાષ્ટ્રોની સાથે સાથે ભારત આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ[2] તરીકે ઉજવે છે. વળી, આ વર્ષે ભ. મહાવીરના નિર્વાણને પચીસસો વર્ષ પૂરાં થાય છે એટલે ભારતે નિર્વાણની પચીસમી શતાબ્દિ વર્ષ તરીકે ઉજવવાનું શરૂ કર્યું છે. આ યોગ આપણને ભ. મહાવીરના સમયમાં સમાજમાં મહિલાઓનું સ્થાન કેવું હતું અને તેને ઊંચુ લાવવા માટે ભગવાને કેવાં પગલાં ભર્યાં તેની વિચારણા કરવા પ્રેરે છે. હું આ લેખમાં તેની ટૂંકી સમીક્ષા કરવા માગું છું.

ભ. મહાવીરના પહેલાનો સમય ભારતના ઇતિહાસમાં વૈદિક યુગ તરીકે ઓળખાય છે. આ યુગમાં વેદો, બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો વગેરે વૈદિક સાહિત્ય રચાયું હતું. તે સાહિત્યમાં વાક્, વિશ્વવારા, ઘોષા, અપાલા, મૈત્રેયી જેવી મંત્રદૃષ્ટા અને બ્રહ્મવાદિની સ્ત્રીઓના ઉલ્લેખો આવે છે. આ ઉપરથી સ્ત્રીઓનું સમાજમાં સ્થાન ઊંચું હશે તેમ માનવાને આપણું મન પ્રેરાય છે. પણ વાસ્તવિક હકીકત તો એ છે કે તેઓ સમાજના અમુક પ્રકારના સ્તરની સ્ત્રીઓ હતી. સમાજમાં મોટા ભાગની સ્ત્રીઓની સ્થિતિ બહુ સારી હોય તેમ જણાતું નથી. સ્ત્રી એ પુરુષની મિલકત ગણાતી અને પુરુષ તેની હેરફેર, લે-વેચ પોતાની મરજી મુજબ બીજી સ્થાવર કે જંગમ મિલકતની જેમ કરી શકતો ઋગ્વેદમાં એક સૂક્ત[3] છે. તેમાંથી નિર્દેશ મળે છે કે લોકો જુગાર રમતા અને જુગારમાં બીજી વસ્તુઓની જેમ પોતાની સ્ત્રીઓને પણ દાવમાં મૂકતા. દાવ હારી જતાં સ્ત્રી જીતનારની દાસી બનતી અને તેણે બીજી દાસીઓની જેમ તેના માલિક સાથે ઉપપત્ની જેવું વર્તન રાખવું પડતું. નળરાજા જુગાર રમતાં રમતાં પોતાનું સર્વસ્વ હારી ગયો ત્યારે જીતનાર પુષ્કરે તેને તેની રાણી દમયંતીને હોડમાં મૂકવા સૂચવ્યું. પણ તે શાણો હતો એટલે "હવે મારી પાસે દાવમાં મૂકવા જેવું કાંઈ રહ્યું નથી" એમ કહીને ઊભો થઈ ગયો. પાંડવ રાજા યુધિષ્ઠિર જુગારમાં રાજપાટ, ધનદોલત વગેરે સર્વસ્વ હારી ગયો ત્યારે સામા પક્ષે તેની રાણી દ્રૌપદીને દાવમાં મૂકવાનું સૂચન કર્યું. યુધિષ્ઠિર ભોળો અને ચડાઉ હતો. તેણે દ્રૌપદીને દાવમાં મૂકી અને હારી બેઠો. આના પરિણામે રાજપુત્રી અને રાજરાણી દ્રૌપદીને કૌરવોની સભામાં દાસી કહેવામાં આવી અને તેને અપમાનિત થવું પડ્યું. આમ જ્યારે આર્ય સંસ્કૃતિથી રંગાયેલ દેશોમાં સ્ત્રીઓની આવી દશા હોય ત્યારે પૂર્વના દેશો (કોસલ, કાશી મગધ, ચંપા, વિદેહ વગેરે)માં, કે જ્યાં હજી આર્ય સંસ્કૃતિની અસર નહિવત્ હતી ત્યાં, સ્ત્રીઓની સ્થિતિ કેવી દયાજનક હશે તેની તો કલ્પનાજ કરવાની રહી.

કાશીના નાગજાતિના રાજકુળના નબીરા ભગવાન પાર્શ્વનાથે (ઇ. પૂર્વે ૮૭૭–૭૭૭) શ્રમણ પંથમાં દીક્ષા લઇ ચાતુર્યામિક તીર્થની સ્થાપના કરી. તેમાં સ્ત્રી પુરુષની મિલકત હોય તેમ ગણી તેનો સમાવેશ પરિગ્રહમાં કરવામાં આવ્યો હતો. એટલે કે સ્ત્રીને પુરુષના પરિગ્રહની વસ્તુ ગણવામાં આવી હતી. ત્યારબાદ અઢીસો વર્ષે ભ. મહાવીર થયા (ઇ. પૂર્વે

---

૧. United Nations Organigation. (U. N. O.)
૨. International Women's Year.
૩. ઋગ્વેદ મંડળ ૧૦ સૂક્ત ૩૪.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૯૯–૫૨૭) તેમના સમય સુધી આવીજ સ્થિતિ ચાલુ હતી. રાજાઓ અને ધનવાનો પુષ્કળ સ્ત્રીઓ પરણતા અને તેમની સાથે પોતાની એક જંગમ મિલકત કરતાં વધુ સારૂં વર્તન રાખતા નહીં. સ્ત્રીઓનું ખુલ્લી બજારમાં દાસી તરીકે વેચાણ થતું. ચંપાની રાજકુંવરી વસુમતી (ચંદનબાળા)ની દાસી તરીકે કૌશાંબીની બજારમાં હરરાજી થઇ હતી અને ધનાવહ શેઠે તેને ખરીદી હતી. જૈનોના તત્કાલીન સાહિત્યમાં સ્ત્રીઓની સ્થિતિ સંબંધમાં બહુ ઉલ્લેખો નથી. પણ આવા ઉલ્લેખો તત્કાલીન બૌદ્ધ સાહિત્યમાં મળી આવે છે. ભ. બુદ્ધ (ઇ. પૂર્વે ૬૨૪–૫૪૪) ભ. મહાવીરના સમકાલીન હતા અને તેમણે બૌદ્ધ ધર્મની સ્થાપના કરી હતી (ઈ. પૂ. ૫૮૮) કેટલીક સ્ત્રીઓ ભ. બુદ્ધ પાસે દીક્ષા લઈ થેરી (સ્થવિરા–ભિક્ષુણી) બની હતી અને તેમણે પોતાનાં આત્મવૃત્તાંતો થેરી ગાથા નામથી ઓળખાતાં ગ્રંથમાં વર્ણવ્યાં છે. આમાંથી બે ત્રણ વૃત્તાંતો આપણે જોઈએ, જેથી તે સમયમાં સ્ત્રીઓની કેવી સ્થિતિ હતી તેનો કાંઈક ખ્યાલ આપણને મળશે. થેરી ઈસીહાસી પોતાની કહાણી વર્ણવતાં કહે છે કે–

“હું ઉજ્જૈનીના એક શેઠની લાડકી પુત્રી હતી. મારા પિતાએ મને સારૂં કુળ અને વરને જોઈને પરણાવી. સાસુ–સસરા સજ્જન હતા. હું પૂરેપૂરી નિષ્ઠાથી પતિભક્તિ કરતી. સવારમાં વહેલી ઊઠીને ઘરનાં બધાં કામકાજ આટોપી લેતી. મજૂરી કરતાં મને થાક લાગતો ન હતો. હું સૌને રાજી રાખતી. કટુ વેણ મુખમાંથી રખેને નીકળી જાય એવી બીકથી બહુ બોલતી ન હતી. છતાં પતિનો પ્રેમ મેળવવા હું ભાગ્યશાળી ન થઈ. પતિએ મારો ત્યાગ કર્યો. દુઃખની મારી હું બીજી વાર પરણી. એક મહિના પછી એ પણ મારો ત્યાગ કરીને ચાલ્યો ગયો. એકવાર એક સંયમી ભિક્ષુક મારા ઘેર આવી ચડ્યો, મારા પિતાએ તેનાં ચીવર અને ઘડો લઈ લીધાં અને તેનો ભિક્ષુક વેશ છોડાવી તેને મારો હાથ સુપ્રત કર્યો. હું ત્રીજીવાર પરણી. થોડા દિવસ પછી એ પણ પોતાનાં ચીવર તથા ઘડો લઈ પોતાના માર્ગે પડ્યો. ત્રણવાર લગ્નમાં નિષ્ફળ થયા પછી મને ખાત્રી થઈ કે પૂર્વનાં પાપકર્મો ક્ષીણ ન થાય ત્યાં સુધી સુખની આશા રાખવી નકામી છે. છેવટે મેં બૌદ્ધ ભિક્ષુણી આર્યા જિનદત્તાના ઉપદેશથી પ્રવ્રજ્યા લીધી.”

પોતાની પત્નીઓને પતિઓ મારતા–ઝૂડતા એવા એકરારો પણ આ થેરીગાથામાં છે. ભદ્રા–કુંડલકેશાની વાત જરા વિચિત્ર છે.

ભદ્રા રાજગૃહીના એક ધનવાન શેઠની એકમાત્ર સંતાન–પુત્રી હતી. તે યુવાન વયે આવ્યા બાદ એક દિવસ રાજપુરોહિતના પુત્ર સત્થૂકને ચોરીના અપરાધ માટે કોટવાલ તથા અન્ય સિપાઈઓ વધસ્થાન તરફ લઈ જતા હતા તે તેણે જોયું. સત્થૂકને જોતાં જ તે પ્રેમાસક્ત બની ગઈ. અને એ યુવાનને જ પરણવાની પ્રતિજ્ઞા લઈ બેઠી. તેના પિતાની સમજાવટ કાંઇ કામ ન આવી. અંતે તેના પિતાએ દંડ ભરી તથા અધિકારીઓને લાંચ આપી સત્થૂકને છોડાવ્યો અને પછી સારી રીતે ઘરેણાં તથા લુગડાં આપી ભદ્રાને તેની સાથે પરણાવી. અમુક સમય સુધી તેઓ આનંદથી સાથે રહ્યા. પછી ગુન્હો કરવાથી ટેવાયેલા માનસવાળા સત્થૂકને ભદ્રાના અલંકારોની ભૂખ જાગી. એટલે એક દિવસ તેણે ભદ્રાને કહ્યું કે “હું જ્યારે ચોરીના અપરાધ માટે પકડાયો હતો, ત્યારે મેં માનતા કરી હતી કે જો હું છૂટીશ તો હું ડુંગર ઉપર આવેલા મંદિરમાં નૈવેદ્ય ધરીશ. તો આજે રાત્રે આપણે ત્યાં જઈને નૈવેદ્ય ધરી આવીએ.”

સરલ સ્વભાવની ભદ્રા ભોળવાઈ. કિંમતી વસ્ત્રાલંકાર પહેરીને અને નૈવેદ્ય લઈને તે તૈયાર થઈ ગઇ. અને સાંજ પડતાં બંને ડુંગર ઉપરના મંદિર જવા નીકળી પડ્યા. પણ ઉપર પહોંચતાં ભદ્રાને જાણ થઈ કે નૈવેદ્યનું તો માત્ર બહાનું જ હતું. સત્થૂક ભદ્રાના વસ્ત્રાલંકારો ઉતારીને અને ભદ્રાને ઊંડી ખીણમાં ધકેલી દઈને નાસી છૂટવા માગતો હતો. ભદ્રાએ કરગરીને કહ્યું કે “આ બધાં વસ્ત્રાલંકારો લઈ જાઓ પણ મને જીવતી જવા દો.” પણ સત્થૂક ન માન્યો. તે તો કોઈપણ જાતનો પુરાવો ન રહે તેટલા માટે તેને મારી નાખવા માગતો હતો. આખરે ભદ્રાને એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યુક્તિ સૂઝી. તેણે કહ્યું કે "આપ મારા પતિ છો, આપને ફાવે તેમ કરો. પણ મને એકવાર આપનું છેવટનું આલિંગન કરી લેવા દો." સત્થૂકે હા પાડી. પછી આલિંગન કરતી વખતે ભદ્રાએ અચાનક સત્થૂકને એવા તો જોરથી ધક્કો માર્યો કે તે સમતોલપણું ગુમાવી બેઠો અને નીચે ઊંડી ખીણમાં ગબડી પડ્યો. ભદ્રા દોડીને ઘર ભેગી થઈ ગઈ. અને બીજે દિવસે નિર્ગ્રંથી સમુદાયમાં પ્રવ્રજિત થઇ ગઇ.[૪] એકવાર શ્રાવસ્તીમાં તેનો બૌદ્ધ ભિક્ષુ સારિપુત્ત સાથે મેળાપ થયો અને તેની સૂચનાથી તે ભ. બુદ્ધના શરણે ગઇ બુધ્ધે તેને દીક્ષા આપી અને તે બૌદ્ધ થેરી બની.

ઇ. પૂર્વે છઠ્ઠી શતાબ્દિમાં શ્રમણ માર્ગની બે મહાન વિભૂતિઓ થઈ ભ. વર્ધમાન મહાવીર અને ભ. ગૌતમ બુદ્ધ બંનેએ સ્ત્રીઓનું સન્માન કર્યું અને સામાજિક પ્રતિષ્ઠા આપી. પરંતુ આ બાબતમાં બુદ્ધનો અભિગમ શંકા-કુશંકાથી દુષિત હતો, પરંતુ મહાવીરનો અભિગમ સંપૂર્ણ વિશ્વાસ ઉપર આધારિત હતો. તે હવે આપણે જોઈએ.

ભ. બુદ્ધ વિહાર કરતાં કરતાં એક વખતે પોતાના જન્મસ્થાન કપિલવસ્તુમાં પધાર્યા. તે વખતે તેમના પિતા શુદ્ધોધન તો મૃત્યુ પામેલ હતા. તેમની જન્મદાત્રી માતા માયાદેવી તેમને જન્મ આપીને સાતમા દિવસે મૃત્યુ પામી હતી. એટલે મહાપ્રજાપતી ગૌતમી કે જે તેમના માશી અને અપરમાતા હતા અને જેમણે તેમને પોતાના પુત્રની જેમ પાળી પોષીને મોટા કર્યા હતા, તે મહાપ્રજાપતી ગૌતમી, બુદ્ધનાં પત્ની યશોધરા અને બીજી શાકય સ્ત્રીઓ તેમને વાંદવા આવી. ગૌતમીએ ભ. બુદ્ધને તેમના ધર્મપંથમાં તેને દીક્ષા આપવા વિનતિ કરી પણ બુધ્ધે તેનો ઇન્કાર કર્યો. ત્યારબાદ ધર્મોપદેશ કરતાં કરતાં તે કપિલવસ્તુથી વૈશાલી આવ્યા. અહીં મહાપ્રજાપતી ગૌતમી કેટલીક શાકય સ્ત્રીઓ સાથે તેમને મળવા આવ્યા. તે વખતે તેમનો દેખાવ કોઈપણ માનવીના મનમાં દયા ઉપજાવે તેવો હતો. તેમણે માથાના વાળ મુંડાવી નાંખ્યા હતા. કપિલવસ્તુથી વૈશાલી સુધી ચાલીને આવતાં તેમના પગ સૂઝી ગયા હતા. આખું શરીર ધૂળથી ખરડાઇ ગયું હતું અને નિત્ય પ્રસન્ન રહેવાળા મોં ઉપર ઉદાસીનતાની ગાઢ શ્યામલતા છવાઈ ગઈ હતી. ભ. બુદ્ધના પ્રિય શિષ્ય આનંદ ભિક્ષુએ આ દૃશ્ય જોયું અને પૂછ્યું કે "મા ગૌતમી, તારી આટલી વિપદ્ગ્રસ્ત સ્થિતિ કેમ જણાય છે?" મ. ગૌતમીએ ઉત્તર આપ્યો કે "ભ. બુદ્ધ સ્ત્રીઓને પ્રવ્રજ્યા દેવા તૈયાર નથી તેથી મને અત્યંત ખેદ થાય છે." આ ઉપરથી આનંદ બુદ્ધ પાસે ગયા અને બધી હકીકત જણાવી. બુધ્ધે તેને આ ભાંજગડમાં પડવાની ના પાડી. ત્યારે આનંદે પૂછ્યું કે 'ભગવન્, આપના ધર્મનો સાક્ષાત્કાર સ્ત્રીઓને થવો શકય છે કે નહીં?" બુધ્ધે જવાબ આપ્યો કે "મારા ધર્મનું રહસ્ય પુરુષો પ્રમાણેજ સ્ત્રીઓને માટે પણ સમજવું શકય છે." "એવું છે તો આપ મ. ગૌતમીની વિનતિ કેમ માન્ય કરતા નથી?" એવો પ્રશ્ન આનંદે પૂછતાં ભગવાને તે વિનતિ માન્ય રાખી અને ગૌતમી તથા અન્ય સ્ત્રીઓને દીક્ષા આપી ભિક્ષુણી સંઘની સ્થાપના કરી. પણ આ વખતે તેમણે ટકોર કરી કે આથી ભિક્ષુ અને ભિક્ષુણી સંઘમાં ટંટાઓ થશે અને એક દિવસ બૌદ્ધ ધર્મને ખૂબ સહન કરવું પડશે.

ભ. મહાવીરે તો, જ્યારે ચંદનબાળાએ દીક્ષા આપવા વિનતિ કરી, ત્યારે કોઈપણ જાતનો ખચકાટ અનુભવ્યા વિના તેને દીક્ષા આપી અને સાધ્વી સંઘની સ્થાપના કરી તથા ચંદનબાળાને તેના પ્રવર્તિની પદે સ્થાપી.

વેદવિહિત ચાર આશ્રમ અને ચાર વર્ણોની વ્યવસ્થા પૂર્વના દેશોમાં કોઈપણ સમયે મજબૂત થઈ ન હતી. બ્રાહ્મણો અને ક્ષત્રિયો વચ્ચે સામાજિક શ્રેષ્ઠતા માટે સંઘર્ષ ચાલ્યા કરતો હતો. આ પ્રદેશમાં શ્રમણોનું જોર વિશેષ હતું. તેઓ ચાર આશ્રમની વ્યવસ્થામાં માનતા ન હતા. તેઓ તો એક માત્ર સંન્યસ્ત આશ્રમ

૪. તે સમયમાં એવો નિયમ હતો કે કોઈપણ ગુનેગાર જો પ્રવ્રજ્યા લઈ લે તો તેને શિક્ષા થઇ શકતી નહીં. ખૂની લૂંટારા અર્જુનમાળી અને અંગુલિમાળ આ રીતે દીક્ષા લઇને રાજદંડમાંથી બચી ગયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર ભાર મૂકતા અને કોઈપણ વ્યક્તિને ગમે તે ઉંમરે સંન્યસ્તની દીક્ષા આપવા અચકાતા નહીં. ચાર વર્ણના બદલે પોતાના અનુયાયીઓનો સંઘ સ્થાપતા, તેનુ બહુમાન કરતા અને તેનું શરણ સ્વીકારતા. ભ. બુદ્ધે પ્રસ્થાપિત સંઘ બુદ્ધપ્રધાન ભિક્ષુઓનો જ બનેલો છે. તેમાં ભિક્ષુણી, ઉપાસકો કે ઉપાસિકાઓનો સમાવેશ થતો ન હતો. ભ મહાવીરે ઉદાર દૃષ્ટિથી વિશાળ પાયાપર ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તેમાં સાધુઓ ઉપરાંત સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભ. મહાવીરના સંઘમાં શ્રાવિકાઓને પણ બીજાઓના જેટલુંજ મહત્ત્વનું સ્થાન છે. જે યુગમાં સ્ત્રીઓ પરિગ્રહના વસ્તુ જેવી ગણાતી, તે યુગમાં તેને સ્વતંત્ર વ્યક્તિત્વ આપી પુરુષની સમાન માની, પુરુષના જેટલીજ સાધના માર્ગની અને મોક્ષની અધિકારિણી ગણી સંઘના એક અગત્યના અંગ તરીકે સ્વીકારવાનું કાર્ય જ ભ. મહાવીરની સ્ત્રીઓ પ્રત્યેની ક્રાંતિકારી ઉદાર દૃષ્ટિનું પ્રતીક છે.

સ્ત્રીઓએ પણ ભગવાને તેમનામાં જે વિશ્વાસ મૂક્યો છે તેનો પોતાના વર્તનથી ચરિતાર્થ કરી બતાવ્યો છે. જૈન શાસનથાં ઘણી મહાન સ્ત્રીઓ થઇ ગઈ છે, જેમણે ધર્મ અને સંસ્કૃતિના પ્રચારમાં અતિ કિંમતી ફાળો આપ્યો છે. હરિભદ્રસૂરિ જેવા એક તેજસ્વી, અભિમાનથી ગર્જતા બ્રાહ્મણ પંડિતને શ્રમણ સંઘમાં જોડવાનું માન એક જૈન સાધ્વી યાકિની મહત્તરાને ફાળે જાય છે. વસ્તુપાળ–તેજપાળે ધર્મ્ય કાર્યોમાં જે અઢળક ધન ખર્ચ્યું તેની પાછળની પ્રેરણા અનુપમાદેવીની હતી.

કેટલાક ગ્રંથોમાં સ્ત્રીઓની ખૂબ અવહેલના કરવામાં આવી છે, તેને નરકની ખાણ કહીને ખૂબ નિંદવામાં આવી છે. પણ આમાં સ્ત્રીઓની અવહેલના કરતાં કોઈ બીજો જ હેતુ હોય તેમ જણાય છે સ્ત્રી માટે પુરુષના મનમાં ભારોભાર આસક્તિ ભરેલી છે. આ જ આસક્તિ તેને સંસારમાં ઘસડી જન્મ–મરણના ચક્રાવામાં ખેંચી જાય છે. એટલે આ આસક્તિના મૂળમાં ઘા કરવા ખાતર સ્ત્રીની આવી ઘૃણાત્મક નિંદા કરવામાં આવી છે, સ્ત્રીને ઉતારી પાડવા માટે નહીં તે સમજવું આવશ્યક છે. જેવી નિંદા પુરુષો પરત્વે સ્ત્રીઓની કરવામાં આવી છે, તેવી જ નિંદા સ્ત્રીઓ પરત્વે પુરુષોની સમજવાની છે. મુખ્ય હેતુ સ્ત્રી પુરુષો વચ્ચે જે આસક્તિભાવ રહેલો છે તેના મૂળમાં સુરંગ ચાંપવાનો છે; એકબીજાની નિંદા કરવાનો કે ઉતારી પાડવાનો નહીં.

સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે એવો કયો તાત્ત્વિક ભેદ છે કે જેના લીધે સ્ત્રીઓને પુરુષો કરતાં હલકી કક્ષાની ગણવામાં આવે છે? આ બાબતમાં ભ. મહાવીરનું દર્શન સુસ્પષ્ટ છે. તેમણે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ સ્વીકાર્યો નથી, પણ બંનેને સમાન અધિકારના ભાગી ગણ્યા છે. પરંતુ જગતના મોટા ભાગમાં આ સત્ય હજી સુધી સમજાયું નથી. તેથી યુગે યુગે સ્ત્રીઓએ આ પ્રશ્ન પુરુષોને પૂછ્યા કર્યો છે અને પુરુષોએ તેનો સ્પષ્ટ જવાબ આપવામાં ગલ્લાં-તલ્લાં કર્યાં છે. ફરીથી આ ભ. મહાવીરના નિર્વાણના પચીસમી શતાબ્દ વર્ષે એ જ પ્રશ્ન ઉઠાવાયો છે અને ભ. મહાવીરે આપેલો સ્ત્રી–પુરુષ વચ્ચેની સમાનતાનો ઉત્તર અપનાવી લેવાનો અનુરોધ સં. રા. સ. જગતના પુરુષ સમાજને કરી રહ્યો છે. આ જ છે ભ. મહાવીરની સ્ત્રીપ્રતિષ્ઠા સંબંધી આર્ષ દૃષ્ટિની મહત્તા.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મા...ન...વ...મ...ન...ની ભી...ત...ર...માં

લેખક :—મનસુખલાલ તારાચંદ મહેતા

કૌશામ્બીનગરીમાં શ્રીદત્ત, પૂર્ણભદ્ર અને શ્રીમતી રહેતા હતા. ત્રણેયની જ્ઞાતિ એક હતી અને ત્રણેય કુટુંબો બૌદ્ધ ધર્મથી રંગાયેલા હતા. સૌ રહેતા પણ નજીક નજીકમાં. બાલ્યવયથી જ ત્રણેય સાથે ભણતા અને રમતામાં પણ સાથે જ. બાલ્યાવસ્થામાં બધા મિત્રો ઘરઘરની રમત રમતા, ત્યારે કોઈ છોકરાએ વર બનવું પડતું અને કોઈ છોકરીએ વહુ બનવું પડતું. પણ એવી રમત વખતે પૂર્ણભદ્ર અને શ્રીમતી અરસપરસ એક બીજાને પોતાના સાથીદાર રૂપે પસંદ કરતા. બાલ્યાવસ્થા જીવનનો અતિ નિર્દોષ અને આનંદી કાળ છે, કારણ કે તે વખતે બાળકના મનમાં કોઈ વિકાર કે વિકૃતિ નથી હોતા.

ત્રણેય મિત્રો મોટા થયા. શ્રીમતીના પિતાની ઇચ્છા પુત્રીનું લગ્ન પૂર્ણભદ્ર સાથે કરવાની હતી. શ્રીમતીની પણ આવી ઇચ્છા માબાપે જાણી લીધી હતી. પૂર્ણભદ્ર પોતે પણ આમ જ ઇચ્છતો હતો, કારણકે તેઓ બંને વચ્ચે પ્રેમના અંકુર ફૂટયા હતા. પણ માનવ મનની બધી ઇચ્છાઓ કદી પાર પડતી નથી. શ્રીમતીના પિતાએ આ સંબંધ વિષે જ્યારે પૂર્ણભદ્રના પિતાને વાત કરી, ત્યારે તેણે કહ્યું કે પુત્રને પાંચેક વર્ષ માટે અભ્યાસ અર્થે તે બનારસ મોકલવા માગે છે. વિદ્વાન અને પંડિત બન્યા પછી જ તેના લગ્ન કરવાની પિતાની ઇચ્છા હતી. પૂર્ણભદ્ર અભ્યાસ અર્થે બનારસ ગયો અને આ બાજુ શ્રીમતીના લગ્ન પણ શ્રીદત્ત સાથે થઈ ગયા. લગ્ન બાદ ધંધા અર્થે પતિપત્ની જાવા બંદર ઉપડી ગયા. પતિપત્ની બંને સમાન વયના, સુંદર અને સોહામણા હતા અને આમ તો સોનામાં સુગંધ મળ્યા જેવું આદર્શ જોડું બન્યું હતું.

અભ્યાસ પૂર્ણ કરી પંડિતની પદવી પ્રાપ્ત કરી પૂર્ણભદ્ર પાછો કૌશામ્બી આવ્યો, ત્યારે તેણે જાણ્યું કે તેનું સ્નેહપાત્ર શ્રીમતી તો શ્રીદત્ત સાથે લગ્ન કરી પરદેશ ઉપડી ગઈ છે. લગ્ન માટે અનેક કહેણો આવ્યા, પણ તેનું ક્યાંય ઠર્યું નહિ. દરેક માનસિક પરિસ્થિતિ માટે કારણ હોય છે–આ કારણ તે ઇચ્છા અથવા પ્રેરણા. માનવનું અચેતન મન ભારે પ્રબળ હોય છે, અને માણસ પોતે પણ તેને ભાગ્યેજ સમજી શકતો હોય છે. પરિણામ એ આવ્યું કે પૂર્ણભદ્રને સંસાર પ્રત્યે અણગમો ઉત્પન્ન થયો. લોકોએ આ અણગમાની વાત જાણી એટલે કહેવા લાગ્યા કે 'જ્ઞાનનું ફળ વિરતિ' એ સાચું જ છે, પૂર્ણભદ્રે જ્ઞાન પ્રાપ્ત કર્યું, તો તેને વૈરાગ્ય જાગ્રત થયો. પછી તો પૂર્ણભદ્ર દીક્ષા લઈ બૌધ સંપ્રદાયનો એક ભિક્ષુ બની ગયો.

એ વાતને વરસો વીતી ગયા. ભિક્ષુ પૂર્ણભદ્રના જ્ઞાન, ત્યાગ અને તપની સર્વત્ર પ્રશંસા થવા લાગી. એક વખતે પૂર્ણભદ્ર તેના શિષ્યો સાથે શ્રાવસ્તી બૌધ વિહારમાં ચોમાસું રહ્યા હતા. એ અરસામાં જાવા બંદરથી શ્રીદત્ત અને શ્રીમતી વિપુલ ધન કમાઇને પાછા ફર્યાં. સાથે તેમનો છસાત વર્ષની વયનો પુત્ર સુકુમાર પણ હતો. ભારતમાં આવ્યા બાદ પૂર્ણભદ્ર ભિક્ષુ થયાની વાત તેઓએ જાણી. પૂર્ણભદ્ર શ્રાવસ્તીમાં ચોમાસું છે એ જાણ્યાં પછી પતિ, પત્ની પુત્ર રથમાં બેસી ભિક્ષુને વંદન કરવા શ્રાવસ્તી ગયા.

શ્રીમતીનો શણગાર અદ્દભુત હતો. માથામાં જૂઇનાં ફૂલની વેણી, કંઠમાં સાચા હીરાનો હાર અને હાથમાં નીલમનાં કંકણ તેમજ માણેક જડિત બાજુબંધ, તેની શોભામાં અપૂર્વ વધારો કરી રહ્યા હતા. શ્રીદત્તે તો મજાક કરતાં તેને કહ્યું પણ ખરું કે, "આવું અદ્દભુત સૌન્દર્ય તો તારામાં આજે પહેલી જ વખત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોઉં છું." પૂર્ણભદ્રની મૂર્તિ શ્રીમતીના હૃદયમાં એવી તો અચળ રીતે સ્થાપિત થઈ ગઈ'તી, કે તેનું ઉથાપન કરવું તેના માટે શકયજ ન હતું. સ્ત્રી સમજુ અને સહિષ્ણુ હોય છે, એટલે ગમે તે પરિસ્થિતિને અનુકૂળ બની જવાની તેનામાં આવડત છે તે સાચું, પણ આ બધું તો માત્ર વ્યવહાર છે. અંતરની વાત જુદી હોય છે.

શ્રાવસ્તીનો બૌધ વિહાર શહેરથી બે માઈલ દૂર હતો. સુંદર ઉદ્યાનની વચ્ચે વિહારનું સ્થાન હતું. ભિક્ષુ પૂર્ણભદ્રનો ઉતારો એક સ્વચ્છ અને રળિયામણી પર્ણકૂટીમાં હતો. વરસો પછી જુનાં લંગોટિયા મિત્રો મળ્યાં, એટલે સૌને અપૂર્વ આનંદ થયો. શ્રીમતી અને શ્રીદત્તને વંદન કરતાં જોઈ સુકુમારે પણ માતા પિતાનું અનુકરણ કર્યું, પણ બાળકને જોઈ ભિક્ષુ સ્તબ્ધ થઇ ગયો. સુકુમાર, પૂર્ણભદ્રના બાળપણની આકૃતિની આબેહૂબ પ્રતિકૃતિરૂપ હતો. શ્રીમતી પોતાની સાથે ભિક્ષા માટે જાતજાતના પદાર્થો લાવી હતી, તે જાતે પ્રેમપૂર્વક ભિક્ષુના પાતરામાં વહોરાવ્યા. ઔપચારિક વાતો પૂરી થતાં, બંનેએ ભિક્ષુ જીવનના અનુભવો જાણવા ઈચ્છા દર્શાવી. સુકુમાર તો બગીચામાં સુંદર ફૂલો જઈ તેને ચૂંટવા ઉપડી ગયો. કેવી કેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી કયા કયા મંત્રો સાધ્ય કર્યા, તંત્ર વિદ્યામાં કયાં સુધી આગળ વધ્યા વિ. અંગે શ્રીમતીએ પૂછ્યું, એટલે પૂર્ણભદ્રે જવાબ આપતાં કહ્યું: "મહાનુભાવો! વરસો સુધી ભિક્ષુ જીવનનો કઠોર અનુભવ કર્યા પછી, મને જે એક અદ્દભુત જ્ઞાન મળ્યું છે તે છે 'સત્યનો પ્રભાવ, સત્યની શક્તિ.' જપ, તપ, તંત્ર વિદ્યા, મંત્ર વિદ્યા અને બીજી અનેક સિદ્ધિઓ કરતાં, ભિક્ષુની સાચી સિદ્ધિ તો જીવનશુદ્ધિ પ્રાપ્ત કરવામાં રહેલી છે. માત્ર સત્યને વળગી રહેવામાં, જીવનશુદ્ધિ શકય બને છે. અન્ય સિદ્ધિઓ તો મુક્તિ માર્ગમાં અવરોધરૂપ પણ બની શકે છે. મુક્તિ પથના ભિક્ષુને બીજી સિદ્ધિઓની જરૂર શી?" અત્યંત ક્ષોભ, સંકોચ અને લજ્જાપૂર્વક શ્રીમતીએ પૂછ્યું, "ભદંત! જીવનશુદ્ધિ આપે પ્રાપ્ત કરી છે? જીવનશુદ્ધિ એજ માનવજીવનની સર્વોત્તમ ઉચ્ચ સાધના એ સાચું, પણ" પછી સહેજ અટકી થડકાટભર્યા અવાજે કહ્યું: "એ માટે અથાગ પ્રયત્નો કરવા છતાં સફળતા પ્રાપ્ત નથી થતી મનને ઘણુંયે સમજાવું છું, પણ લુચ્ચુ મન, સમજવાને બદલે ઉલટું બંડ ઉઠાવે છે." શ્રીદત્તને આવો પ્રશ્ન ગમ્યો તો નહિ, પણ મૌન જાળવ્યું.

શ્રીમતીનો પ્રશ્ન સાંભળી ભિક્ષુને આશ્ચર્ય થયું. તેને લાગ્યું કે મારા મનનો તાગ પકડી લઇ, આ ચતુર નારી મારી મજાક તો નથી ઉડાવતી? પણ શ્રીમતીના મોં પર લજ્જા, સંકોચ અને ક્ષોભના ભાવો જોતાં એવી શંકા નિર્મૂળ થઈ અને ગંભીર ભાવે કહ્યું: "શ્રીમતી! જીવનશુદ્ધિ એટલે આત્માને ઓળખવો, જાણવો અને સમજવો, જે જાણ્યાં પછી કશું જાણવાનું રહેતું નથી. પણ એને ઓળખવા, જાણવા અને સમજવા માટે એક ભવની નહિ અનેક ભવોની સાધના પણ ઓછી પડે. માણસ એવી સાધનાપથે પડે, એ માટે પ્રયત્નો જારી રાખે તો પણ તેમાં અર્ધી જીત તો અવશ્ય રહેલી છે."

જ્ઞાનચર્ચામાં આમ સાંજ પડી ગઈ અને અંધારું થવા આવ્યું. સુકુમાર તો કોઇને યાદ જ ન આવ્યો. શ્રીમતીએ ઉભી થઈ તેના નામની બૂમ પાડી, પણ કશો જવાબ ન મળ્યો, એટલે બેબાકળી બની બગીચામાં દોડી ગઈ. જુવે છે તો ચંદનના એક વૃક્ષ પાસે સુકુમાર અચેતન થઈને પડ્યો છે. સુકુમારને સર્પદંશ થયો છે તે સમજતાં તેને વાર ન લાગી. અસહ્ય આઘાતથી તેનાથી બૂમ પડી ગઈ: "દોડો, દોડો–મારા લાલને કાંઈક થઈ ગયું છે." બોલતાં બોલતાં તેનો અવાજ ફાટી ગયો. શ્રીદત્ત અને ભિક્ષુ એકદમ ત્યાં દોડી ગયા. જે દશ્ય જોયું તેનાથી તેઓ સ્તબ્ધ થઈ ગયા. પૂર્ણભદ્રે બાળકની નાડી જોઇ નાકે હાથ રાખી જોયું, છાતીના ધબકારા જાણવા પ્રયત્ન કર્યો, પણ બાળક પ્રાણ વિહોણો હોવાની શંકા થઇ અને તેનું હૃદય દ્રવી ઊઠયું. શ્રીમતી અને શ્રીદત્ત ઘ્રુસકે ઘ્રુસકે રડવા લાગ્યા અને ત્યાં અત્યંત કરુણ દશ્ય સર્જાયું.

સ્ત્રી હોવા છતાં અને બૌધ ભિક્ષુના કડક નિયમો જાણવા છતાં, બેબાકળા બની શ્રીમતીએ ભિક્ષુના ચરણો પકડી લઈ હીબકાં ભરતાં ભરતાં કરુણાર્દ્ર ભાવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કહ્યું: " ભદંત ! તમે જ્ઞાની છો, તપસ્વી છો, પવિત્ર જીવન જીવો છો–એટલે આપ તેને સારો કરી દો. જો એ મરશે તો હું પણ આપની પર્ણકૂટીમાં મારા પ્રાણનો ત્યાગ કરી દઈશ ! સુકુમાર ન હોય તો મારે જીવવું પછી કોના માટે ? "

પતિ પત્નીને આશ્વાસન આપતાં ભિક્ષુએ કહ્યું: " મહાનુભાવો ! જીવન અને મૃત્યુની વાત માણસ કે દેવને પણ આધીન નથી. પણ 'સત્ય' પર મને અપૂર્વ શ્રદ્ધા અને વિશ્વાસ છે. આપણે ત્રણેય આપણા જીવનમાં થયેલા અપરાધોનો સાચા દિલથી એકરાર કરીએ; કદાચ સત્યના બળ વડે આ બાળક જીવી પણ જાય. "

આમ કહી સૌથી પ્રથમ પોતાના જ અપરાધોનો એકરાર કરતાં ભિક્ષુએ કહ્યું: " બનારસથી અભ્યાસ કરી આવ્યા પછી, જ્યારે તમારા લગ્નનું અને પરદેશ ગયાનું મેં જાણ્યું, ત્યારથી સંસાર પ્રત્યે મને વૈરાગ્ય આવ્યો. અલબત્ત, મારા વૈરાગ્યના મૂળમાં શ્રીમતી પ્રાપ્ત ન થઈ તેની હતાશા અને નિરાશા જ હતા. એ વૈરાગ્ય જ્ઞાનપૂર્વકનો નહોતો. છતાં દીક્ષા બાદ કેટલોક સમય હું સંયમપૂર્વક જીવ્યો. લોકોને તથાગતનો ઉપદેશ સમજાવતા કહેતો 'સ્ત્રીનું સ્વરૂપ નિરંતર નિંદ્ય સમજો.' 'સ્ત્રીએ પર્વત જેવા નિશ્ચલ મનને પણ ચલિત કર્યાના અનેક દૃષ્ટાંતો છે.' 'કામાસક્ત મલિન વિચારોને સેવવા કરતાં વાઘના મુખમાં જઈ પડવું, અથવા ક્રુર કસાઈની તીક્ષ્ણ છરીથી કપાઈ મરવું વધારે સારું છે.' પણ કદાચ મારી આવી વાણીના કારણે જ સ્ત્રીઓ મને પૂજ્ય માનવા લાગી અને મારી આસપાસ સ્ત્રીઓના ટોળાં ઉમટી પડતાં. બાહ્ય રીતે તો તેમને જોઇ હું આંખો મીંચી કહેતો 'આઘી જાઓ ! માતાઓ આઘી જાઓ ! સંસાર મિથ્યા છે, રૂપ મિથ્યા છે, જગત બધું માયા છે' પરંતુ તેઓના ગયા બાદ પાછળથી હું લાલચુ અને વાસનામય દૃષ્ટિએ જોઈ મનમાં ગણગણતો : 'ભિક્ષુ થવાને કારણે આવી અપ્સરાઓ જેવી સ્ત્રીઓથી મારે વંચિત રહેવું પડે છે.' આ રીતે મારું ભિક્ષુ જીવન, બેવડા પ્રકારનું થઈ ગયું. બાહ્ય એક, તો ભીતરમાં તેથી તદ્દન ઉલટું. આ રીતે ભિક્ષુજીવન, વાસના પર વિજય મેળવવામાં મદદરૂપ થવાને બદલે, ભીતરની ગંદકીના ઢાંકણરૂપ બની ગયું. "

ભિક્ષુએ આગળ કહ્યું : " દૈહિક દૃષ્ટિએ મારું પતન ન થયું હોવા છતાં, માનસિક દૃષ્ટિએ તો હું અધમાધમ છું. બાલ્યાવસ્થામાં રમતો રમતી વખતે, શ્રીમતી મારી પત્ની બનતી, એ દશ્યો હું સ્વપ્નોમાં જોતો રહું છું અને પછી દિવસ દરમિયાન આવા સ્વપ્નોને ભૂલવાને બદલે તેને વાગોળતો રહી આનંદ પ્રાપ્ત કરતો રહું છું. કેવી અધમ દશા ! કેવું કરુણ પતન ! મારા આવા જીવનને હું નિંદુ છું, ધિક્કારું છું, નફરત કરું છું અને પશ્ચાત્તાપ કરું છું. આવા જીવનથી મુક્ત બનવા શપથ લઉં છું અને પરમ કૃપાળુ તથાગતને આ બાળકને પુનઃજીવન અર્પવા પ્રાર્થના કરું છું. "

ભિક્ષુનો એકરાર પૂર્ણ થતાં બાળકના હૃદયના ધીમા ધબકારા શરૂ થયા. શ્રીમતીની આંખો નીચે ઢળી ગઇ. પતિ કે ભિક્ષુની સામે ઉંચી નજર કરી તે જોઈ શકતી નહોતી. હવે શ્રીદત્તે પોતાના પાપનો એકરાર કરતાં કહ્યું : " લગ્ન પહેલાં જ હું લગ્નજીવન ભોગવી ચૂક્યો હતો. અલબત્ત, પરાઈ સ્ત્રીઓની સાથે. આ કારણે સ્ત્રી સ્વભાવથી હું પરિચિત હતો. સ્ત્રીને પોતાના પ્રેમપાત્ર પ્રત્યે સ્વાભાવિક રીતે જે ઉષ્મા, ઉત્કૃટ લાગણી, દેહભૂખ હોવા જોઇએ, તેનો શ્રીમતીમાં અભાવ હતો. મારા માટે તે માત્ર વાસનાતૃપ્તિનું સાધન બની રહી. સ્વાભાવિક લાગણી તેનામાં ઉત્પન્ન કરાવવાના મારા પ્રયત્નો નિષ્ફળ જતાં, હું હલકી સ્ત્રીઓની સોબતે ચડ્યો. સાચી વાત તો એ છે, કે આપણા દેશમાં થતા લગ્નો નથી તો સાચા અર્થમાં ધર્મલગ્નો અગર નથી તો કર્મલગ્નો. એમાં તો માત્ર મહત્ત્વની બે જ વાતોનો સમાવેશ થાય છે. એક કામશાસ્ત્ર અને બીજું અર્થશાસ્ત્ર આમ છતાં અમે બંનેએ, અન્યની દૃષ્ટિએ દાંપત્ય જીવન સુખી દેખાડવાનો સફળ પ્રયત્ન કર્યો. મારા કોઇ કામમાં એણે દખલ ન કરવી અને મારે પણ તેના કોઈ વર્તનની કદી ફરિયાદ ન કરવી એ નીતિ અમે અપનાવી. આમ બાહ્ય રીતે સુખી દેખાડવામાં આવતું અમારું દાંપત્યજીવન અંદરથી કથળી ગયું. સુકુમારના જન્મ પછી શ્રીમતીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું કાંટા જેવો લાગવા માંડ્યો અને અમે એક બીજાથી દૂર હઠવા લાગ્યા. મારા જીવનની હું નિંદા કરું છું, તિરસ્કાર કરું છું. અને એવા દુઃશીલ જીવનમાંથી મુક્ત બનવા સાચા હૃદયથી શપથ લઉં છું.

ભિક્ષુએ બાળકના નાક સામે આંગળી રાખી, તો ધીમી શ્વાસોશ્વાસ ક્રિયાનો સંચાર થતો દેખાયો. પછી તેણે શ્રીમતીને કહ્યુ: "કોઇ પણ સ્ત્રી માટે, તેના સાચા જીવનનો એકરાર કરવો એ ભારે કઠિન છે, કારણ કે તે લજ્જા, શરમ અને સંકોચનું મૂર્તસ્વરૂપ છે. પણ અહિં તમારા પ્રિય બાળકના જીવન મરણનો પ્રશ્ન છે. માટે વિના સંકોચે જીવનમાં થયેલ અપરાધોનો એકરાર કરી દયો."

શ્રીમતીના ચક્ષુમાંથી અશ્રુધારા વહેવા લાગી અને ધ્રુસકા આવી પડયાં. પછી ગદ્ગદિત સ્વરે તેણે કહેવાનું શરૂ કર્યું; "મારા પુત્રના જીવનનો પ્રશ્ન ન હોત તો, જે એકરાર હું કરવા માંગુ છું તે કરવાને બદલે, જીવતા સળગી જવાનું હું વધુ પસંદ કરત. માનવમનની ઇચ્છા, વાસનાનું મૂળ ભૂતકાળમાં બની ગયેલા બનાવોમાં પડેલું હોય છે બાલ્યવયથી જ પૂર્ણભદ્રને મારા પતિ તરીકે મેં મારા હૃદયમાં સ્થાન આપી દીધું હતું. મારા લગ્ન પછી મારા માટે તે પર પુરુષ બની ગયા. પણ મનથી તો હું તેમની જ પ્રેયસી રહી, તનથી મારા પતિની રહી દૂર દેશમાં જઈ મારા પતિ પ્રત્યે પ્રેમ થાય એ માટે અથાગ પ્રયત્નો કર્યાં, પણ મને તેમાં સફળતા ન મળી. પ્રેમ એક એવી અદ્ભુત શક્તિ છે, કે જે બે હૃદયોને એક કરી શકે, પણ બે હૃદયો વચ્ચે એવો પ્રેમ તો ઉત્પન્ન થાય અને ન પણ થાય. જે વ્યક્તિ પ્રત્યે મનમાં ઊંડાણમાંથી પ્રેમ થાય છે, તે વ્યક્તિ પ્રાપ્ત થાય કે ન થાય, તો પણ આત્મા તો તેના માટે સદા તલસે જ છે. એવા હૃદયમાં કોઈ અન્ય પાત્ર પ્રવેશ પામી શકતું નથી. માનવમન વિચિત્ર અને અવળચંડુ છે કે પછી પ્રેમનો આવો જ સ્વભાવ છે. મારા મનથી પૂર્ણભદ્રને જેમ જેમ દૂર રાખવા પ્રયત્નો કરતી, તેમ તેના આત્માની મારા પર વધુને વધુ પકડ થતી ગઈ. સુકુમારના જન્મ વખતે આબેહૂબ પૂર્ણભદ્રનું સ્વરૂપ જોઈ હું છળી ઊઠી. માનસશાસ્ત્રીને ખાનગીમાં આ વાતનું રહસ્ય પૂછ્યું તો જાણવા મળ્યું કે ગર્ભાવસ્થા દરમિયાન, સ્ત્રીના મનમાં જે પુરુષ રમી રહ્યો હોય, તે ભલે તેનાથી સાત સમુદ્ર દૂર હોય, તો પણ આવનાર બાળક પર તે પુરુષની આકૃતિ ઉપસી આવે છે." શ્રીમતીનું હૈયું ભરાઈ ગયું, તેને ડૂમો ચડયો, ભિક્ષુએ તેને શાંત કરી પાણી પાયું, એટલે શ્રીમતીએ આગળ કહ્યુ : એક જગ્યાએથી ઊઠાવીને છોડને બીજી જગ્યાએ રોપી શકાય, પણ પ્રેમની બાબતમાં આમ શકય નથી. પતિના મૃત્યુ બાદ પતિના આત્માને વફાદાર રહેતી સ્ત્રીઓ અને પત્નીના મૃત્યુ બાદ પત્નીના આત્માને વફાદાર રહેતા પતિરાજોની, લોકો ખોટી પ્રશંસા કરે છે. કારણ કે પ્રેમના કારણે આમ બનવું એ તો સહજ અને સ્વાભાવિક જ છે. પ્રેમમાં આ શક્તિ પડેલી જ છે. આવો જ ઉત્કટ પ્રેમ મારી સામે બેઠેલાં ભિક્ષુ પ્રત્યે મને હતો, જો કે દુન્યવી ન્યાયે એ પ્રેમ મારા માટે પાપ અને શાપ રૂપ કહેવાય. પ્રેમની પર માનવનો અધિકાર નથી ચાલતો. પ્રેમ અને વૈરાગ્ય, બંને આત્મ સ્ફુરણા છે, પરાણે લાદી શકાતાં નથી, હું શું કરુ ?" ત્યાં તો બાળક ઉંઘમાંથી ઉઠયો હોય એમ ઊભો થયો અને ત્રણેય આનંદમગ્ન થઈ ગયા. બીજે દિવસે શ્રીમતી અને શ્રીદત્તે સાંભળ્યુ કે ભિક્ષુ પૂર્ણભદ્ર તપ અને સમાધિ અર્થે હિમાલય ચાલી ગયા.

• • •



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની અપૂર્વ સાધના

—: લેખક :—

શ્રી દલસુખભાઈ માલવણિયા



ભગવાન મહાવીરે હેમન્ત ઋતુમાં દીક્ષા લીધી હતી ત્યારે તેમની પ્રતિજ્ઞા હતી કે આ એક વસ્ત્ર, જે મારી પાસે છે તેથી પણ હું શરીરને ઢાંકીશ નહિ. અને એક વર્ષ અને એક માસ પછી તો એ વસ્ત્ર પણ છૂટી ગયું અને અચેલક–વસ્ત્ર વિનાના થઈ તેઓ વિચર્યા. વસ્ત્ર નહીં હોવાને કારણે ડાંસ–મચ્છર આદિ જીવ જંતુનો જે ત્રાસ પડ્યો તે સમભાવથી સહ્યો, પણ કરડનાર કોઈ જીવની હિંસા તેમણે કરી નહિ. વળી વસ્ત્ર હતું નહિ તેથી ટાઢ અને તડકો પણ શરીરને ધ્યાન મુદ્રામાં જ રાખી સહન કર્યાં. ટાઢને કારણે તેમણે ન તો હાથ બગલમાં ઘાલ્યો કે ન તડકાનો આશ્રય લીધો. તડકો હોય ત્યારે છાયામાં જઈ બેસવાની પણ ઈચ્છા કરી નહિ ટાઢ જ્યારે બહુ અસહ્ય થઈ પડતી ત્યારે થોડું ચાલીને તેને નિવારવા પ્રયત્ન કરતા પણ અન્ય પરિવ્રાજકોની જેમ કદી તેમણે ધૂણી ધખાવીને ટાઢનું નિવારણ કર્યું નહિ. ચાલતી વખતે આડું–અવળું જોયા વિના સીધો પોતાની આગળનો માર્ગ જ તપાસીને સાવધાનીથી ચાલતા. ટોળ-ટપ્પા કે નકામી વાતમાં તેમને રસ હતો નહિ પણ માત્ર કોઈ કાંઈ પૂછે તો ટૂંકો જવાબ આપી વાત પતાવી દેતા. અને પોતાની દૃષ્ટિ સ્થિર રાખી અન્તર્મુખ રહેતા. તેમના આવા રૂપને જોઈ છોકરા ટોળે વળી ચિચિયારી કરી તેમને મારતા, પણ તેનો ભગવાને કદી પ્રતિકાર કર્યો નહિ.

રહેવા માટે તેઓ ગ્રામ નગરમાં સભાસ્થાનો, પરબો અને હાટડાં તથા લુહારની કોઢ જેવા સ્થાનોનો ઉપયોગ કરતા, પણ સામાન્ય રીતે શહેર બહાર સ્મશાન જંગલમાં ઉજ્જડ ઘરો, વૃક્ષ મૂલ જેવા સ્થાનોમાં રહેવાનું પસંદ કરતા. રાત્રે પણ તેઓ વધારે ઊંઘ ન લેતાં ધ્યાનમાં જ રહેતા. ઊંઘનો હુમલો જ્યારે જોરદાર હોય ત્યારે તેને વશ થતા નહિ પણ થોડું ચંક્રમણ કરી તેનું નિવારણ કરતા.

ઉક્ત રહેઠાણોમાં પણ તેમને પશુ પંખીનો તો ત્રાસ પડતો જ; ઉપરાંત, એકાંત ચાહનારા કામીજનો તેમને આડખીલીરૂપ સમજી ત્રાસ આપતા. ગામના રખેવાળો તેમના ઉપર શંકાની નજરે જોઈ શસ્ત્રોથી માર મારતા તથા રાત્રે ફરવા નીકળેલા મુસાફરો પણ અનેક પ્રકારના પ્રશ્નો પૂછતા. પણ જ્યારે ભગવાન તેમને જવાબ આપતા નહિ ત્યારે ચીડાઈને તેમને હેરાન કરતા હતા. 'કોણ છો ?' એવા પ્રશ્નનો એકજ ઉત્તર આપતા કે 'ભિક્ષુ' આથી સાંભળનારને સંતોષ થતો નહિ અને ગુસ્સો કરતા. પણ ભગવાન તો બધું સમભાવપૂર્વક સહન કરતા.

અનેક લોકોની વચ્ચે રહેવાનો પ્રસંગ પડે ત્યારે સ્ત્રીઓ પ્રત્યે લક્ષ આપતા નહિ પણ અંતર્મુખ થઈ ધ્યાન ધરતા. કોઈ પ્રણામ કરે તો પણ તે તરફ ઉપેક્ષા જ ધરાવતા. આથી કેટલાક લોકો તેને ત્રાસ આપતા, પણ તેઓ તો સમભાવથી તે સહન કરતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારમાં ચાલી રહેલાં નાના પ્રકારનાં મનોરંજનોમાં–નાટક, ગીત, આખ્યાન, લાઠીયુદ્ધ, મુષ્ટિયુદ્ધ વગેરેમાં તેમને જરા પણ રસ હતો નહિ.

દીક્ષા લીધા પહેલેથી જ તેમણે ઠંડું પાણી પીવાનું છોડી દીધું હતું. અને પૃથ્વી આદિ છ કાય જીવોનું સરંક્ષણ કરવાની તેઓની ભાવના પ્રબળ હતી. તેથી જીવન વ્યવહાર એ જ રીતે ગોઠવ્યો હતો કે તેમની હિંસા ટાળી શકાય. તેઓ પોતાને માટે બનાવેલ ભોજન લેતા નહિ, ભોજન પણ તેઓ પોતાના હાથમાં લેતા. એ માટે બીજાના પાત્રનો ઉપયોગ કરતા નહિ, માનાપમાનનો વિચાર કર્યા વિના ભિક્ષાર્થે વિચરતા અને નિર્દોષ આહાર સ્વીકારતા. આહારની મર્યાદા તેઓ બરાબર જાળવતા. ભોજનમાં રસલોલુપ કદી તેઓ થયા નથી. જે કાંઈ લૂખુંસૂકું મળે તે ખાઈને નિર્વાહ કરતા. ઘણીવાર પાણીનો પણ ત્યાગ કરતા. સતત વિહારમાં રહેતા. અને બે, ત્રણ, ચાર કે પાંચ ઉપવાસ ખેંચી કાઢતા.

આહારની શોધમાં નીકળ્યા હોય ત્યારે જો રસ્તામાં કાગડા–કૂતરા–બિલાડા ખાવાની લાલચે બેઠા હોય તો સાવધાનીથી દૂર ચાલ્યા જતા. તેમજ અન્ય ભિખારી, બ્રાહ્મણ, શ્રમણ, અતિથિ, વગેરેને જોતા તો તે માર્ગ છોડી અન્ય માર્ગે જતા, કે જેથી તેઓને ખાવામાં બાધા પડે નહિ. આમ છતાં પણ જો ભિક્ષા મળતી નહિ તો શાંત ભાવે સહન કરી ઉપવાસ ખેંચી કાઢતા. તેમને કદી રોગ થયો ન હતો, છતાં કદી તેમણે ભરપેટ ખાધું નહિ. તેમને સાધના કાળમાં કોઈ પણ પ્રકારનું ઔષધ લેવું પડ્યું નથી, તેમજ શરીર શુદ્ધિ માટે વિરેચન વગેરેનો પણ આશ્રય લેવો પડ્યો નથી. તેઓ સ્નાન કરતા નહિ. થાકયા હોય છતાં પગચંપી કદી કરાવી નથી.

તેમણે પોતાનામાં રહેલા કષાયોને શાંત કર્યા હતા, તેઓ સાધનામાં એટલા બધા નિમગ્ન હતા કે તેઓએ શરીરને ખજવાળ્યું પણ નથી અને આંખને પણ ચોળી નથી. ચંચળતા વિનાના થઈને તેઓએ યોગનાં અનેક પ્રકારનાં આસનો કર્યાં, ધ્યાન ધર્યું, અને તેમાં ત્રણે લોકના સ્વરૂપનો વિચાર કર્યો. સંસારના કામભોગમાંથી તેમની મૂર્છા ટળી ગઈ, લાલચ રહી નહિ, સદા અપ્રમત રહી તેઓએ પોતાના આત્માની શુદ્ધિનો પ્રયત્ન કર્યો.

આવી ઉગ્ર તપસ્યાથી શરીર કૃશ અને બિહામણું બની ગયું. અને જ્યારે તેમણે લાઢ અને વજ્જભૂમિ જેવા અનાર્ય પ્રદેશમાં વિહાર કર્યો ત્યારે તેમના કષ્ટોનો પાર રહ્યો નહિ. ત્યાંના લોકોએ તેમના પર કૂતરાં છોડ્યાં અને માર પણ માર્યો. બીજા શ્રમણો આવે પ્રસંગે લાકડીનો ઉપયોગ કરે છે પણ ભગવાને તો એ કષ્ટોને પણ શૂરવીરની જેમ સહન કર્યાં અને પોતાની સાધનામાં અચલ રહ્યા.

આ પ્રકારની સાધનામાં ભગવાન મહાવીરે બાર વર્ષથી પણ વધારે સમય વીતાવ્યો અને રાગ દ્વેષથી મુક્ત થઈ વીતરાગ બન્યા.

## વીર વાણી

અમુક કર્મ અમુક સમયે બંધાય એ સત્ય છે. પરંતુ સર્વથી પહેલું કર્મ આત્માએ ક્યારે બાંધ્યું ? આ પ્રશ્નના જવાબમાં પ્રવાહની અપેક્ષાએ આત્માની સાથે કર્મનો સંબંધ અનાદિનો છે.

卐 卐 卐

દ્વેષ એ આત્માનો અંતરંગ દાવાનલ છે. એ દાવાનળનું જેના દિલમાં સ્થાન છે તે આત્માને ક્યાંય શાંતિ મળતી નથી. માટે મુમુક્ષુ મહાનુભાવે આ દ્વેષના ભયાનક દાવાનલથી સદાય દૂર રહેવા લક્ષ્ય રાખવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તવત્સલ ભગવાન

લેખક : પૂ. ઉપા. હેમચન્દ્રવિજયજીગણિ, દોલતનગર

શ્રાવસ્તી નગરીથી વિહાર કરી મિંઢિક ગામમાં પધારેલા શ્રમણ ભગવાન મહાવીર પ્રભુએ મણિ કોષ્ઠક ચૈત્યમાં સમોસરણમાં બિરાજમાન થઈ ધર્મ દેશના આપી.

સુધાવર્ષિણી તે દેશનાના શ્રવણથી અનેક આત્માઓ ધર્માભિમુખ બન્યા. પ્રભુ દેશનાને પ્રશંસતા નગરજનો પરસ્પર ચર્ચા કરતા હતા ભગવાનના કૃશ થઈ ગયેલા શરીરની.

નક્કી ભગવાનના શરીર ઉપર ગોશાળાએ મૂકેલી તેજોલેશ્યાની માઠી અસર થઈ લાગે છે. તેથીજ તો ભગવાનનું વિકસ્વર કમળના જેવું વદન અત્યારે સાવ મ્લાન થઈ ગયું છે, શરદના ચન્દ્રમાના જેવી દેદીપ્યમાન શરીરની કાંતિ શોભાહીન બની ગઈ જણાય છે.

ક્યાં પ્રભુના તે નીલકમળના પત્રના જેવા દીર્ઘ અને મનોહર લોચનો અને ક્યાં અત્યારના તેજહીન-નાના થઈ ગયેલા નેત્રો! મોટા નગરના દરવાજાની ભૂંગળ જેવી મોટી એ પ્રભુની બન્ને ભુજાઓ પણ અત્યારે કેટલી દુબળી-પાતળી થઈ ગઈ છે. જરૂર આ રીતે તેજોલેશ્યાની ક્રમિક અસરથી ઘેરાતું આ શરીર કહેવાય છે એમ છ મહીનામાં તો સાવ ખલાસ થઈ જશે.

અત્યારે તરણતારણ જહાજ આ પ્રભુની હયાતીથી આપણે કંઇક સુખ-ચેનથી જીવી રહ્યા છીએ. તોફાને ચડેલા સંસારરૂપી દરિયામાં તેઓજ દ્વીપ સમા છે. જરા રાક્ષસી, રોગ-સર્પો અને મૃત્યુ હસ્તીથી બચવા માટે તેમના વગર કોનું શરણ છે!"

એક કાનથી બીજે કાન અથડાતો એ જન-પ્રવાદ પ્રભુના પરમ ભક્ત શિષ્ય સિંહ અણગારના કાને પડયો ને એમનું અંતર કકળી ઊઠયું. એમના ભક્તિશીલ હૈયામાં અનેક શંકાના વાદળાં ઘેરાવા લાગ્યા. મગજ બેચેન બની ગયું. કંઠ રૂંધાઈ ગયો. એકાંત જઇને વિચાર કરી રહેલા તેમના બે નેત્રો જાણે વાદળ બનીને વરસી રહ્યા. ધસમસતા પૂરની જેમ એ અશ્રુપ્રવાહ રોકયો રોકાયો નહીં. એ હકીકત કેવળજ્ઞાનથી જાણીને પ્રભુએ સિંહ મુનિને બોલાવીને કહ્યું.

દેવાનુપ્રિય સિંહ! શા માટે તું આટલો બધો સંતાપ ધારણ કરે છે. તું જાણે તો છે ને કે-તીર્થંકર ભગવંતો નિરુપક્રમ આયુષ્યવાળા હોય છે તેઓના આયુષ્યને આવી આપત્તિઓ કશું નુકશાન કરી શકતી નથી. જો એમ ન હોય તો સંગમાસુરે મૂકેલા કાળચક્ર અને કટપૂતનાએ કરેલા જીવલેણ ઉપસર્ગોથી કયારના ય પ્રાણ ચાલ્યા ગયા હોત. તેથી ચિન્તા ન કર, વળી આ તેજો-લેશ્યાથી શરીરમાં જે લોહીના ઝાડાનો ઉપદ્રવ થયો છે તે પણ કાંઈ હાનિ નહીં કરી શકે."

આ સાંભળી કાંઈક આશ્વાસન પામેલા સિંહ અણગારે કહ્યું-હે જગન્નાથ પરમેશ્વર! આપ કહો છો તે વાત સત્ય હોવા છતાં આપની આ પીડાથી મુનિઓ, ગૃહસ્થો અને દેવતાઓ બધા ખૂબ દુ:ખી થઈ રહ્યા છે. સૌકોઈના મનમાં આ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કારણથી ખૂબ જ અશાંતિ થઈ આવી છે. નથી તો કોઈને સ્વાધ્યાય-ધ્યાનમાં રસ રહ્યો કે નથી કોઈને દાન દેવામાં. બધા જ પોત પોતાના કાર્યો છોડીને અત્યારે આપની જ ચિન્તા કરી રહ્યા છે. માટે નિષ્કારણ વિશ્વબન્ધો ભગવન્ ! તેજોલેશ્યાના કારણે આપને કોઈ જાતનું નુકશાન ન થવાનું હોય તો પણ અમારા જેવા જીવોના બળતા હૃદયને ઠારવા માટે પણ આપ કૃપા કરીને જણાવો કે–આ રોગનું શમન આપને કયા ઔષધથી થશે. એ ઔષધ લઈ આપ નીરોગી અને સ્વસ્થ થશો ત્યારે જ અમારા મન હળવાં બનશે. અત્યારે તો અમો બધા જ ચિન્તાથી ઘેરાયા છીએ.

તે સાંભળી ભક્તવત્સલ કરુણાળુ ભગવાન મહાવીરે સિંહ અણગારને રેવતી શ્રાવિકાના ઘેરથી બીજોરા પાક લાવવા માટે જણાવ્યું.

પ્રભુની આજ્ઞા મળતાં અત્યંત હર્ષિત થતા સિંહ મુનિ રેવતી શ્રાવિકાના ઘેર આવ્યા.

યુગપ્રમાણ ભૂમિને દૃષ્ટિથી અવલોકતાં સાક્ષાત્ ધર્મમૂર્તિ સમા મુનિરાજને ઘરમાં પ્રવેશતાં જોઈ પુલકિત શરીરવાળી શ્રી રેવતી સાત–આઠ પગલાં તેમની સામે જઈ ઉછળતા ભક્તિભાવથી વન્દન કરે છે, અને પૂછે છે. સ્વામિન્ ! ફરમાવો આપની શી આજ્ઞા છે ? આપની કઈ સેવાનો લાભ મને મળે એમ છે ?

ધર્મલાભનો આશીર્વાદ આપતાં સિંહ અણગારે કહ્યું કે જે તમે શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા માટે બનાવ્યું છે તે ઔષધને છોડીને તમારા પોતાના માટે જે બનાવ્યું છે તે ઔષધ મને વહોરાવો તેનો ખપ છે.

ત્યારે રેવતી શ્રાવિકાએ કહ્યું કોણ એવા દિવ્યજ્ઞાની છે કે જેઓ મારા મનમાં જ જાગેલા અને કોઈની પણ પાસે પ્રગટ નહીં કરેલા વિચારને પણ આ રીતે જાણી શકે છે. તે સમયે સિંહ અણગારે કહ્યું કે–ભદ્રે !

જગતના સઘળા ભાવને પ્રકાશિત કરવામાં સમર્થ નિર્મળ કેવળજ્ઞાનરૂપી પ્રકાશના ધામરૂપ ત્રિભુવનપતિ પરમાત્મા મહાવીર દેવને છોડીને બીજો કોણ આ રીતે કહી શકે એમ છે ? પ્રભુના વચનથી જ મેં આ પ્રમાણે જાણ્યું છે અને જેવું જાણ્યું તેવું તમારી આગળ પ્રગટ કર્યું છે તે સાંભળી અત્યંત ભક્તિભાવથી ભરેલા અંતઃકરણથી રેવતી શ્રાવિકાએ સિંહ અણગારને તે ઔષધરૂપ બીજોરા પાક વહોરાવ્યો. ઉલ્લસિત ભાવથી આ રીતે વહોરાવવાથી રેવતી શ્રાવિકાએ દેવતાનું આયુષ્ય બાંધ્યું. દાનધર્મના પ્રભાવથી 'મહાદાન મહાદાન'ની ઘોષણા કરતા દેવોએ તેના ઘરમાં સુવર્ણ આદિની વૃષ્ટિ કરી. તે ઔષધ લઈ જઈ સિંહ અણગારે પ્રભુને આપ્યું, અને તેના ઉપયોગથી ભગવાન મહાવીરને પિત્તજ્વરથી ઉત્પન્ન થયેલો વિકાર શાન્ત થયો. ભગવાનનું શરીર ફરી સુવર્ણની જેમ દીપવા લાગ્યું. આખા સંઘને આનંદ આનંદ થયો.

દેવતાઓ પણ હર્ષવિભોર બનેલા પોતપોતાની દેવીઓ સાથે નાચવા લાગ્યા.

## વીર વાણી

નાના–મોટા કોઈ પણ જીવાત્માના પ્રાણોને ન હણવાં, ચોરી ન કરવી, વિશ્વાસઘાત ન કરવો, અને અસત્ય ભાષણ પણ તજવું એ સાધુ-સજ્જનનો પવિત્ર માર્ગ છે.

✖ ✖ ✖

જ્યાં સુધી ઘડપણ આવે નહિ, વ્યાધિઓ વધવા પામે નહિ અને ઇન્દ્રિયો શિથિલ થાય નહિ ત્યાં સુધીમાં ધર્મને આચરી લો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુધારો

આત્માનંદ પ્રકાશના પુસ્તક ૭૨ ના પોષ જાન્યુઆરીના સમાલોચનામાં જે છપાયું છે કે 'પૂ જંબૂવિજયજી મહારાજે આત્મજ્ઞાન અને સાધનાપથ આ પુસ્તકના લેખકને અંજલિ સમર્પી છે', તે સબંધમાં પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ લખે છે કે 'આત્મજ્ઞાન' આ પુસ્તક જે સ્વરૂપમાં છપાઈને આવ્યું તે જોતાં મારૂં મન ઘણું જ નારાજ થયું હતું. જો મને આવી ખબર હોત તો મુનિશ્રી અમરેન્દ્રવિજયજીના આ પુસ્તકનું પુરોવચન હું લખત જ નહિ. આ વાત પુસ્તકના લેખકને મેં તરત જણાવી દીધી છે. અને ભવિષ્યમાં આ પુસ્તકની કોઈ પણ આવૃત્તિમાં મારા પુરોવચનને બીલકુલ ન જ છાપવા માટે લેખકને સ્પષ્ટ સૂચના પણ લખી દીધી છે.

દઃ જંબૂવિજયજી ૧૦-૩-૭૫
શંખેશ્વરજી તીર્થ.


બહાર પડી ચૂકેલ છે.

**શ્રી ભગવતી સૂત્ર સારસંગ્રહ**

પ્રથમના પાંચ શતકો

: લેખક :

શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ. વિજયધર્મસૂરીશ્વરજીના પટ્ટશિષ્ય
સ્વ. મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબ

: વિસ્તૃત વિવેચન :

ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ, પ. પૂ. પંન્યાસ
શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ (કુમાર શ્રવણ)

પ્રકાશકો અને પ્રાપ્તિસ્થાન :
(૧) શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રન્થમાળા
પો. સાઠંબા (સાબરકાંઠા) એ. પી. રેલ્વે
અથવા
(૨) શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર

૬૦૦ પાનાનો દળદાર ગ્રન્થ
મૂલ્ય રૂપિયા પાંચ
(પ્રચાર અર્થે)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ધી માસ્ટર સિલ્ક મિલ્સ પ્રાઇવેટ લિ.
## ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો

- ટેરીવીસ્કોસ શર્ટીંગ
- ટેરીવીસ્કોસ સાડી
- ટાફેટા
- બ્રોકેડ
- ગોલ્ડસીલ્વર
- સાટીન પ્યાસ
- પરમેટો
- એસેટેડ સાટીન ફ્લાવર વગેરે

**માસ્ટર ફેબ્રીકસ વાપરો**

**તે વાપરવામાં ટકાઉ છે**

માસ્ટર મીલની ઉપરની બધી જાતો માસ્ટર મીલની રીટેઇલ શોપમાંથી મળશે

સ્થળ :- માસ્ટર મીલ પાસે માસ્ટર મીલ રીટેઇલ શોપ

: મેનેજીંગ ડીરેક્ટર :

**રમણીકલાલ ભોગીલાલ શાહ**

તાર : MASTERMILL ફોન : ૩૨૪૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ભગવતીસૂત્ર સારસંગ્રહ

લેખક : મનસુખલાલ તારાચંદ મહેતા

[ જૈન સમાજને જેમણે અનેક વિદ્વાન સાધુઓ અને પંડિત રત્નો આપેલાં છે, એવા શાસ્ત્ર વિશારદ સ્વ. આચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના પ્રસિદ્ધ પટ્ટશિષ્ય શ્રી. વિદ્યાવિજયજી મહારાજ સાહેબે શ્રી ભગવતી સૂત્રના પાંચ શતકો પર ટૂંકું વિવેચન લખેલું. તેમના સુશિષ્ય ન્યાય, વ્યાકરણ, કાવ્યતીર્થ પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજે તે પર વિસ્તૃત વિવેચન કર્યું છે. પ્રસ્તુત ગ્રંથ લગભગ ૬૦૦ પાનાનો તૈયાર થઈ ગયો છે. પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના નીચે આપવામાં આવી છે. વિગત માટે આ અંકમાં જાહેર ખબર જોવા વિનંતી છે. ]

'શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ'ના આ ગ્રંથમાં, જગપ્રસિદ્ધ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય સ્વ. વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના સુપ્રસિદ્ધ અને પ્રખર વક્તા શિષ્ય સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબે, ભગવતી સૂત્રના શતકો પર જે વિવેચન કર્યું છે, તે પૈકીના પાંચ શતકોનું વિવેચન આપવામાં આવ્યું છે. આ વિવેચન પર વિસ્તૃત નોંધ તેમના સુશિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનન્દ વિજયજી મહારાજ સાહેબે કરેલ છે. બાળ, યુવાન અને વૃદ્ધ સૌ કોઈ સહેલાઈથી સમજી શકે, એ દૃષ્ટિ પૂર્વક આ નોંધો કરવામાં આવી છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. આ રીતે સોનામાં સુગંધ મળે એનો સુભગ યોગ પ્રસ્તુત ગ્રંથમાં થયેલો છે. પૂ. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે, આ રીતે પોતાના ગુરુદેવનું અધૂરું કાર્ય પૂર્ણ કર્યું છે અને આજ સાચી ગુરુ ભક્તિ કહેવાય પૂ. મહારાજ શ્રી વિદ્યાવિજયજીનું વિવેચન મૂળમાં આપવામાં આવ્યું છે અને ફૂટ-નોટમાં નીચે પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજીની વિસ્તૃત નોંધ આપવામાં આવી છે. લખાણની નીચે વિસ્તૃત નોંધ આપવમાં આવેલી હોય, વાચક વર્ગને વિવેચન સમજવું સહેલું થઈ પડે છે. પ્રસ્તુત ગ્રંથમાં ભગવતી સૂત્રના પ્રથમ પાંચ શતકો પર વિવેચન અને વિસ્તૃત નોંધ આપવામાં આવેલ છે. છઠ્ઠું શતકનું લખાણ તૈયાર હોવા છતાં, ગ્રંથ બહુ મોટો થઈ જાય એ દૃષ્ટિએ પ્રસ્તુત ગ્રંથમા સામેલ નથી કર્યું પણ ટૂંક સમયમાં તે બહાર પાડવામાં આવશે. મહારાજશ્રીની વિસ્તૃત નોંધ વાંચતા તેઓશ્રીએ સાગરને ગાગરમાં સમાવવા જેવું ભગીરથ કાર્ય કર્યું છે એમ સ્પષ્ટ સમજી શકાય છે. મુશ્કેલ અને કઠિન બાબતોને એમણે સરળ અને સહેલી બનાવવા સ્તુત્ય પ્રયાસો કર્યા છે, જે માટે ખરેખર તેઓ ધન્યવાદને પાત્ર છે.

આપણે ત્યાં પિસ્તાલીસ આગમ છે, જેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂલ સૂત્ર, ૬ છેદ સૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકા સૂત્રનો સમાવેશ થાય છે. અંગ, ઉપાંગ, મૂલ, છેદ, પ્રકીર્ણક અને ચૂલિકા એ આગમોના પડાયેલા છ વર્ગના નામ છે. અંગો અસલતો બાર હતાં, પણ બારમું અંગ હાલ ઉપલબ્ધ નથી એટલે કે અગિયાર અંગો જ મળે છે. આ બધાં પણ પૂરાં મળતાં નથી. આ અગિયાર અંગો પૈકી પાંચમું અંગ તે '**વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર.**' નામ ઉપરથી જ સૂચિત થાય છે, તેમ આ આખું સૂત્ર પ્રશ્નો અને તેની વ્યાખ્યાઓ એટલે વિસ્તૃત ઉત્તરો રૂપ છે. 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર' નામ હોવા છતાં, તેની મહત્તા દર્શાવનારું વિશેષણ 'ભગવતી સૂત્ર' નામે તે પ્રસિદ્ધ છે.

ભગવતી સૂત્રમાં કેવળ જ્ઞાનીને ગણધરે પૂછેલા પ્રશ્નાનો સીધો સમાવેશ થાય છે મુખ્ય પ્રશ્નકારો છે. ઈન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી), અગ્નિભૂતિ, વાયુ ભૂતિ, પંડિત પુત્ર, માકંદી પુત્ર, રોહક, જયંતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવિકા તેમજ અન્ય તીર્થિંકો અર્થાત અન્ય સંપ્રદાયીઓ આમ છતાં આ સૂત્ર મુખ્યત્વે શ્રી ગૌતમ અને ભ. મહાવીરના સવાલ જવાબ રૂપ જ છે. પ્રશ્નોની રજૂઆતમાં વિષયનો કે દલીલનો કોઇ ખાસ ક્રમ જોવામાં આવતો નથી. કોઈ કોઈવાર એક જ ઉદ્દેશકમાં ભિન્ન ભિન્ન વિષયને લગતા પ્રશ્નો પણ જોવામાં આવે છે.

આપણે ત્યાં ભગવતીસૂત્રનું માહાત્મ્ય અનેરૂં છે. ચોમાસાના ચાર માસ દરમિયાન પર્યુષણના દિવસો સિવાય શ્રી ભગવતીસૂત્રનું પારાયણ થાય છે. કેવળજ્ઞાનીના એક એક બોલની કિંમત અમૂલ્ય હોય, એ બોલને ભારોભાર સુવર્ણ જેવા કીમતી ગણી, ધનવાન અને શ્રદ્ધાળુ જૈન વર્ગ સોનાનાણું કે ચાંદી નાણું મૂકે છે. ભગવતી સૂત્ર બહુ મોટુ છે. શ્રી ભગવતી સૂત્રના હાલ એકતાલીશ વિભાગો છે આ દરેક વિભાગને શતક કહેવાય છે અને તેના પેટા વિભાગને ઉદ્દેશક કહેવાય છે. આ અંગમાં એકસો કરતાં વધારે અધ્યયનો, દશ હજાર ઉદ્દેશકો, છત્રીસ હજાર વ્યાકરણ (પ્રશ્નો) અને બે લાખ અઠ્યાસી હજાર પદો હતાં. વીર સંવત ૯૮૦ કે ૯૯૩માં શ્રી દેવર્દ્ધિગણુ ક્ષમા શ્રમણના પ્રમુખ પદે, આગમોનું લિપિબદ્ધ કરવાનું મહાભારત કાર્ય કરવામાં આવ્યું હતું. તે વખતે વિવિધ આગમોની જે સંકલના કરાઈ, તેને અનુરૂપ વર્તમાન ભગવતીસૂત્ર છે. એટલે વર્તમાન ઉદ્દેશકો, પદોની સંખ્યા પહેલાંની માફક જોવામાં આવતા નથી.

દરેક ધર્મગ્રંથોના મુખ્ય બે વિભાગો પડી શકે છે. એક વિભાગ ઉપદેશ ગ્રંથોનો અને બીજો વિભાગ સિદ્ધાંત ગ્રંથોનો. ઉપદેશ ગ્રંથોમાં સામાન્ય રીતે માણસને વૈરાગ્યાદિ ભાવ ઊપજે, તે રીતે બાબતો ચર્ચવામાં આવે છે, જેથી કોઈ પણ વાંચે તો સહેલાઈથી તે સમજી શકે છે આપણા આગમ ગ્રંથોમાં ઉત્તરાધ્યયન સૂત્ર આવા ઉપદેશથી ભરેલું છે જ્ઞાનના સાગર રૂપી ભગવતી સૂત્રમાં જો કે ગણિતાનુયોગની પ્રધાનતા છે, છતાં પણ તેમાં દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ અને કથાનુયોગના પાઠ મૌક્તિકો પણ પૂર્ણ માત્રામાં જોવા મળે છે. આ રીતે, ભગવતીસૂત્રમાં ઉપદેશ અને સિદ્ધાંતનો સુભગ સંયોગ છે, જે આ સૂત્રની વિશેષ વિશિષ્ટતા છે.

અસંવૃત્ત-સંવૃત્ત અણગાર (પા. ૨૪)ની વાત બહુ સમજવા જેવી છે. અનાદિ કાળથી રઝળતા આપણા જીવનો-અનંતાભવો થયા છતાં-અંત કેમ નથી આવતો? રઝળપાટ બંધ કેમ નથી થતો? આ પ્રશ્ન દરેક વિચારક માણસને આવ્યા વિના ન રહે. આનું કારણ વિસ્તૃત નોંધમાં સમજાવવામાં આવ્યું છે, જે જન્મ મરણના અંત માટે બહુ ધ્યાનમાં રાખવા જેવું છે. **आस्रवो भव हेतुः स्यात् संवरो मोक्ष कारणम्** આશ્રવ અને સંવર આ બે તત્ત્વો વડેજ જીવાત્મા સંસાર સાથે બંધાય છે અને સંસારથી મુક્ત થાય છે. આત્માની સાથે કર્મનો સંબંધ થવાના કારણોને આશ્રવ કહેવાય છે. '**संवर**' શબ્દ **सम्** પૂર્વક **वृ** ધાતુથી બનેલો છે. **सम** પૂર્વક **वृ** ધાતુનો અર્થ રોકવું-અટકાવવું થાય છે કર્મ બંધતું અટકે તે સંવર, સંવર એટલે ઇંદ્રિયો, મન વાસના ઉપરનો સંપૂર્ણ જય મુક્તિ પદનો સાચો અને સચોટ માર્ગ સંવર છે. જ્યાં સંયમ છે ત્યાં સંવર છે. જ્યાં સંવર છે ત્યાં આશ્રવ માર્ગ બંધ થવાથી કર્મ બંધન પણ નથી અને જ્યાં આવતા કર્મોને રોકી લીધાં ત્યાં જૂનાં કર્મોની નિર્જરા થતા વાર લાગતી નથી. જ્યાં નિર્જરા છે ત્યાં અવશ્ય મોક્ષ છે અને મોક્ષમાં અવ્યાબાધ અનંત સુખ જ છે જૈન ધર્મમાં પ્રધાનતા પુરુષાર્થની છે. કર્મ બાંધવું કે છોડવું એમાં માણસ માત્ર સ્વતંત્ર છે. એટલે જુદી જુદી યોનિઓમાં ભટકવું અગર એમ ભટકવામાંથી કાયમને માટે મુક્ત થવું, એ આપણા પોતાના જ હાથની વાત છે.

લેશ્યાનું સ્વરૂપ અને સમજણ (પાન ૩૩ અને ૨૯૬) પણ આ ગ્રંથનાં સરસ રીતે સમજાવવામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યા છે. આત્માની સાથે કર્મ પુદ્ગલોને ચોંટાડનાર જે વસ્તુ, તેનું નામ લેશ્યા. થર્મોમિટર વડે જેમ શરીરની ઉષ્ણતાનું માપ સમજી શકાય છે એમ લેશ્યાની સમજણથી માણસ પોતાના મનનાં અધ્યવસાયો સમજી તેનું સ્વરૂપ પણ સમજી શકે. આપણે ત્યાં લેશ્યાના છ પ્રકારો છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યા. મનુષ્યની ક્રૂરમાં ક્રુર વૃત્તિને કૃષ્ણ લેશ્યા કહેવાય છે. જેમ જેમ એ ક્રુરતા ઓછી થતી જાય અને તેમાં સાત્ત્વિક વૃત્તિનો ભાવ મળતો જાય, તેમ તેમ માનવતાનો વિકાસ થતો જાય છે અને લેશ્યા ઉત્તરોત્તર શુભ બનતી હોય છે. કૃષ્ણ લેશ્યા કરતાં જેમાં થોડો વધારે વિકાસ છે તે વૃત્તિને નીલ લેશ્યા, તેથી વધારે વિકાસ તે કાપોત લેશ્યા એમ ઉત્તરોત્તર સમજવાનું છે. સાંખ્ય દર્શનની પરિભાષામાં કહીએ તો, તામસીવૃત્તિએ કૃષ્ણ અને નીલ લેશ્યા રાજસીવૃત્તિ એ કાપોત અને તેજો લેશ્યાનું સ્વરૂપ છે, જ્યારે પદ્મ અને શુક્લ લેશ્યા એ સાત્વિક વૃત્તિનું સ્વરૂપ છે.

બીજા શતકમાં મુખ્યત્વે જીવોની ભિન્નભિન્ન જાતિઓની વાતો આવે છે. આ શતકમાં દેવ અને નરકનું વિસ્તૃત વર્ણન આવે છે. દેવોના મુખ્ય ચાર ભેદો છે. વૈમાનિક–વિમાનમાં રહેનારા, ભવનપતિ-ભવનમાં રહેનારા, વાણ વ્યંતર–પહાડ, ગુફા અને વનના આંતરાઓમાં રહેનારા અને જ્યોતિષ્ક દેવોમાં સૂર્ય-ચંદ્ર–ગૃહ–નક્ષત્ર-તારાનો સમાવેશ થાય છે. ત્રીજા શતકમાં (પાન ૨૨૮) ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર વચ્ચેના યુદ્ધની વાત આવે છે. શક્રની વધારે ઋદ્ધિ, સમૃદ્ધિ અને સત્તા જોઈ ચમરેન્દ્રને ઇર્ષ્યા આવી અને યુદ્ધ કર્યું. શક્રની ઇન્દ્રાણીઓ પ્રત્યે તેની કુદૃષ્ટિ થઈ અને તેને તાબે કરવા પ્રયત્નો થયા. ભગવાનની અપાર કરુણાથી ચમરેન્દ્રનો બચાવ થયો. આ બધી વાતો વાંચતા વિચાર આવે છે કે દેવો અને અસુરો પણ, લોભ અને વિષયવાસનાને આધીન થઇ યુદ્ધો કરે છે. આમાં શાંતિ–સમતા કે સમભાવ જોવા ક્યાં મળે છે? દેવો માટે પચ્ચખાણ કે તપ માટે કોઈ શક્યતા નથી. આ દૃષ્ટિએ દેવ કરતાં માનવ જન્મ ઉચ્ચ અને શ્રેષ્ઠ ગણાય છે. તેથી જ કહેવાયું કે **न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्** માનવીથી કોઈ વધારે ચડિયાતું નથી. બહુ ઊંડું મંથન કરીએ તો આપણને ખાતરી થશે કે, માનવે મૃત્યુ પછી મુક્તિ અને તે શક્ય ન હોય તો ફરી માનવજન્મ પ્રાપ્ત કરવા પોતાનું લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ. મૃત્યુ પછી દેવગતિમાં જવાની ઈચ્છા રાખવી એ તો માણસ માટે નીચલી કક્ષામાં જવા જેવું–માનવ જન્મનું અપમાન કરવા જેવું હીન કાર્ય છે. ત્યાગ–તપ–સંયમની પાછળ આવી ઉચ્ચતમ દૃષ્ટિ અને ભાવના કેળવવા જોઈએ. આ દૃષ્ટિએ માનવયોનિ પ્રાપ્ત કર્યા પછી પણ, આપણે જો રાગ–દ્વેષ અને વિષયકષાયોમાં ફસાયેલાં રહીએ, તો આપણાથી વધુ મૂર્ખ કોને કહેવા એ એક કોયડો છે.

માનવને વેદના, આઘાત અને વ્યથા શા માટે ભોગવવા પડે છે, તેની ચર્ચા બહુ સુંદર રીતે ત્રીજા શતકના સાતમા ઉદ્દેશકમાં કરતાં, પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે સ્પષ્ટ શબ્દોમાં સાચું જ કહી દીધું છે કે : "ક્રિયાજન્મ કર્મ અને કર્મજન્ય વેદના હોય છે. મુનિવેષને ધારણ કર્યા પછી પ્રમાદને વશ થઇને મુનિરાજો પણ ઉપયોગ શૂન્ય બનીને ખાવાપિવાની ગમનાગમન કરવાની, સૂવા ઉઠવાની ક્રિયાઓ કરશે, તો ચોક્કસ રીતે ભગવતીસૂત્ર સાક્ષી આપે છે કે, તે મુનિરાજો પણ કર્મને બાંધશે અને તેમને માટે પણ સંસારનું ચક્કર સદૈવ તૈયાર જ છે" (પાન ૨૫૪) 'ચારિત્ર યોગનું સ્પષ્ટીકરણ' શીર્ષક નીચેની વિસ્તૃત નોંધમાં (પાન ૩૩૫) પૂ. મહારાજશ્રીએ અનાસક્ત ભાવે જીવન જીવવાની વાત પર ભાર મૂકતાં સાચું જ કહ્યું છે કે, "પુદ્ગલો છોડવાના નથી પણ તેમના પ્રત્યેનો દુરાચાર છોડવાનો શ્રીમંતાઈ કે સત્તા છોડવાની નથી, પણ તેના પ્રત્યેની સાધ્ય ભાવનાને ત્યાગી સાધનભાવ પેદા કરવાનો છે." જનકરાજા પાસે વૈભવ અને રિદ્ધિસિદ્ધિનો કોઈ પાર ન હતો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ તેમ છતાં તેઓ વિદેહી કહેવાયા છે, તેનું કારણ આજ છે. કમળ, જળની વચ્ચે રહ્યાં છતાં પાણીથી જેમ અલિપ્ત રહે છે, તેમ સંસારમાં રહીને પણ અલિપ્ત ભાવે રહી શકે, તો તે એક ઉચ્ચ કોટિની સાધના છે.

ઇન્દ્રલોકની ત્રણ સભાનું વર્ણન (પાન ૩૩૬) કરતાં જણાવ્યું છે કે, દેવલોકમાં દેવતાઓની માફક દેવીઓ પણ સભાસદપદને શોભાવે છે અને ત્યાં દેવીઓનું પણ દેવોની માફક બહુમાન કરવામાં આવે છે. આ અંગેની નોંધમાં પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે સાચું જ લખ્યું છે કે, "માતૃસ્વરૂપા સ્ત્રીઓને હલકી ગણવાનું પ્રયોજન શું છે? શું પુરુષો કરતા સ્ત્રીઓ બુદ્ધિબળમાં ઓછી છે? આ બધી અને આના જેવી બીજી પણ કલ્પનાઓમાં પુરુષ જાતની જોહુકમી સિવાય બીજું કંઈ પણ તત્ત્વ નથી" (પાન ૩૩૯). સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ મૂળભૂત ફરક નથી. સ્ત્રીપણું અને પુરુષપણું એ તો માત્ર દેહદૃષ્ટિએ છે. આત્મતત્ત્વની દૃષ્ટિએ તો સ્ત્રીનો આત્મા અને પુરુષનો આત્મા બંને એકસમાન છે.

'શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ'ની પ્રસ્તાવના લખવાનો મને મુદ્દલ અધિકાર નથી, એ વાત હું સારી રીતે સમજું છું. આ એક પ્રકારની અનધિકાર ચેષ્ટા કરવાનો ટૂંકો ખુલાસો પણ કરી દઉં. આજથી પચીસ વર્ષ પહેલાં ઇ. સ. ૧૯૫૦માં શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની 'આગમ વિભાગ'ની પરીક્ષામાં હું બેઠેલો અને પાસ થયેલો. એ વખતે આ વિભાગના અભ્યાસક્રમમાં પાઠ્ય પુસ્તક તરીકે (૧) શ્રી ભગવતી સાર (૨) ઉત્તરાધ્યયન સૂત્ર (૩) કલ્પસૂત્ર એમ ત્રણ ગ્રંથો હતા. ભગવતીસાર એ તો ભગવતી સૂત્રનો માત્ર છાયાનુવાદ હતો, એટલે એ બળ વડે આ ગ્રંથની પ્રસ્તાવના લખવી, એ તો સૂંઠના ગાંઠીયે ગાંધી થઇ જવા જેવી બાલિશતા છે. હકીકત એ છે કે, આઠ વર્ષની વયે જીવનમાં પ્રથમવાર હું શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ. આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી, જેમણે વિશ્વમાં જ્ઞાનની ગંગા વહાવી અનેક શ્રેષ્ઠ કોટિના સાધુ ભગવંતો અને પંડિત રત્નો જૈન સમાજને આપ્યા, તેમના તથા એ સંઘાડાના સાધુઓના પરિચયમાં આવ્યો. ઇ. સ. ૧૯૧૬માં તેઓ સૌ અમરેલીમાં ચોમાસું હતાં. તે પછી તેમના શિષ્ય રત્નો આ. ઇન્દ્રસૂરિજી તથા શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાથે મારો સતત સંપર્ક રહ્યો. પચીસેક વર્ષ પહેલાં પૂ. વિદ્યાવિજયજી મહારાજને વાંદવા શીવપુરી ગયેલો, ત્યારે તેમના પ્રશાંત શિષ્ય પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબ સાથે પરિચય થયો. તેઓ એ વખતે ન્યાય, વ્યાકરણ અને કાવ્યતીર્થની પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા હતા. તે પછી દિનપ્રતિદિન અમારો સંબંધ વધતો ગયો અને સંપર્ક ચાલુ જ રહ્યો. પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના લખવા પ્રેમભાવે તેમણે મને આજ્ઞા કરી અને તેનું ઉલ્લંઘન ન કરી શકવાના કારણે, પ્રસ્તાવના લખવાની આ અનધિકાર ચેષ્ટા મારાથી થઈ ગઇ છે. સંભવ છે કે આ પ્રસ્તાવના લખવામાં શાસ્ત્રવિરુદ્ધ કે અન્ય કોઇ દોષો મારાથી થઇ જવા પામ્યા હોય, તો તે માટે વાચકો મોટું દિલ રાખી મને ક્ષમા કરે એવી નમ્ર પ્રાર્થના સાથે વિરમું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરનો સંદેશ

લે. ભોગીલાલ જ. સાંડેસરા.

જૈનોના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરના નિર્વાણને વિક્રમ સં. ૨૦૩૦ના આસો વદ અમાસની રાત્રે અઢી હજાર વર્ષ થયાં. મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણકની એ તિથિ હોઈ જૈન પરંપરામાં એનું વિશિષ્ટ મહત્ત્વ છે. જૈન કાલગણના અને ઇતિહાસમાં પણ એ દિવસ ઘણો અગત્યનો છે. કેમકે વીર નિર્વાણ સંવત અઢી હજાર વર્ષ પૂર્વે એ દિવસથી શરૂ થયો. મગધ પ્રદેશમાં પાવાપુરીમાં મહાવીરસ્વામીનું નિર્વાણ થયું હતું. ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના પુત્ર પાલકનો રાજ્યાભિષેક પણ એ સમયે થયો હતો. જૈન આગમો પૈકીના "તીત્થોગાલી પ્રકીર્ણક"માં કહ્યું છે---

**जं रयणिं सिद्धिगओ अरहा तित्थंकरो महावीरो।**
**तं रयणिमवंतीए अभिसित्तो पालओ राया॥**

અર્થાત્ જે રાત્રે અરિહંત તીર્થંકર મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિએ અવંતિમાં પાલક રાજાનો અભિષેક થયો.

એ સમયે સર્વાર્થસિદ્ધ મુહૂર્ત હતું. અને ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં હતો. આચાર્ય હેમચન્દ્ર પોતાના "ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત" ગ્રન્થમાં છેલ્લા 'મહાવીર ચરિત'ને અંતે વીર નિર્વાણ વિષે લખે છે. "પ્રભુના નિર્વાણને પરિણામે ભાવદીપકનો ઉચ્છેદ જાણી અર્થાત્ વિશ્વજ્યોતિ સમાન મહાવીરનો દેહવિલય જાણી સર્વ રાજાઓએ દ્રવ્યના દીપક કર્યા; ત્યારથી લોકોમાં દીપોત્સવીનું પર્વ પ્રવર્ત્યું."

સં. ૨૦૩૦ની દીપોત્સવીથી સં. ૨૦૩૧ની દીપોત્સવી સુધી એક વર્ષ સમસ્ત ભારતમાં અને ભારતની બહાર મહાવીર નિર્વાણના અઢી હજારમાં વર્ષ તરીકે ઉજવાઇ રહ્યું છે. મહાવીરના જીવનની મુખ્ય ઘટનાઓનો નિર્દેશ કરી, એમના ઉપદેશોનો તથા એ ઉપદેશોની વર્તમાન જીવનમાં સૂચકતા અને ઉપયોગિતાનો થોડોક વિચાર કરીએ.

ભગવાન મહાવીર એ જૈન ધર્મના ચોવીસમા અને છેલ્લા તીર્થંકર છે. ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ તેઓ મહાવીરથી અઢીસો વર્ષ પૂર્વે નિર્વાણ પામ્યા હતા. મહાવીરના માતાપિતા "પાર્શ્વાપત્ય" એટલે કે પાર્શ્વનાથનાં અનુયાયી હતાં; પાર્શ્વનાથના અનુયાયીઓ અને મહાવીરના શિષ્યો પરસ્પરના સંપર્કમાં આવ્યા હતાં. અને કવચિત્ બંને વચ્ચે ચર્ચાઓ અને વિવાદો થતા હતા એ ઐતિહાસિક હકીકત છે. અર્થાત્ મહાવીર એ જૈન ધર્મના સ્થાપક નહોતા. પણ એની ફિલસૂફી અને આચારમાં કેટલાક મૂળભૂત સુધારાઓ કરનાર ધર્મવીર હતા. એમના નિર્વાણ પછીનાં અઢીહજાર વર્ષમાં પણ કોઇ મોટું પરિવર્તન થયું નથી!

મગધ પ્રદેશમાં વૈશાલી પાસે કુંડગ્રામનાં જ્ઞાતવંશીય ક્ષત્રિય સિદ્ધાર્થ અને તેમની પત્ની ત્રિશલાના તેઓ પુત્ર હતા. એમનું ખરૂં નામ વર્ધમાન હતું. પણ બાળપણની નિર્ભીકતા અને મોટપણની ઘોર તપશ્ચર્યાને કારણે તેઓ મહાવીર તરીકે પ્રસિદ્ધ થયા. એમનું મન સંસારમાં નહોતું પણ માતા પિતાના સંતોષ ખાતર તેમણે લગ્ન કર્યા. એમના ૨૮મા વર્ષે માતા પિતાનું અવસાન થયું. પણ મોટાભાઈનું મન રાખવા માટે વધુ બે વર્ષ તેઓ સંસારમાં રહ્યા. ૩૦મા વર્ષે તેમણે સંસારનો ત્યાગ કર્યો. એ પછી સાડાબાર વર્ષ સુધી તેમણે સતત પર્યટન કર્યું, તપશ્ચર્યા કરી અને ઉપસર્ગો સહન કર્યા. જૈન પરંપરા વર્ણવે છે કે આ આધ્યાત્મિક અને આંતરિક યુદ્ધમાં ઈન્દ્ર સહાય કરવા આવ્યો ત્યારે મહાવીરે એને કહ્યું કે 'અર્હં તો પોતાના પુરુષાર્થ અને ઉદ્યમના બળેજ ભવારણ્ય પાર કરી જાય છે. એટલે કે વ્યક્તિના પોતાનાજ પુરુષાર્થ અને સત્કર્મો ઉપર મહાવીરે ભાર મૂક્યો. વીરતાપૂર્ણ દીર્ઘ તપશ્ચર્યાને અંતે મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે કે તેઓ સર્વજ્ઞ થયા. એ સમયની ભારતીય પ્રજાનો એક મોટો વર્ગ એમનો અનુયાયી થયો;



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્વાન બ્રાહ્મણોને તેમણે દીક્ષિત કર્યા, જે એમના ગણધરો તરીકે ઓળખાયા તથા અનેક રાજાઓએ પણ એમનું અનુયાયિત્વ સ્વીકાર્યું. મહત્વની વસ્તુ એ છે કે મહાવીરનું શાસન, એમના નિર્વાણ પછી અઢી હજાર વર્ષ સુધી અવિચ્છિન્ન ચાલુ રહ્યું છે અને એથી ભવિષ્યમાં પણ રહેશે.

જાતિબંધનો તોડવા માટે અને જાતિમત્સર ટાળવા માટે મહાવીરે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો ચતુર્વિધ સંઘ સ્થાપ્યો. જૈન સંઘ એવી લોકશાહી રચના છે. જેમાં સૌથી મોટા આચાર્ય કે આચાર્યો કરતાં યે સર્વોપરિતા સંઘની છે. એનાં અનેક ઉદાહરણો જૈન ઇતિહાસમાં છે. તથા જૈન સંઘનું એ વ્યાવર્તક લક્ષણ વર્તમાનકાળમાં પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે. સંપૂર્ણ વીતરાગત્વ અને અનાસક્તિ સાથે સંપૂર્ણ કર્મયોગનો ઇતિહાસમાં જવલ્લે દેખાતો સમન્વય મહાવીરના જીવનમાં એવો ઉત્કટ છે કે એમનો ઉપદેશ અને એમનું જીવન વસ્તુતઃ એક છે.

મહાવીરના સાદા અને સનાતન ઉપદેશોનો સાર ટૂંકમાં આમ આપી શકાય, બધા જીવો સુખને ઇચ્છે છે; મરણ અને દુઃખ સર્વને અપ્રિય છે માટે જીવો અને જીવવા દો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ભેદો ક્રિયાજન્ય છે. શાસ્ત્રશ્રવણ અને આચરણનો સર્વને સમાન હક્ક છે. હિંસાજનિત યજ્ઞ એ સાચો યજ્ઞ નથી. પોતાના કષાયોનું બલિદાન એ જ સાચો યજ્ઞ છે. આત્માનો ઉદ્ધાર આત્મા પોતે જ કરી શકે છે અને સ્વ. બળથી તે પરમાત્મા બની શકે છે. સ્ત્રીને અને પુરુષને શાસ્ત્રશ્રવણ, ધર્માચરણ અને સંન્યાસનો સરખો અધિકાર છે.

ભગવાન મહાવીરના સંદેશની કેટલીક મુખ્ય બાબતો આધુનિક સામાજિક સન્દર્ભમાં પણ ઘણી અગત્યની અને માર્ગદર્શક છે. પહેલી બાબત તે **કર્મ સિદ્ધાન્ત.** આ કર્મ સિદ્ધાન્ત એટલે યજ્ઞયાગાદિને કેન્દ્રમાં રાખીને મીમાંસાદર્શને નિરૂપેલો કર્મકાંડ નથી. મહાવીરના કર્મ સિદ્ધાન્તનું હાર્દ એ છે કે જગત અનાદિ અને અનંત હોઇ જગતકર્તા ઇશ્વર નથી. જુદાજુદા આત્માઓ છે, અને તેમને પોતાના કર્મ અનુસાર ફળ મળે છે પોતાના કર્મ વડેજ મનુષ્ય ઈશ્વર કે પરમેશ્વર થાય છે. મહાવીર વગેરે તીર્થંકરો આ અર્થમાં ઇશ્વર હતા. જૈન વિચારસરણિ જગતકર્તા ઈશ્વરમાં માનતી ન હોઇ એને સંકુચિત અર્થમાં કદાચ કોઇ નાસ્તિક કહે; પણ એમાં ઇશ્વરને સ્થાને કર્મ છે અને પુરૂષાર્થનો દરજ્જો સર્વોચ્ચ હોઇ એને નાસ્તિક ગણવાનું ઉચિત નથી.

બીજી બાબત તે **અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ.** પ્રત્યેક વસ્તુ અનંતધર્માત્મક છે. તમામ ધર્મોનું જ્ઞાન તો માત્ર કેવલજ્ઞાની અથવા સર્વજ્ઞને હોય. સામાન્ય માણસને આંશિક જ્ઞાનથી સંતોષ મેળવવો પડે. આવા આંશિક જ્ઞાનનું નામ 'નય''. આથી સ્યાદ્વાદને નયવાદ પણ કહેવામાં આવે છે. સ્યાદ્વાદ અથવા અનેકાન્તવાદથી ઉલટી વિચારણા તે એકાન્તવાદ એટલે કે પોતાનો જ કક્કો ખરો કરવાનો કદાગ્રહ. આથી સ્પષ્ટ છે કે અનેકાન્તવાદનો સાર એટલે બૌદ્ધિક સહિષ્ણુતા અને ઉદારતા, સામાના અભિપ્રાય કે વિચાર સરણીને માન આપવાની વૃત્તિ. માત્ર આચારની અહિંસા નહિ, બુદ્ધિ અને વિચારની અહિંસાનું મૂળ અનેકાન્તવાદમાં છે સત્યશોધન અને સત્યના સાક્ષાત્કાર માટે કેળવવી જોઈતી અહિંસાનો ત્રીજો મુદ્દા એમાંથી આપોઆપ ફલિત થાય છે સૂક્ષ્માતિ સૂક્ષ્મ જીવનસૃષ્ટિનો ખ્યાલ જૈન નીતિશાસ્ત્રોઓ રાખ્યો છે તથા જૈન દર્શને એનું પ્રત્યક્ષકાય નિરૂપણ અને વર્ણન કર્યું છે. જેને આધુનિક યુગમાં સુક્ષ્મજીવવિજ્ઞાન "માઇક્રોબાયોલોજી"ની શોધો સમર્થન આપે છે.

ચોથી બાબત તે **અપરિગ્રહ.** જૈન ધર્મના પાંચ વ્રતો તે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સાધુ–સાધ્વીએ એનું સંપૂર્ણ પાલન કરવાનું, તેથી તેમને માટે મહાવ્રત, પણ ગૃહસ્થો માટે એ અણુવ્રત ત્યાગીઓ માટે સર્વવિરતિ, તો ગૃહસ્થો માટે દેશવિરતિ ત્યાગી માટે સંપૂર્ણ અપરિગ્રહ, તો ગૃહસ્થ માટે પરિગ્રહનું પરિમાણ અથવા મર્યાદા એટલે કે દાનવૃત્તિ અને ત્યાગ. ધનનો પણ અમુકથી વધારે પરિગ્રહ નહિ રાખવો,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એવું વ્રત કેટલાક સજ્જનો લેતા. આજે એવું આચરણ સરકાર ફરજિયાત કરાવે છે. અગાઉ આચાર્યો એ ઉપદેશતા અને કેટલાક લોકો એવું સ્વેચ્છાએ પાલન કરતા આ જગતમાં જે કંઈ છે તે ઈશ્વરનું છે માટે ત્યાગીને ભોગવો એ ઈશાવસ્ય ઉપનિષદનું ઉદ્બોધન અને અપરિગ્રહનો મહાવીર પ્રોક્ત સિદ્ધાન્ત એ બંને તાત્વિક દૃષ્ટિએ અભિન્ન છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય એ મોક્ષમાર્ગ છે એમ મહાવીરે ઉપદેશ્યું છે. સ્યાદ્વાદથી પ્રાપ્ત થતું સમ્યક્જ્ઞાન અને અહિંસાથી પ્રાપ્ત થતું સમ્યક દર્શન એ બન્નેનો પરિપાક સમ્યક્ ચારિત્ર્યમાં થાય એ સ્વાભાવિક છે. આ જ્ઞાન દર્શન અને ચારિત્રમાંથી મહાવીરનો પરાક્રમી કર્મવાદ ફલિત થાય છે. મોક્ષમાર્ગ તરફ ગતિ કોઇના અનુગ્રહ કે સહાયથી નહિ, પણ પોતાના કર્તૃત્વથી થાય છે એ તેમણે દર્શાવ્યું.

એકાન્તિકતા, સંકુચિત રાષ્ટ્રવાદ, ધાર્મિક ઝનૂન પ્રાદેશિક સ્વાર્થ, સામર્થ્યનું અભિમાન આદિ અનેક વ્યાધિઓથી પીડાતા આધુનિક જગતને સહિષ્ણુતા સમભાવ અને ઉદારતા શીખવવા માટે મહાવીરે નિરૂપેલો સ્યાદ્વાદ એમના સમય કરતાંયે આજે કદાચ વધારે ઉપયોગી છે. સર્વોદય પણ એમાં રહેલો છે આચાર્ય સમન્તભદ્રે તીર્થંકર મહાવીરની સ્તુતિ કરતાં કહ્યું છે–

**सर्वापदामन्तकरं निरन्तं,**
**सर्वोदयं तीर्थमिदं तवैव ।**

"સર્વ આપત્તિઓનો અંત લાવનારૂં અને અનંત એવું તારૂં આ તીર્થ સર્વોદય કરનાર છે.

[ આકાશવાણીના સૌજન્યથી ]

# સ્વર્ગવાસ નોંધ



ઉંઝા ફાર્મસીવાળા શેઠ ભોગીલાલભાઇ નગીનદાસના સં. ૨૦૩૧ના ફાગણ શુદ ૧૨ ના રોજ અમદાવાદ મુકામે થયેલ સ્વર્ગવાસની નોંધ લેતા અમે ઉંડી દીલગીરી વ્યક્ત કરીએ છીએ.

તેમણે તેમના પિતાશ્રીએ નાના પાયા ઉપર શરૂ કરેલ ફાર્મસીનો ખૂબ સારો વિકાસ કરી, અગ્રગણ્ય ફાર્મસીઓમાં, ઉંઝા ફાર્મસીનું સ્થાન પ્રાપ્ત કર્યું.

આયુર્વેદના વિકાસ માટે ઉંઝામાં ૨૦ બેડની આયુર્વેદિક હોસ્પીટલ માટે તેમના પિતાશ્રીને નામે દાન કરી સરકાર દ્વારા સંચાલિત કરી. ઉંઝામાં આયુર્વેદિક કોલેજ તેમજ કેન્સર હોસ્પીટલ થાય તે માટે તીવ્ર તમન્ના હતી જેની યોજના સરકારમાં રજૂ કરી. આ ઉપરાંત તેમણે જૈન વિદ્યોત્તેજક મંડળ અને બોર્ડીંગની સ્થાપના કરી હતી. ઉંઝાના જૈન મહાજનનું બંધારણ બનાવી સંસ્થાઓના વિકાસમાં ફાળો આપ્યો હતો જૈન સાધર્મિકોની સહાય કરવામાં હમેશ તત્પર રહેતા હતા અને અખિલ ભારત ધોરણે તે માટે યોજના થાય તે માટે ઘણા પ્રયત્નો કર્યા હતા ઉંઝા પાંજરાપોળ તેમજ ઉંઝા એજ્યુકેશન બોર્ડમાં પણ તેમણે સેવા આપી હતી ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે ગર્વમેન્ટે તેમની નીમણુંક કરેલી અને ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે પણ સુંદર સેવા આપી હતી. શ્રીમદ્ રાજચંદ્રના તેઓ અનન્ય ભક્ત હતા અને શ્રીમદ્ રાજચંદ્ર શતાબ્દિ મંડળના સક્રિય સભ્ય તરીકે પણ તેઓએ સેવા આપેલ.

આપણી સભાના સભ્ય બંધુઓને ભેટ આપવા માટે ઘણા વર્ષોથી તેમના તરફથી પંચાંગો મોકલાય છે. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા.

તેમના સ્વજનો ઉપર આવી પડેલ આ દુઃખમાં અમે પણ અમારી સમવેદના પ્રગટ કરીએ છીએ અને શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત ખીમચંદભાઈ ચાંપશી શાહનો નિવૃત્તિ સન્માન સમારંભ



આ સભાના પ્રમુખ અને ભાવનગર શ્વેતાંબર મૂર્તિપૂજક તપાસંઘના ઉપ-પ્રમુખ શ્રીયુત ખીમચંદભાઇ ચાંપશી શાહ (શાહ સાહેબ) ઈ. સ. ૧૯૫૨ના માર્ચમાં સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતામાં ઉચ્ચ પદેથી વય-મર્યાદાના કારણે નિવૃત્ત થયા કે તરત જ આ પ્રદેશના લોકનાયક સ્વ. બલવંતરાય-ભાઈ મહેતાનો આગ્રહ સ્વીકારી શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી (એસ એન. ડી. ટી) વિમેન્સ યુનિવર્સિટી સાથે સંલગ્ન મહિલા કોલે-જની (શ્રીમતી નર્મદાબાઇ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજની) ભાવનગરમાં સ્થાપના કરી. અને ત્યારથી ઇ. સ. ૧૯૭૪ સુધી (પૂરાં બાવીસ વર્ષ) તદ્દન અવેતન માનદ આચાર્ય પદે રહી પોતાના પુરુષાર્થ અને પ્રતિભાથી એ કોલેજની લોકહૃદયમાં તેમજ યુનિ.માં એક આગવી પ્રતિષ્ઠા ઊભી કરી. નાદુરસ્ત તબિયતના કારણે આચાર્ય પદેથી નિવૃત્ત થતાં કોલેજના ઉપક્રમે શ્રી ભાવનગર સ્ત્રી કેળવણી મંડળના સહકારથી તેમનો નિવૃત્તિ સન્માન સમારંભ તા. ૧૫-૨-૭૫ શનિવારના રોજ સાંજના ૪-૩૦ કલાકે કોલેજના પ્રાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ સમારંભમાં અતિથિવિશેષ પદે મુંબઈના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી અને ચિંતક શ્રી ચીમનલાલભાઈ ચકુભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા અને અધ્યક્ષસ્થાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને વિદ્વાન સાહિત્યકાર શ્રી યશવંતભાઈ શુકલે શોભાવ્યું હતું. આ પ્રસંગે કેળવણીમાં રસ લેતા સ્ત્રી પુરુષોની હાજરી ખાસ ધ્યાન ખેંચે તેવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓના મધુર સ્વરે ગવાયેલા એક સુંદર ગીતથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ આચાર્યશ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદીએ ઉપસ્થિત રહેલા સૌનું સ્વાગત કર્યું હતું. ડૉ. બાલકૃષ્ણ દુવે સંદેશા વાંચન કર્યું હતું. શ્રી શાહ સાહેબને શ્રદ્ધા અને આદરના પ્રતીકરૂપે વિદ્યાર્થિની પ્રતિનિધિસભાના સભ્યોએ પુષ્પ ગુચ્છ અર્પણ કર્યા હતા અને વિમેન્સ યુનિ. તરફથી ઉપસ્થિત રહેલા ડેપ્યુટી રજીસ્ટ્રાર શ્રી આઇ. એન. કાજી સાહેબ તથા એસ. એન. ડી. ટી. વિમેન્સ કોલેજના નિવૃત્ત આચાર્ય શ્રી. ડી. એસ. ફાટક સાહેબે યુનિ. વતી પુષ્પહાર કરી સન્માનના પ્રતીકરૂપ શાલ અર્પણ કરી હતી.

સૌરાષ્ટ્ર યુનિ. ના કુલનાયક ડૉ. ગૌરીભાઈ ભટ્ટે જ્યારે શાહસાહેબ સામળદાસ કોલેજમાં ગણિતના મુખ્ય પ્રાધ્યાપક હતા અને પોતે ગણિતના વિદ્યાર્થી હતા તે સમયને યાદ કરીને શાહ સાહેબની ગણિતના વિષય ઉપરની પક્કડ, શીખવવાની કુશળતા, વિદ્યાર્થીઓ પ્રત્યેની મમતા પરીક્ષક તરીકેની નિષ્પક્ષતા વગેરે ગુણોની પ્રશંસા કરી હતી. માજી કુલનાયક શ્રી હરભાઈ ત્રિવેદીએ શાહસાહેબ સૌરાષ્ટ્ર સરકારમાં કેળવણી ખાતામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ઉચ્ચ પદે હતા, ત્યારના પોતાના એક બે અંગત પ્રસંગોને વર્ણવી તેમની કાર્યદક્ષતા, કાર્યનિષ્ઠા અને સેવા** ભાવનાની પ્રશંસા કરી હતી. શ્રી કાજી સાહેબ તથા શ્રી ફાટક સાહેબે યુનિ.ની સિન્ડિકેટમાં, એકેડેમિક કમિટીમાં તથા વિધવિધ સમિતિઓમાં પોતાના બહોળા અનુભવના આધારે આપેલા પ્રદાનની પ્રશંસા કરી હતી. આપણી સભાના ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ મહેતાએ શ્રી જૈન આત્માનંદ સભાના પ્રમુખ તરીકે તથા અન્ય જૈન સંસ્થાઓમાં રહી જૈન સમાજની જે સેવાઓ કરી છે. તેનો પ્રશંસાયુક્ત ઉલ્લેખ કર્યો હતો. આચાર્યશ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીએ પોતાના વક્તવ્યમાં મુ. શાહસાહેબનાં સ્મરણોને તાજાં કર્યાં હતાં. ગીતાનો નિષ્કામ કર્મયોગ પોતાના જીવનમાં ઉતારનાર શ્રી શાહ સાહેબે વર્ષો સુધી વિનાવેતને તદ્દન માનદ્દ રીતે આ કૉલેજની રચના અને પ્રગતિમાં તેમજ યુનિ.ની વિવિધ સમિતિઓમાં કરેલા કાર્યને તેમણે બિરદાવ્યું હતું. શાહસાહેબના માનવીય ગુણો, નિઃસ્વાર્થ સેવા, પરોપકારી સ્વભાવ, નિરભિમાનતા, નિઃસ્પૃહતા વગેરેના પણ સૌ વક્તાઓએ ખાસ ઉલ્લેખો કર્યા હતા.

આ નિમિત્તે તૈયાર થયેલા તૈલચિત્રનું અનાવરણ અતિથિવિશેષ શ્રી ચીમનલાલભાઈએ કર્યું હતું. સન્માનપત્ર પ્રા. રજનીકાંત જોષીએ વાંચ્યું હતું. તે સુંદર હસ્તાક્ષરમાં લખાયેલું અને કલાત્મક સ્ટેન્ડમાં ગોઠવેલું શ્રી શાહસાહેબને અધ્યક્ષશ્રી યશવંતભાઈ શુકલે એનાયત કર્યું હતું. આ બંનેએ પોતાનાં પ્રવચનોમાં શ્રી શાહસાહેબની નિઃસ્વાર્થ સેવાઓને અંજલિ આપી હતી. કૉલેજના 'દક્ષિણા' વાર્ષિકના 'આચાર્ય કે. સી. શાહ ખાસ અંક'ની પ્રકાશન વિધિ તથા આચાર્ય ખીમચંદ ચાંપશી શાહ ફેલોશીપની જાહેરાત કરી તે માટેની રકમની અર્પણ વિધિ ભાવ. સ્ત્રી. કેળ. મંડળના પ્રમુખ શેઠશ્રી ભોગીલાલભાઈએ કરી હતી. તેમના પ્રવચનમાં તેમણે શાહસાહેબની જૈનસમાજની સેવાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે "શ્રી ખીમચંદભાઈએ આ કૉલેજ ઉપરાંત જૈન સમાજની પણ સારી સેવા કરી છે તેનો મારે ઉલ્લેખ કરવો જોઈએ. જૈનસમાજ માત્ર ધનનો ઉપાસક જ નથી, વિદ્યાનો પણ ઉપાસક છે. જૈન આત્માનંદ સભાનો વહીવટ શ્રી ખીમચંદભાઈ કેવી ઉત્તમ રીતે કરી રહ્યા છે તેની તો સૌને ખબર હશે."

શ્રી શાહ સાહેબે ગદ્ગદ કંઠે પોતાની લાગણી વ્યક્ત કરેલી. તેમણે કહ્યું કે 'મેં જે કાંઈ કરેલું છે તે કોઈના ઉપર ઉપકાર કરવાની દૃષ્ટિથી નહીં, બીજાનું ભલું કરવાના હેતુથી નહીં પણ મારા આત્માના આનંદ ખાતર કર્યું છે. તેમાં આભાર કે કોઈપણ જાતના વળતરની અપેક્ષા હોઈ શકે નહીં. 'મેં સાધારણ એવું જે કાર્ય કર્યું છે તેને આપે બહુ મોટું સ્વરૂપ આપી દીધું છે તેમ હું માનું છું. આ કાર્ય પણ હું મારા મિત્રો, સહકાર્યકરો અને યુનિ.ના અધિકારીઓના સહકારથી કરી શક્યો છું. તે સર્વેનો હું આ પ્રસંગે આભાર માનું છું."

કૉલેજ વિદ્યાર્થિની મંડળના મહામંત્રી કુ. રંજનબેન પટેલે આભાર વિધિ કર્યા બાદ સમારંભની પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગ નિમિત્તે કૉલેજની વિદ્યાર્થિનીઓએ આવેલા મહેમાનોના મનોરંજન અર્થે એક સુંદર મનોરંજન કાર્યક્રમ રાત્રિના સાડા સાત વાગ્યે ગોઠવ્યો હતો તથા ત્યારબાદ મહેમાનોની સાથે નાનો પણ સુંદર ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચિંતન કણિકા

લે. કિશોરલાલ ઘ. મશરૂવાલા.

આડે માર્ગે જવાની આપણને લાલચ થયા જ કરે છે. સત્ય અને ધર્મનો માર્ગ લાંબો, કઠણ, અવહેવારૂ, ગગનવિહારી જેવો લાગી આવે છે. જેમ ઘણીવાર રાજમાર્ગ કરતાં આડીઅવળી પાયદંડીઓ ટૂંકી હોય છે, તેમ અસત્ય અને અધર્મ ટૂંકા રસ્તા લાગે છે.

પણ આમ લાગવાનું કારણ આપણામાં કેળવાયેલી ખોટી ટેવો જ છે. અણઘડ શિક્ષકને વિદ્યાર્થીને મારવાનું જ મન થાય છે. બાળકને સુધારવાનો એ જ સહેલો ઉપાય તેને લાગે છે. કારણ, એમાં એને સંયમ પાળવો પડતો નથી, વિદ્યાર્થીનું માનસ તપાસવાની કે શિક્ષણ-શાસ્ત્રનો વિચાર કરવાની કડાકૂટમાં પડવું પડતું નથી. પણ આપણે જાણીએ છીએ કે જે એ રસ્તો છોડી દે છે અને શાસ્ત્રીય રીતે પોતાની કુશળતા વધારીને શિખવવાનો પ્રયત્ન કરે છે, તેને પાછા પહેલા માર્ગે જવું ગમતું જ નથી, અથવા જાય છે તો તેમાં પોતાનો ગુણ નથી સમજતો પણ ખામી સમજે છે. શાસ્ત્રીયમાર્ગ શુદ્ધ છે એટલું જ નહીં, પણ ટેવાયા બાદ વધારે સહેલો, કાર્યસાધક અને શિક્ષક તેમજ વિદ્યાર્થી બંનેને રોચક પણ લાગે છે.

આ જ નિયમ આપણે જીવનના બીજા વ્યવહારોમાં પણ જોઇ શકીએ છીએ. કોઇ સુતારને ખોટી રીતે ઓજાર પકડવાની ટેવ કે પીંજારાને ભૂલભરેલી રીતે પીંજવાની ટેવ પડી હોય, રમનારને ખોટી રીતે દડો પકડવાની ટેવ પડી હોય, પછી તેને કોઈ સાચી રીત બતાવવા જાય છે તો એ સાચી રીત એને વધારે કઠણ લાગે છે. શરૂઆતમાં સાચી રીતે કરવા જતાં એને નિષ્ફળતાયે આવે છે; થતું તેના કરતાં ઓછું કામ થાય છે. આથી એ ઘણીવાર 'મને પેલી જ રીત ફાવે છે' એમ કહી નવી રીત ગ્રહણ કરતો નથી. પણ જો ધીરજ રાખી નવી ટેવ પડવા દે છે તો એને અનુભવ થાય છે કે એની કાર્યશક્તિ વધી ગઇ, શ્રમ ઘટ્યો અને ખોટી રીત ગમે તેટલી ફાવી ગઈ હતી છતાં નવી રીત જ શ્રેષ્ઠ છે.

એ જ પ્રમાણે આપણને અસત્ય, અધર્મ, કપટ, હિંસા વગેરે આચરીને જ આપણાં કામો ઉકેલવાની ટેવ પડી હોવાથી સત્યનો, ધર્મનો, સરળતાનો, અહિંસાનો માર્ગ કઠણ અને નિષ્ફળ જનારો લાગે જ, અને અધર્મનો સહેલો માર્ગ લેવાનું થયા કરે. પણ આપણું કાર્ય સિદ્ધ કરવા પ્રયત્ન તો કરવો જ છે અને રીત પણ સાચી જ રાખવી છે એવો નિયમ કરીને સત્યને જ વળગવાની ટેવ પાડીએ તો છેવટે એ જ માર્ગ સીધો, સહેલો અને પહેલા કરતાં રતીભાર વધારે પરિણામદાયક છે, ઓછો નથી એમ અનુભવ આવશે. આનું પારખું લેવા એકદમ જગતનાં મોટાં કાર્યો ભણી જોવું ન જોઇએ પણ આપણા નિત્ય જીવનના વ્યવહારોમાં એનું પહેલું પારખું લેવું જોઇએ. એમાં આપણે જો ચીવટાઇથી ધર્મને માર્ગે રહીએ જ, અને એની ટેવ આપણને પડી જાય ત્યાં સુધીની અગવડો ભોગવી લઇએ તો એ અનુભવ થવાનો જ. પછી આપણી ખાતરી થવાની જ કે મોટાં કામો પણ એજ રીતે થાય તો ત્યાંયેય એજ માર્ગ સરળ થાય. આથી એમાં જ શ્રદ્ધા બેસવાની અને એની જ ટેવ કેળવવાની જરૂર છે.

('ગીતા વિષે સામાન્ય વિચાર'માંથી સાભાર)

# વીર વાણી

**સોનાની સાંકળ, મોતીની માળા અને હીરાના હાર ભલે ન હોય, સાત અથવા સિત્તેર માળની હવેલી અને તેમાં સુવર્ણનો હિંચકો ભલે ન હોય પણ આત્માનો પોતાનો અને જ્ઞાન, ચારિત્રનો અક્ષય ખજાનો જ્યાં વિદ્યમાન હોય ત્યાં જ સાચું સુખ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સાચું માનશો ?

૬૦ X ૫ = ૩૭૮

૬૦ X ૧૦ = ૭૫૭

દર મહિને નિયમિત રૂપિયા ૫/-

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના

રિકરિંગ ડિપોઝિટ ખાતામાં

બચાવવાથી ૬૦ માસને અંતે રૂપિયા ૩૭૮/- મેળવી શકાય.

આજે જ અમારી કોઇપણ શાખામાં

રિકરિંગ ડિપોઝિટ ખાતું

ખોલાવો અને આકર્ષક દરે વ્યાજ મેળવો.

# સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર - ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## સંસ્કૃત ગ્રંથો

| | રૂ. ન. પૈ |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ट्ठा | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. ,, ,, प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम्. | १०-०० |

●

## અંગ્રેજી ગ્રંથો

| | R. N.p. |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૪-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૫-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૩-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૩-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૧૬ બારસું અને લેખું | ૩-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૭-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬-૨૧ |
| કાચું બાઈન્ડીંગ | ૫-૨૧ |

નોંધ સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ -આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only